بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ **બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-મે-૨૦૧૯**

**શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક**

**હિજરી સન : ૧૪૪૦**

**વર્ષ : ૧૬, અંક : ૦૫, સળંગ અંક : ૧૮૫**

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**એડ્રેસ : બરકાતે ખ્વાજા (માસિક)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/– |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/– |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/– |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/– |


**: માનદ તંત્રી :**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ઈસ્લામ આશા તથા નિશ્ચય તથા હિંમતનો મઝહબ | 04 |
| 02 | બંદો કહે છે મારો માલ ! મારો માલ ! પણ હક઼ીક઼ત શું છે ? | 05 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 05 | શરહે હદાઈક઼ે બખ્શિશ | 16 |
| 06 | સીરતે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا | 18 |
| 07 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 21 |
| 08 | રાફઝી–શીઆ ફિર્ક઼ાની ગુમરાહીઓથી બચો ! | 25 |
| 09 | ઝકાત અને સદક઼ાતના ફાયદાઓ | 27 |
| 10 | ૨૫ મો ફિક઼્હી સેમીનાર તથા તેના ફૈસલાઓ | 29 |
| 11 | જીવન બંધારણ માટે એક મહાન કુર્આની નિયમ | 36 |
| 12 | રોઝો તૂટવા વિશે તથા ક઼ઝા કફ્ફારાના મસાઈલ | 41 |


રાહ પુર ખાર હૈ ક્યા હોના હૈ
પાઉં અફગાર હૈ ક્યા હોના હૈ
ખુશ્ક હૈ ખૂં કે દુશ્મને ઝાલિમ
સખ્ત ખૂંખાર હૈ ક્યા હોના હૈ
છુપકે લોગોંસે કિયે જિસકે ગુનાહ
વો ખબરદાર હૈ ક્યા હોના હૈ ?!
અરે ! ઓ મુજરિમ બેપરવા દેખ
સર પે તલ્વાર હૈ ક્યા હોના હૈ !
નફ્સે પુર ઝોરકા વહ ઝોર ઔર દિલ
ઝેર હૈ ઝાર હૈં ક્યા હોના હૈ
કામ ઝિન્દાં કે કિયે ઔર હમેં
શૌક઼ે ગુલઝાર હૈ ક્યા હોના હૈ
હાય રે ! નિંદ મુસાફિર તેરી
કુચ તૈયાર હૈ ક્યા હોના હૈ
દૂર જાના હૈ રહા દિન થોળા
રાહ દુશ્વાર હૈ ક્યા હોના હૈ
ઘર ભી જાના હૈ મુસાફિર કે નહીં ?!
મત યહ ક્યા માર હૈ, ક્યા હોના હૈ
જાન હલ્કાન હૂઈ જાતી હૈ
બાર સા બાર હૈ ક્યા હોના હૈ
પાર જાના હૈ નહીં મિલતી નાવ
રોઝ પુર ધાર હૈ ક્યા હોના હૈ
રાહ તો તેગ પર, ઔર તલ્વોં કો
ગિલએ ખાર હૈ, ક્યા હોના હૈ
રોશની કી હમેં આદત, ઔર ઘર
તીર વ તાર હૈ ક્યા હોના હૈ
બીચમેં આગ કા દરયા હાઈલ
ક઼સ્દ ઈસ પારસે ક્યા હોના હૈ
ઈસ કળી ધૂપ કો ક્યૂંકર ઝેલેં
શો'લાઝન નાર હૈ ક્યા હોના હૈ
હાએ બિગળી તો કહાં આકર નાવ !
અ઼યન મઝધાર હૈ, ક્યા હોના હૈ
કલ તો દીદાર કા દિન ઔર યહાં
આંખ બેકાર હૈ ક્યા હોના હૈ !
મુંહ દિખાને કા નહીં ઔર સહર
આમ દરબાર હૈ ક્યા હોના હૈ
ઉનકો રહમ આએ તો વરના
વો કળી માર હૈ ક્યા હોના હૈ
દિલ હમેં તુમસે લગાના હી ન થા
અબ સફર બાર હૈ ક્યા હોના હૈ
જાનેવાલોં પે યહ રોના કૈસા
બંદા નાચાર હૈ ક્યા હોના હૈ
ક્યૂં **'રઝા'** કુળહતે હો, હસતે ઉઠો !
જબ વો ગફ્ફાર હૈ, ક્યા હોના હૈ !

❀ **અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ ❀

# ઈસ્લામ

## આશા તથા નિશ્ચય તથા હિંમતનો મઝહબ

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી-મુંબઈ

ઈસ્લામ ધર્મ દરેક હાલતમાં ઉમ્મીદ, હિંમત, નિશ્ચય તથા હોસલો રાખવાની તા'લીમ આપે છે. મુસીબત, દુઃખ, દર્દ, પરેશાની, બીમારી તથા ગરીબીની તકલીફોમાં રહમતે ખુદાવંદીથી નિરાશ થવાની જરૂરત નથી, બલ્કે તેના ફઝ્લો કરમથી આશા રાખો. આમ પણ ખુદાની રહ્‌મતથી નિરાશ થવું એ મો'મિનોનું કામ નથી. સંજોગો ગમે તેવા અકથ્ય હોય અને બદથી બદતર કેમ ન હોય પણ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી સારી આશા રાખવી જોઈએ. રબ ચાહે તો પળવારમાં સંજોગોને ખુશગવાર બનાવી શકે છે. તે એવો કાદિરે મુત્લક છે કે વેરાન તથા વિશાળ રણોને સમેટી દે છે અને ઊંચા ઊંચા પહાડોની ટોચોને જમીનમાં પાડી દે છે, સમુદ્રોમાં રસ્તા બનાવી દે છે અને અલ્લાહની મરજીથી સિંહ જેવું આદમખોર પ્રાણી પણ સફીનાને માર્ગ બતાવે છે. બસ શર્ત એ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની જાત પર સંપૂર્ણ ઈમાન તથા યકીન હોય.

કુર્આન મુકદ્દસમાં છે : ''તો ફર્માવો હે મારા તે બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો (ગુનાહોમાં પડીને), અલ્લાહની રહ્‌મતથી નિરાશ ન થાવ. અલ્લાહ સર્વ ગુનાહો માફ કરી આપે છે (તેના જે કુફ્રથી દૂર રહે) બેશક ! તે જ માફ કરનાર મહેરબાન છે.'' *(સૂ. ઝુમર, આ. ૫૩)*

આમાં એવી તા'લીમ આપવામાં આવી છે કે બંદાઓએ અલ્લાહની રહ્‌મતથી નિરાશ થવું ન જોઈએ. બેશક ! અલ્લાહ રહમો કરમ ફર્માવનારો છે અને તે સર્વ ગુનાહ બખ્શી આપે છે. આના હેઠળ હઝરત વહશીના ઈસ્લામ સ્વીકારનો બનાવ દલીલ રૂપે રજૂ કરી શકાય છે, જેમણે સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہની શહાદતનો કફ્ફારો જૂઠા નબુવ્વતનો દાવેદાર મુસૈલમા કઝ્ઝાબને કત્લ કરીને અદા કર્યો હતો.

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامની એ સુન્નત હતી કે તે એકલા ખાવા ખાતા ન હતા. કેટલાય દિવસોથી કોઈ મહેમાન ન આવ્યો તો આપે રોઝા રાખી લીધા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફરિશ્તાઓને મહેમાન બનાવીને પોતાના ખલીલને ત્યાં મોકલ્યા જેથી તે ખાવા ખાય લે. એનું વર્ણન કુર્આન પાકમાં આ રીતે છે : ''પછી જ્યારે જોયું કે તેમના હાથ ખાણાની તરફ નથી પહોંચતા, તેમને ઉપલકિયા (**Extra ordinary**) સમજ્યા અને મનમાં ને મનમાં તેમનાથી ડરવા લાગ્યા. બોલ્યા, ડરો નહીં ! અમને કૌમે લૂતની તરફ મોકલવામાં આવ્યા છે. અને તેમના પત્ની (હઝરત સારા પર્દા પાછળ) ઉભેલાં હતાં તે હસવા લાગ્યાં. તો અમે તેમને (તેમના ફરઝંદ) ઈસ્હાકની ખુશખબરી આપી અને ઈસ્હાકની પાછળ (હઝરત ઈસ્હાકના ફરઝંદ) યાકૂબની.''

*(સૂ. હૂદ, પારા : ૧૨, આ. ૭૧)*

મુહદ્દિષોએ તેનાં વિવિધ પાસાંઓને વર્ણન કરેલ છે. જેમ કે : હઝરત સારાને ખુશખબરી આપવાનું એક કારણ એ હતું કે ઔલાદની ખુશી સ્ત્રીઓને મર્દો કરતાં વધુ હોય છે.

તેમજ એ પણ સબબ હતો કે હઝરત સારા رضی اللہ عنہاને કોઈ ઓલાદ ન હતી. અને હઝરત ઈબ્રાહીમ علیہ السلامને પ્રથમ પત્નીથી હઝરત ઈસ્માઈલ علیہ السلام મૌજૂદ હતા. આ બશારતના હેઠળ એક બશારત એ પણ હતી કે હઝરત સારાની ઉમર આટલી લાંબી થશે કે તે પૌત્રને પણ જોશે. આ આયતના થકી અલ્લાહ પાક પોતાની કુદરતનો ઈઝહાર (પ્રદર્શન) પણ કરી રહ્યો છે. એ વખતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامની ઉમર લગભગ ૧૨૦ વરસ અને હઝરત સારા رضی اللہ عنہاની ઉમર લગભગ ૮૦ કે નેવુ વરસ હતી. એવામાં ઔલાદનું થવું એ એક યકીન ન થઈ શકે તેવી બાબત છે, પણ અલ્લાહની કુદરતથી કોઈ ચીજ અશક્ય નથી. જાણે અલ્લાહ પાક પોતાના બંદાઓને દર્સ આપી રહ્યો છે કે સંજોગો ગમે તેવા (વિપરિત) કેમ ન હોય, અલ્લાહની જાત પર કામિલ યકીન રાખવું જોઈએ.

ગુનાહ પછી અકડવાને બદલે શર્મિંદગીના એહસાસની સાથે તૌબા પર કાયમ રહો. નેકી કરીને ડરતા રહો કે નેકી રદ ન થઈ જાય ! અને ગુનાહોથી તૌબા પછી કબૂલિયતની ઉમ્મીદ પણ રાખો. હદીષે પાકમાં છે કે અલ્લાહની રહ્‌મત તેના ગઝબ પર ગાલિબ (છવાયેલી) છે. અલ્લાહની જાતથી સંપૂર્ણપણે આશાવાદી બનો. સૂફિયાએ કિરામ ફર્માવે છે કે જો એવો ખ્વાબ જોવામાં આવે જેની તાબીર નુકસાનકર્તા હોય, તો પણ અલ્લાહને કહો કે, હે અલ્લાહ ! મને તારી રહીમી તથા કરીમી પર ભરોસો છે, તું જ છે જે મને આ મુસીબતથી છૂટકારો આપી શકે છે.

અમુક મુફસ્સિરોએ ફર્માવ્યું કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હઝરત યૂસુફ علیہ السلامને પોતાના પિતાથી એટલા માટે દૂર કર્યા કે તેમણે પોતાના ડરને અલ્લાહની રહ્‌મત પર જગા આપી. એટલા માટે હઝરત યાકૂબ علیہ السلامને જુદાઈનો ગમ આપવામાં આવ્યો. દર્સ રૂપે વર્ણવેલ બાબતને પ્રદર્શિત કરવામાં આવી છે જેથી બંદો એકાંત કે જાહેરમાં, સફરમાં કે ઉતારે, ખુશી કે ગમમાં, તંદુરસ્તી તથા બીમારી અને અમીરી તથા ગરીબીમાં અલ્લાહનો શુક્ર અદા કરે અને અલ્લાહની જાતથી બેહતર ઉમ્મીદ રાખે. ફર્માવવામાં આવ્યું, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના બંદાઓના ગુમાનના પ્રમાણે ફેંસલો કરે છે એટલા માટે અલ્લાહ પાકથી દરેક હાલતમાં બેહતરીન જ ઉમ્મીદ રાખવી જોઈએ. અલ્લાહ પાક આપણને સૌને તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી-મુંબઈ, મે-૨૦૧૯)*

# બંદો કહે છે મારો માલ ! મારો માલ !

## પણ હક઼ીકત શું છે ?



તંત્રી લેખ..

વર્તમાન સમયમાં દુનિયાના લોકોનું નિરીક્ષણ કરીએ તો જોવા મળે છે કે સવારમાં આંખ ઉઘડતાથી લઈને રાતે ઊંઘ આવતાં સુધી માણસો મોટાભાગે દુનિયાના માલને મેળવવાની, તેને ભેગો કરી લેવાની, તેને સાચવવાની ફિકર ચિંતા તથા કોશિશમાં સતત લાગેલા રહે છે તથા તેની જ ભાગદોડમાં રહે છે. આ માલને જમા કરવાની મહોબ્બતમાં તે ક્યારેક સર્વ મહોબ્બતોને નેવે ચઢાવી દે છે. તે પછી માબાપની મહોબ્બત હોય, ભાઈ બહેનોની હોય, સગાંઓની હોય કે મિત્રોની હોય, બલ્કે કેટલાક બદબખ્ત તો દીન ધર્મની મહોબ્બતને પણ પાછળ છોડીને માલની મહોબ્બતમાં એટલા આગળ નીકળી જાય છે કે બસ જિંદગીનો હેતુ કેવળ માલને જમા કરવો એટલો જ સમજવા લાગે છે ! અને રોજ ઉઠીને કેવળ દુનિયાની જ ચિંતા, તેની જ હાય હાયમાં રચ્યા પચ્યા રહેવું અને આખેરતનો ખયાલ પણ ન લાવવો, ન ખુદાનો ડર ન રસૂલની શરમ ! બસ, લગાતાર દુનિયા પાછળ જ લાગેલા રહેવું, ન હરામની ફિકર ન હલાલની પરવા ! આવી જિંદગી કોઈ ખુદા વ રસૂલ પર, ક઼બ્ર પર, ક઼યામત પર, અઝાબ સવાબ પર, જન્નત તથા જહન્નમ પર જેનું ઈમાન જ ન હોય તેની હોય તો તો ધૂળ વાળી ! પણ એક ઈમાનવાળા મુસલમાનની જિંદગી તો આવી હોવી જ ન જોઈએ.

### ક઼યામતમાં પાંચ સવાલના જવાબ વિના છૂટકારો ન થશે !

પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! તિર્મિઝી શરીફની હદીષમાં છે કે, "ક઼યામતના દિવસે કોઈ માણસના ક઼દમ ત્યાં સુધી ક઼યામતના મેદાનથી હટી શકશે નહીં, જ્યાં સુધી તેને પાંચ ચીજોના બારામાં સવાલ ન થઈ જાય. **પ્રથમ સવાલ** : ઉમર કયા કામમાં પસાર કરી ? **બીજો સવાલ** : જવાની કયા કામમાં ગુજારી ? **ત્રીજો સવાલ** : માલ ક્યાંથી કમાયો ? **ચોથો સવાલ** : માલ ક્યાં ખર્ચ કર્યો ? **પાંચમો સવાલ** : પોતાના ઈલ્મ પર કેટલો અમલ કર્યો ? આ સવાલો જ્યાં સુધી થઈ નહીં જાય ત્યાં સુધી તેને ક઼યામતના મેદાનથી હટવા દેવામાં નહીં આવે ! *(જામિઉત્તિર્મિઝી, હદીષ-૨૪૧૬, ૨૪૧૭)*

**મુસલમાનો** ! કઈ ધૂનમાં દોડાદોડી, હોંસાતોસી અને ખેંચાખેંચી ઝઘડા ફસાદ કરી રહ્યા છો ?! શું આ સવાલોના જવાબો આપવાની તૈયારી તથા હિંમત છે તમારી ?! શું વિચાર્યું છે આ સવાલો બાબતે ? છે તમારા જીવનની એવી રોજનીશી કે આ સવાલોના જવાબો સંતોષકારક આપીને રબના ગઝબથી બચી શકો ?! આપણામાંના મોટાભાગનાની સ્થિતિ એ છે કે આ સવાલો વખતે ન જીભ ઉપડી શકશે ન નજર ઉઠી શકશે ! ઈલ્લા માશા અલ્લાહ ! તો હવે આપણે શું કરવું જોઈએ ? જો દુનિયાની કોઈ તકલીફ આવવાની ખબર પડી જાય, પાણીના

પુરની કે આંધી તોફાનની કે દુશ્મનોના હુમલાની કે કોઈ ભયાનક બીમારીની ખબર પડી જાય તો આપણે તેનાથી બચવાના ઉપાયો માટે ભાગદોડ કરી મૂકીએ છીએ. સાચી વાત કે નહીં ?! જ્યારે એ સમાચાર તમને કોઈ ફાસિક઼, ફાજિર કે કાફિર પણ ભલે આપે, છતાં તેની ચિંતામાં તે મુસીબતના નિવારણ માટે તત્કાલ પગલાં ભરવા લાગી જઈએ છીએ ! પણ સાંભળો ! ઉપરની ક઼યામત વિશેની ખબર તો અલ્લાહ અને તેના પ્યારા ગયબદાં રસૂલ ﷺ આપી રહ્યા છે, છતાં આપણે નચિંત છીએ ! આપણે પોતાની જાતને જો બુધ્ધિશાળી સમજતા હોઈએ તો વિચારો કે આ ગમે ત્યારે ખત્મ થનારી દુનિયા પાછળ જ ભાગ્યા કરવું જોઈએ કે હમેશાં રહેનારી આખેરતની જિંદગીને સમારવામાં લાગવું જોઈએ ?!

તો છૂટકારાનો માર્ગ એક અને એક જ છે કે બધા ભરમોનો ત્યાગ કરીને આ પાંચ સવાલોના વ્યવસ્થિત જવાબો આપી શકાય એવા જીવન માટે ખુદાનો ડર દિલમાં પેદા કરીએ અને સર્વ ગુનાહોથી તૌબા કરીને એ સવાલોના સારા જવાબો આપી શકીએ તેની તૈયારીમાં લાગી જઈએ. અલ્લાહ તૌબા કરનારને માફ કરે છે અને તેને મહાન બશારત આપતાં ફર્માવે છે : وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ **''અને જે પોતાના રબની સમક્ષ ઉભા રહેવાથી ડર્યો તેના માટે 'બે જન્નતો' છે.''** *(સૂ. રહમાન, ૫૫/૪૬)* કેટલો મહેરબાન છે આપણો રબ ! તો રમઝાન મુબારકની મુબારક પળોમાં આજે જ અને હમણા જ પાછલી ગુનાહિત જિંદગીથી રડી રડીને તૌબા કરી લો અને શરીઅતના પાબંદ બની જાવ ! અલ્લાહ પાક મને, તમને સૌને એ તૌફીક઼ બખ્શે. (આમીન)

## દુનિયામાં બંદાનું કાંઈ જ નથી ! મારું મારું ક્યાં સુધી ?!

હવે મૂળ વિષય પર આવીએ કે બંદો જે કહે છે કે ''મારો માલ ! મારો માલ !'' પણ અલ્લાહના રસૂલ, માલિકે દો જહાં ﷺ શું ફર્માવે છે તે સાંભળો !

સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂરે અક઼દસ ﷺ ફર્માવે છે : ''બંદો કહે છે મારો માલ ! મારો માલ ! પણ તેને તો તેના માલથી ત્રણ જ પ્રકારે ફાયદો છે : (૧) જે ખાયને નષ્ટ કરી નાખ્યું. (૨) પહેરીને જૂનુ કરી નાખ્યું. (૩) (રાહે ખુદામાં) આપી દઈને આખેરતના માટે સંગ્રહ કર્યો. અને તેના સિવાયનું (દુનિયાથી) જનાર બીજાઓ માટે મૂકતો જશે.

બુખારી તથા નિસાઈ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, ''તમારામાં કોણ એવો છે કે તેને પોતાના વારસદારનો માલ પોતાના માલ કરતાં અધિક પ્રિય છે ?'' સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાં કોણ એવો નથી જેને પોતાનો માલ અધિક પ્રિય ન હોય ?! આપ ﷺએ ફર્માવ્યું, ''પોતાનો માલ તો એ છે કે આગળ રવાના કરી આપ્યો, અને જે પાછળ છોડી ગયો તે તો વારસદારનો માલ છે.''

તો આના પરથી ''મારું મારું'' કરનારાઓ જો ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ પર મજબૂત ઈમાન ધરાવે છે તો અહીં સમજી લો કે તમારું તો તે જ છે જે રાહે ખુદામાં ખર્ચી કાઢ્યું, બાકીનું જે રહી જશે તે તો વારસદારોનું છે, અને એ માલને તેઓ ક્યા માર્ગે વાપરશે તે તો ખુદા જ જાણે ! જેથી રસૂલે પાક ﷺના આ ફર્માનોને વારંવાર વાંચી ગંભીરતાથી તમારા માલને તમારો બનાવવો હોય તો રાહે ખુદામાં ખર્ચતા રહો. દુનિયાનાં કામો શાદી કે પાર્ટીઓ કે મોજ મજા પાછળ, મહેલો રાજમહેલો જેવા બંગલાઓની સજાવટ પાછળ આંખો મીચીને

માલ વપરાય છે એની સરખામણીમાં ખુદાની રાહમાં ખર્ચ કરવા માટે થોડો માલ કાઢતાં પણ જાણે જીવ નીકળી જાય છે ! તો વિચારોને બદલો જો તમો આખેરત પર ઈમાન ધરાવો છો તો !

## રાહે ખુદામાં ખર્ચ કરવા ન કરવાના લાભાલાભ

સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, "કોઈ દિવસ એવો નથી જેમાં સવાર થતાં જ બે ફરિશ્તા નાઝિલ થાય છે અને તેઓ પૈકી એક કહે છે, **હે અલ્લાહ ખર્ચ કરનારને બદલો આપ** ! અને બીજો કહે છે, **હે અલ્લાહ ! રોકનારના માલને નષ્ટ કર !**

સહીહૈનમાં છે કે હુઝૂરે અક્દસ ﷺએ અસ્મા رضی اللہ عنہاથી ફર્માવ્યું, "ખર્ચ કર અને ગણત્રી ન કર ! એટલા માટે કે અલ્લાહ તઆલા ગણીને આપશે. અને બંધ ન કર કે અલ્લાહ તઆલા પણ તારા પર (પોતાની કૃપા) બંધ કરી દેશે. કાંઈ આપ જેની તારામાં શક્તિ હોય"

સહીહૈનમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે **અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે આદમની ઔલાદ ! ખરચ કર ! હું તારા ઉપર ખર્ચ કરીશ.**

સારાંશ કે માણસે યથાશક્તિ રાહે ખુદામાં એટલે જરૂરતમંદોમાં, દીની કામોમાં, મુસીબતઝદાની મુસીબત દૂર કરવામાં ખર્ચવું જોઈએ તો રબનો વાયદો છે કે તે અધિક આપશે. અને રબનો વાયદો કદી જૂઠો નથી હોઈ શકતો. وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰی عَلَی اللّٰہِ کَذِبًا "એનાથી વધારે જાલિમ કોણ જે અલ્લાહ પર જૂઠ બાંધે !" *(સૂ. અન્આમ, ૬/૨૧)*

જે લોકો માલદાર છે તેઓ આ હદીષ વાંચીને ચેતી જાય અને ભલાઈ ચાહતા હોય તો રસૂલે પાક ﷺના ફર્માન પર અમલ કરે. સહીહૈનમાં અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે : હું હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને હુઝૂર કા'બા શરીફના છાંયડામાં બેસેલા હતા. મને જોઈને ફર્માવ્યું, કા'બાના રબની કસમ ! તે ખોટમાં છે ! મેં અર્ઝ કરી, મારાં માબાપ આપના પર કુર્બાન ! તે કોણ લોકો છે ?! આપ ﷺએ ફર્માવ્યું, અધિક માલવાળા ! પરંતું જેઓ આવી રીતે અને આવી રીતે અને આવી રીતે કરે, આગળ પાછળ, જમણે ડાબે. અર્થાત દરેક પ્રસંગે (રાહે ખુદામાં) ખર્ચ કરે. અને એવા લોકો ઘણા ઓછા છે.

આ હદીષ પણ ખૂબ જ બોધદાયક છે. સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, એક માણસ જંગલમાં હતો. તેણે વાદળમાં એક અવાજ સાંભળ્યો કે ફલાણાના બગીચાને તૃપ્ત કરી દે. તે વાદળ એક ખૂણામાં થઈ ગયું અને તેણે પાણી પથરાળી જમીનમાં વરસાવ્યું અને એક નાળાએ તે સઘળુ પાણી લઈ લીધું. તે માણસ પાણીની પાછળ થઈ ગયો. એક માણસને જોયો કે પોતાના બગીચામાં પાવડા વડે પાણી ફેરવી રહ્યો છે. તેણે કહ્યું, હે અલ્લાહના બંદા ! તારું નામ શું છે ? તેણે કહ્યું, હે અલ્લાહના બંદા તું મારું નામ શા માટે પૂછે છે ? તેણે કહ્યું મેં વાદળોમાંથી કે જેનું પાણી આ છે, એક અવાજ સાંભળ્યો કે તારું નામ લઈને કહે છે કે ફલાણાના બગીચાને તૃપ્ત કરી આપ ! તો તું શું કરે છે ?! (કે તારું નામ લઈને પાણી મોકલવામાં આવે છે) તેણે જવાબ આપ્યો કે જે કાંઈ પેદા થાય છે તેમાંથી એક તૃતિયાંશ (૧/૩) ખૈરાત કરું છું, એક તૃતિયાંશ (૧/૩) હું અને મારા બાળ બચ્ચાં ખાઈએ છીએ અને એક તૃતિયાંશ (૧/૩) વાવણી માટે રાખુ છું." *(બહારે શરીઅત, ભાગ–૫)*

વિચારો ! ન એનું બિયારણ કદી ફેઈલ જાય છે ન એની ફસલ કદી ખરાબ થાય છે. કેમ ?! એ જ કારણ જે આપે હદીષમાં વાંચ્યું. **આજે મોટાભાગના લોકો "ખેતીની ઝકાત (ઉશ્ર)"ને કાઢતા જ નથી** (પિયત હોય તો પાંચમો ભાગ અને બિન પિયત હોય તો ઉપજમાંથી દસમો ભાગ) અને પછી ખેતી ફેઈલ જવાની ફરિયાદો કરે છે તો એ વ્યાજબી છે ?!

એકવાર હું એક ભાઈને ત્યાં બેઠો હતો. તેઓ ચીભડાં, ભીંડા, રીગણાં... વગેરેની ખેતી કરતા હતા. તો માલના પોટલાં બંધાયને જઈ રહ્યાં હતાં. મેં પૂછ્યું કે તમે રોજ કેટલો માલ ચઢાવો છો ? તો કહ્યું, ચીભડાં આટલા ! ભીંડા આટલા ! આટલુ આ...વગેરે. મેં કહ્યું તેનું 'ઉશ્ર' કાઢો છો ? તો મને કહ્યું, એ વળી શું ? તો મેં કહ્યું ઉશ્ર આટલા વજન પર આટલુ કાઢવું, ઝકાતની જેમ વહેંચવું. તો ગમ્મતમાં કહેવા લાગ્યા, "ભાઈ ! તમે અહીં આવશો નહીં યાર ! તમે તો ખોટમાં લાવો !" કહેવાનો મતલબ કે આ નીતિ છે તો પછી બર્બાદી ન આવે તો શું આવે ? શરીઅતના મસ્અલાથી આંખ આડા કાન કરાય છે !

બયહક઼ી શોઅબુલ ઈમાનમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સખાવત જન્નતમાં એક વૃક્ષ છે, જે સખી છે તેણે તેની ડાળ પકડી લીધી છે. તે ડાળી તેને છોડશે નહીં જ્યાં સુધી જન્નતમાં દાખલ ન કરી લે. અને કંજૂસી જહન્નમમાં એક વૃક્ષ છે, જે કંજૂસ છે તેણે તેની ડાળી પકડી લીધી છે. તે ડાળી તેને જહન્નમમાં દાખલ કર્યા વગર છોડશે નહીં.

## સદક઼ાના પ્રકારો તથા તેના અઘધ ફાયદા !

પહેલાંના સમયમાં મુસલમાનોમાં એ રિવાજ હતો કે કોઈ બીમાર પડે અથવા કોઈ પણ અચાનક આપત્તિ આવી ચઢે તો તરત પ્રથમ સદક઼ો કરતા, સદક઼ો કરવાનું કહેતા પછી ડોકટર પાસે જતા કે તકલીફનો ઈલાજ શોધતા. કારણ કે તેઓનું આ હદીષ પર પાકુ ઈમાન હતું. રાઝીને અલી رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, **સદક઼ામાં ઉતાવળ કરો કે મુસીબત સદક઼ાને ઓળંગતી નથી.**

સદક઼ો કેટલી રીતે થાય છે તે જુઓ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, દરેક મુસલમાન પર સદક઼ો છે. લોકોએ અર્ઝ કરી કે જો ન પામે તો ? ફર્માવ્યું, પોતાના હાથથી કામ કરી પોતાને લાભ પહોંચાડે અને સદક઼ો પણ આપે. અર્ઝ કરી, જો શક્તિ ન હોય અને સદક઼ો ન આપે તો ? ફર્માવ્યું, હાજતમંદ પરેશાન માણસની સહાયતા કરે. અર્ઝ કરી, જો તે પણ ન કરી શકે તો ? આપે ફર્માવ્યું, નેકીનો હુકમ કરે. અર્ઝ કરી, એ પણ ન કરી શકે તો ? ફર્માવ્યું, **પોતે બુરાઈથી બચીને રહે કે એ જ તેના માટે સદક઼ો છે.**

હદીષમાં છે : બે માણસમાં ન્યાય કરવો સદક઼ો છે, કોઈ જાનવર પર (ગાડી કે બસ પર) સવાર થવામાં મદદ કરી આપવી અથવા તેનો સામાન ઉપાડી લેવો, અને જે ક઼દમ નમાઝની તરફ ચાલશે તે સદક઼ો છે, રસ્તામાંથી તકલીફ આપનાર ચીજ ઉઠાવી લેવી સદક઼ો છે, નેકીનો હુકમ કરવો બુરાઈથી રોકવું, રસ્તો બતાવવો, કમજોર દૃષ્ટિવાળાને મદદ કરવી, માર્ગમાંથી પથ્થર, કાંટા હાડકાં વગેરે દૂર કરવું, પોતાની ડોલમાંથી બીજા ભાઈની ડોલમાં પાણી નાખવું, પોતાના પરિવાર પર ખર્ચ કરવું, વૃક્ષારોપણ કરવું, ખેતી વાવવી તેમાંથી માણસ કે પક્ષી કે ચો પગાએ ખાધુ તે સદક઼ો છે. *(બહારે શરીઅત,ભાગ-૫)*

આજે તો "મારું ! મારું ! મારુ આંગણુ ! મારું ઘર !" કરી કરીને લોકો આંગણા સાંકડાં કરતા જાય છે, **મકાનને હદથી વધારે બાંધી તો લે છે ઉપરથી આંગણા સામે પાળીઓ તથા ખૂંટો કે આડસો એવી રીતે મૂકે છે કે રસ્તેથી પસાર થનાર તેના ઘરથી ખૂબ છેટે રહીને જાય ! લોકો તકલીફો વેઠતા વેઠતા મનમાં ઘરવાળાથી નફરત કરતા કરતા જાય ! કોઈ બદ દુઆ પણ કરતા કરતા જાય ! એ પરિસ્થિતિ સર્જાયી છે.** પણ મુસલમાન છો, આશિકે રસૂલ છો, તો તમારા પ્યારા આકા, આપણા પ્યારા નબી ﷺનું ફર્માન દિલથી વાંચો. **આ ખોબા જેટલુ ઘર અને બે પાંચ ફુટનું આંગણુ કબજે રાખીને શું ફાયદો પામશો ?** જુઓ લોકોને રાહત આપવાનું ઈમાન કેટલુ મહાન છે !

સહીહૈનમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "એક વૃક્ષની ડાળી રસ્તાની વચ્ચે હતી. એક માણસ ગયો અને કહ્યું કે હું તેને મુસલમાનોના રસ્તાથી હટાવી દઈશ કે તેમને તકલીફ ન પડે. **તો તેને જન્નતમાં દાખલ કરી દેવામાં આવ્યો.**

હદીષમાં છે : ★ સદકો અલ્લાહના ગઝબને ઠંડો કરી આપે છે અને બુરા મૌતને દફેઅ કરે છે. ★ જે મુસલમાન પોતાના સઘળા માલમાંથી અલ્લાહની રાહમાં જોડુ ખર્ચ કરે તો **જન્નતના દરબાન તેનું સ્વાગત કરશે.** દરેક તેને પોતાની તરફ બોલાવશે. અર્ઝ કરવામાં આવી, તેની શું રીત છે ? ફર્માવ્યું, જો ઊંટ આપે તો બે ઊંટ, ગાય આપે તો બે ગાય. ★ ફર્માવ્યું, મુસલમાનનો છાંયડો કયામતના દિવસે તેનો સદકો થશે. ★ આપવામાં પ્રથમ પોતાના પરિવારથી શરૂ કરો પછી બીજાઓને આપો, કેમ કે મિસ્કીનને સદકો આપવો કેવળ સદકો છે જ્યારે કે સગાં સંબંધીને આપવું સદકો ઉપરાંત સિલએ રહમી (સગાંથી સદવર્તાવ કે જેનો તાકીદ હુકમ છે) છે.

તિબ્રાની તથા બયહકી હસન બસરી رضی اللہ عنہથી મુરસલન રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે **અલ્લાહ ફર્માવે છે :** "હે આદમની ઔલાદ ! પોતાના ખજાનામાંથી મારી પાસે કાંઈ જમા કરી દે, તે ન બળશે, ન ડૂબશે, ન ચોરાય જશે. હું તને પૂરેપૂરું વળતર આપીશ, તે સમયે કે જ્યારે તું તેનો અધિક મોહતાજ હશે." મુસલમાનો ! કેટલો મહાન તથા લાભદાયી વાયદો તે પણ તમારા રબનો છે ! તો માલને પકડી પકડીને ન રાખો, સદકા, ખૈરાત, ઝકાતને કાઢતા રહો.

ગરીબો પણ સદકો કાઢે અને રાહે ખુદામાં આપે, જે બને તે પણ આપે, કારણ કે તેમના માટે રસૂલે પાક ﷺની બશારત છે. હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, "એક દિરહમ લાખ દિરહમ કરતાં વધી ગયો !" અર્ઝ કરી, એવું કેવી રીતે યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું, એક વ્યક્તિની પાસે અઢળક ધન છે તેણે તેમાંથી લાખ દિરહમ લઈને સદકો કર્યો અને એક વ્યક્તિની પાસે ફક્ત બે જ દિરહમ છે તેણે તેમાંથી એક દિરહમ સદકો કરી દીધો. (આ રીતે તેનો એક દિરહમ લાખ દિરહમથી વધી ગયો.)

હદીષમાં છે કે, "માણસ જ્યારે કાંઈ પણ સદકો કાઢે છે તો સિત્તેર શૈતાનનાં જડબાં ચીરીને કાઢે છે." વિચારો ! તો અલ્લાહ કેટલો ખુશ થતો હશે અને શૈતાન કેટલો નિરાશ થતો હશે.

## ઝકાત કાઢવા પ્રત્યે ગંભીરતાથી સહીહ હિસાબ કરીને કાઢો

માલનો લોભ તથા લાલચ માણસને ખુદાની રાહમાં ખર્ચ કરવાથી રોકતો રહે છે. શૈતાન તેને બહેકાવતો રહે

છે કે અરે ! આ રીતે તો તારો માલ ઓછો થઈ જશે ! તેં તો કેટલી મહેનતથી કમાયો છે !.... વગેરે પણ યાદ રાખો, જે રબે આપણને જીવન આપ્યું છે તેણે જ બુધ્ધિ, શક્તિ, ધન દૌલત, માલ, ઈજ્જત, કાબેલિયતો સર્વ કાંઈ આપ્યું છે. તો હવે તેના જ આપેલામાંથી તેની જ રાહમાં આપવાનું છે, તે પણ આપવાથી માલ વધશે તેવા તેના વાયદા સાથે આપવાનું છે, જેથી શૈતાનની શરારતો તથા અક્કલના ઘોડા પર સવાર થઈને ઝકાત સદકાથી હાથોને રોકવા એ મૂર્ખામી તથા બંને જહાનની તબાહીનો સબબ છે. વળી સદક઼ાની ફઝીલતો જે આપે વાંચી તે નફલી સદક઼ાની છે, તો પછી ફર્ઝ સદક઼ો એટલે કે "ઝકાત"ની ફઝીલત તો કેટલી મહાન હશે.

ઘણી બહેનો પાસે અનેક તોલા સોનુ ચાંદી તથા બેંકોમાં રકમો જમા હોય છે. એ જ રીતે ભાઈઓ પાસે રૂપિયા, પૈસા, વેપારનો સામાન વગેરે હોય છે, પણ ગંભીરપણે ગણીને કુલ કેટલી ઝકાત કાઢવી તે વિચારતા નથી અને અધ્ધર અમુક રકમ કોઈ લેવા જાય તો આપી દે છે અને પૂરી ઝકાત નીકળતી નથી છતાં ગફલતમાં રહે છે. તેઓને નસીહત માટે છેવટમાં અમુક અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માન રજૂ કરીએ છીએ.

અલ્લાહ عَزَّوَجَلَّનું ફર્માન છે : "જે લોકો સોનુ તથા ચાંદી જમા કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા, તેમને **દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો** જે દિવસે જહન્નમની આગમાં તેમને ગરમ કરવામાં આવશે અને તેમના વડે તેમની **પેશાનીઓ** તથા **પાસાંઓ** તથા **પીઠોને ડામ દેવામાં આવશે.** (અને તેમને કહેવામાં આવશે) આ તે છે જેને તમે તમારા નફસના માટે જમા કર્યું હતું તો હવે ચાખો (તેનો સ્વાદ) જે તમો જમા કરતા હતા." *(સૂ. તૌબા, આ. ૩૪-૩૫)* હવે જેનામાં હિંમત હોય કે જહન્નમની આગમાં તપાવેલ માલ, સોના ચાંદીના ડામ વેઠે તે ઝકાત આપવાથી દૂર ભાગતુ રહે.

હદીષે પાકમાં છે : "જેને અલ્લાહ માલ આપે અને તે તેની ઝકાત અદા ન કરે તો ક઼યામતના દિવસે **તે માલ ગંજા (ટાલિયા) સાપના રૂપમાં** કરી દેવામાં આવશે જેના માથા પર બે ડાઘ હશે, તે સાપ તેના ગળામાં હાર બનાવી દેવામાં આવશે. પછી તે તેના ગાલફોળા પકડશે અને કહેશે, હું તારો માલ છું ! તારો ખજાનો છું ! ........"

*(સહીહ બુખારી, અબૂ હુરૈરહ رَضِیَ اللهُ عَنْهُ)*

બીજી હદીષમાં છે : "જે માલની ઝકાત નથી આપવામાં આવી તે **ક઼યામતના દિવસે** ગંજો સાપ બનશે અને માલના **માલિકને દોડાવશે,** તે દોડશે ત્યાં સુધી કે (છેવટે) પોતાની આંગળીઓ તેના મોંમાં રાખી દેશે.

*(ઈમામ અહમદ)*

સારાંશ કે માલની મહોબ્બતમાં મનમાન્યી જિંદગી જીવનારનો અંજામ ભયાનક થશે. વધુ માહિતી માટે "બહારે શરીઅત, ભાગ-૫" વાંચો. ઝકાત વિશે અન્ય હુકમો તથા ઝકાત કોને આપવાથી અદા થાય તે પણ જુઓ. આજકાલ બનાવટી ચંદાવાળા સ્થાનિક તેમજ અન્ય રાજ્યોમાંથી પણ ખૂબ આવી ચઢે છે તો ગમે તેને ધરવી ન દેશો. તેમજ **સુન્ની ગરીબો, સુન્ની ઈદારાઓમાં જ ઝકાત પહોંચાડશો, વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, મૌદૂદી વગેરેને તથા સ્કૂલો, હોસ્પિટલોને ગમે ત્યાં ડાયરેક્ટ ઝકાત ન આપશો, નહીં તો ઝકાત અદા થશે નહીં.** ❑❑❑

## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.**

مَا كَانَ اللّٰهُ لِيَذَرَ الْمُؤْمِنِيْنَ عَلٰى مَآ اَنْتُمْ عَلَيْهِ
حَتّٰى يَمِيْزَ الْخَبِيْثَ مِنَ الطَّيِّبِ ط وَ مَا كَانَ اللّٰهُ
لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَ لٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ
رُّسُلِهٖ مَنْ يَّشَآءُ ص فَاٰمِنُوْا بِاللّٰهِ وَ رُسُلِهٖ ج وَ اِنْ
تُؤْمِنُوْا وَ تَتَّقُوْا فَلَكُمْ اَجْرٌ عَظِيْمٌ ﴿۱۷۹﴾ وَ لَا
يَحْسَبَنَّ الَّذِيْنَ يَبْخَلُوْنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ
فَضْلِهٖ هُوَ خَيْرًا لَّهُمْ ط بَلْ هُوَ شَرٌّ لَّهُمْ ط
سَيُطَوَّقُوْنَ مَا بَخِلُوْا بِهٖ يَوْمَ الْقِيٰمَةِ ط وَ لِلّٰهِ
مِيْرَاثُ السَّمٰوٰتِ وَ الْاَرْضِ ط وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ
خَبِيْرٌ ﴿۱۸۰﴾ لَقَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّذِيْنَ قَالُوْٓا اِنَّ
اللّٰهَ فَقِيْرٌ وَّ نَحْنُ اَغْنِيَآءُ م سَنَكْتُبُ مَا قَالُوْا وَ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

અલ્લાહ મુસલમાનોને એવી પરિસ્થિતિ પર રહેવા નહીં દે જે (પરિસ્થિતિ પર હમણા હે મુસલમાનો !) તમે છો[૧૮૦] જ્યાં સુધી કે અલગ ન કરી દે ગંદાને[૧૮૧] સ્વચ્છથી[૧૮૨] અને અલ્લાહની શાન (મોભો) એ નથી કે હે સામાન્ય લોકો ! તમને ગૈબનું ઈલ્મ આપી દે. હા ! અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે[૧૮૩] તો ઈમાન લાવો અલ્લાહ અને તેમના રસૂલો પર, અને જો ઈમાન લાવો[૧૮૪] અને પરહેઝગારી કરો તો તમારા માટે મોટો સવાબ છે (૧૭૯) અને જેઓ કંજૂસાઈ કરે છે[૧૮૫] તેમાં જે અલ્લાહે પોતાના ફઝલથી તેમને આપ્યું, (તેઓ કદાપિ એ આદતને) પોતાના માટે સારી ન સમજે. બલ્કે તે એમના માટે ખરાબ છે. નજીકમાં જ તે (વસ્તુ) જેમાં બખીલાઈ કરી હતી (તે) કયામતના દિવસે એમનાં ગળાનો ફંદો હશે[૧૮૬] અને અલ્લાહ જ વારિસ છે જમીન અને આસ્માનોનો[૧૮૭] અને અલ્લાહ તમારા કાર્યોનો જાણકાર છે (૧૮૦) બેશક ! અલ્લાહે સાંભળ્યું, જેમણે કહ્યું કે અલ્લાહ મોહતાજ છે અને અમે ગની[૧૮૮] (માલદાર) હવે અમે તેમનું કથન લખી લઈશું[૧૮૯] અને અંબિયાને તેમનું નાહક કતલ

قَتۡلَهُمُ الۡاَنۡۢبِيَآءَ بِغَيۡرِ حَقٍّ ۙ وَّ نَقُوۡلُ ذُوۡقُوۡا عَذَابَ الۡحَرِيۡقِ ﴿۱۸۱﴾ ذٰلِكَ بِمَا قَدَّمَتۡ اَيۡدِيۡكُمۡ وَ اَنَّ اللّٰهَ لَيۡسَ بِظَلَّامٍ لِّلۡعَبِيۡدِ ﴿۱۸۲﴾

*કરવું[૧૮૦] (પણ લખી લઈશું), અને કહીશું કે ચાખો આગનો અઝાબ (૧૮૧) આ બદલો છે તેનો જે તમારા હાથોએ આગળ મોકલ્યું, અને અલ્લાહ બન્દાઓ પર ઝુલ્મ નથી કરતો (૧૮૨)*

## :: સમજૂતી ::

**૧૮૦ :** અય ઈસ્લામનો કલમો પઢનારાઓ !

**૧૮૧ :** અર્થાત મુનાફિક઼ને.

**૧૮૨ :** નિખાલસ મો'મિનથી, એટલે કે પોતાના નબી عليه الصلوٰة والسلام ને તમારી હાલતો વિશે જાણકારી કરીને મો'મિન અને મુનાફિક઼ દરેકને તારવી કાઢે.

**શાને નુઝૂલ :** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મખ્લૂક઼ના સર્જન પૂર્વે જ્યારે મારી ઉમ્મત માટીની શિકલમાં હતી. તે જ સમયે તેને મારી સમક્ષ પોતાની શિકલોમાં રજૂ કરવામાં આવી જે રીતે કે હઝરત આદમ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, અને મને જાણ કરવામાં આવી કે એમાંથી કોણ મારી પર ઈમાન લાવશે અને કોણ મારા પર કુફ્ર કરશે. આ સમાચાર જ્યારે મુનાફિક઼ોને મળ્યા ત્યારે તેમણે ઠઠ્ઠારૂપે કહ્યું કે, "મુહમ્મદ મુસ્તફા ﷺનું ધારવું છે કે જે લોકો હજુ જન્મ્યા પણ નથી તેમાંથી પણ કોણ એમના પર ઈમાન લાવશે અને કોણ કુફ્ર કરશે તેની પણ એમને જાણ છે, અને એ છતાં કે અમે એમની સાથે છીએ અમને ઓળખતા નથી !" ત્યારે હુઝૂર عليه الصلوٰة والسلام એ મિમ્બર પર બિરાજમાન થઈને અલ્લાહની તારીફ કરી. પછી ફર્માવ્યું કે, "તે લોકોના શું હાલ છે જે મારા ઈલ્મ વિશે ટોણાં મારે છે ! આજથી ક઼યામત સુધી થનાર કોઈ પણ બાબત એવી નથી કે જેના વિશે તમે મને પૂછો અને હું જવાબ ન આપું." ત્યારે અબ્દુલ્લાહ બિન હુઝાફા સહમીએ ઉભા થઈને પૂછયું કે મારો બાપ કોણ છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, હુઝાફા. પછી હઝરત ઉમર رضی اللہ عنہ ઊભા થયા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! અમે અલ્લાહના રબ હોવાથી, ઈસ્લામના દીન હોવાથી, કુર્આનના ઈમાન હોવાથી અને આપના નબી હોવાથી રાજી થયા. અમે આપનાથી માફી માગીએ છીએ. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું, "શું તમે રોકાશો ? શું તમે રોકાશો ?" પછી મિમ્બર પરથી ઉતર્યા. ત્યારે અલ્લાહે આ આયત ઉતારી.

ઉપરની હદીષથી સાબિત થયું કે **હુઝૂર ﷺને ક઼યામત સુધીનું બધું ઈલ્મ આપવામાં આવ્યું છે. અને હુઝૂર ﷺના ઈલ્મે ગૈબ વિશે ટોણાં મારવાં મુનાફિક઼ોનો તરીક઼ો છે.**

**૧૮૩ :** તો તે ચૂંટેલા રસૂલોને ગૈબનું ઈલ્મ આપે છે, અને સૈયદે અંબિયા રસૂલે ખુદા ﷺ તમામમાં શ્રેષ્ઠ અને ઉત્તમ છે. આ આયત અને એ સિવાયની ઘણી આયતો અને હદીષોથી સાબિત છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ગૈબના ઈલ્મો આપ્યા, અને ગૈબી ઈલ્મો આપનો મો'જિઝો છે.

**૧૮૪ :** અને માનો કે અલ્લાહ તઆલાએ પોતાના બરગુઝીદા રસૂલોને ગૈબી ઈલ્મો આપ્યા છે.

**૧૮૫ :** કંજૂસાઈ (બુખ્લ)ના અર્થ બાબત ઘણા ખરા ઉલમા એવો મત ધરાવે છે કે વાજિબ અદા ન કરવું કંજૂસાઈ છે, માટે કંજૂસાઈ બાબત સખત સજાની ખબરો અપાઈ છે, અને આયતમાં પણ એવી ખબર છે, તિર્મિઝીની હદીષમાં છે કે કંજૂસાઈ અને

બદ્અખ્લાકી ઈમાનદારમાં એકઠી થઈ શકતી નથી, ઘણા મુફસ્સિરોએ કહ્યું કે અહીં કંજૂસાઈ અર્થ ઝકાત ન દેવી છે.

**૧૮૬ :** બુખારી શરીફની હદીષમાં છે કે **જેને અલ્લાહે માલ આપ્યો અને તેણે ઝકાત ન આપી તો તે માલ ક્યામતના દિવસે સાપ બનીને તેના ગળામાં ફંદા રૂપે વળગશે અને એવું કહીને કરડતો રહેશે કે હું તારો માલ છું, હું તારો ખજાનો છું.**

**૧૮૭ :** તે જ હમેશાં બાકી રહેનાર છે અને બધી મખ્લૂક્ ફના થનાર છે. એ તમામ મિલ્કત નાશ પામનાર છે, તો ઘણી જ મૂર્ખાઈ છે કે આ નાશવંત માલમાં કંજૂસાઈ કરવામાં આવે અને ખુદાના માર્ગમાં આપવામાં ન આવે.

**૧૮૮ :** યહૂદીઓએ مَنْ ذَا الَّذِیْ یُقْرِضُ اللّٰہَ قَرْضًا حَسَنًا (કોણ છે જે અલ્લાહને સારું કર્ઝ આપે ? –સૂ. બક્રહ, ૨/૨૪૫)વાળી આયત સાંભળીને કહ્યું હતું તે મુહમ્મદ ﷺનો મઅબૂદ અમારા પાસે કર્ઝ માગે છે તો અમે માલદાર અને તે ફકીર ઠર્યો ! તે બાબત આ આયત ઉતરી.

**૧૮૯ :** આમાલનામાઓમાં.

**૧૯૦ :** અંબિયાને ક્ત્લ કરવાવાળી વાતનો સંબંધ એમના ઉપલા કથન (ખુદા ફકીર છે) સાથે જોડવાથી માલૂમ પડે છે. આ બંને ગુનાહો ઘણા જ ભયાનક છે અને ખરાબીમાં સરખા છે, તેમજ (એ પણ ફલિત થયું કે) અંબિયાની શાનમાં ગુસ્તાખી કરનાર ખુદાની શાનમાં પણ બેઅદબ બની જાય છે.


## રમઝાન મુબારકમાં ભરપુર મદદ કરશો

| | | |
|---|---|---|
| ૧. | **અંજુમને રઝાએ મુસ્તફા**<br>(ગુજરાતીમાં દીની કિતાબો બહાર પાડતી સંસ્થા)<br>BOB Dayadra, A/c. no. 34620100000302- BARB0DAYADR | C/o. ફયઝાને રઝા મંઝિલ,<br>મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ<br>(ગુજરાત) પિન : ૩૯૨૦૨૦ |
| ૨. | **ઈસ્લામિક વેલ્ફેર મિશન**<br>(મસ્જિદ મદ્રસાઓનું સંચાલન તથા વેલ્ફેરનાં કામો)<br>BOB Dayadra, A/c. no. 34620100000301- BARB0DAYADR | C/o. ફયઝાને રઝા મંઝિલ,<br>મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ<br>(ગુજરાત) પિન : ૩૯૨૦૨૦ |
| ૩. | **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**<br>BOB Amod, Madrasa Barkate Khwaja<br>A/c. no. 16710100004533- BARB0AMODXX | ઠે. ચાર રસ્તા, મસ્જિદે રઝા,<br>મુ. તા. આમોદ જિ. ભરૂચ |
| ૪. | **દારુલ ઉલૂમ ગુલશને અજમેર**<br>BOB A/c. no. 12430100003498- BARB0STABRO | ઠે. રયહાન નગર,<br>વેજલપુર સ્ટેશન પાસે–ભરૂચ |

આપની ઝકાત, સદક઼ા, ફિત્રા, ફિદિયા લિલ્લાહ, ખૈરાત, નિયાઝની રકમો વગેરે મોકલી ઉપરોક્ત સંસ્થાઓને મદદ કરશો એવી નમ્ર અપીલ છે. મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

દર્સે હદીષે પાક એટલે

# મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમે મોઅઝ્ઝિનને સાંભળો તો તમે પણ એની જેમ કહો જે તે કહી રહેલ છે[1] પછી મારા પર દુરૂદ મોકલો, કેમ કે જે મારા પર એક દુરૂદ મોકલે છે તેના પર અલ્લાહ દસ રહમતો મોકલે છે[2] પછી અલ્લાહથી મારા માટે વસીલો માગો, તે જન્નતમાં એક જગા છે જે અલ્લાહના બંદાઓમાંથી એકના જ લાયક છે. મને ઉમ્મીદ છે કે તે હું જ છું[3]. તો જે મારા માટે વસીલો માગે તેના પર મારી શફાઅત લાઝિમ છે[4]. (મુસ્લિમ)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે અઝાનના શબ્દો સર્વેને દોહરાવે, હય્ય અલસ્સલાહ તથા હય્ય અલલ ફલાહ પર લાહૌલ પઢે. જોઈએ કે બંનેવ કહી લીધા કરે કે બંનેવ હદીષો પર અમલ થઈ જાય.

**૨.** આ પરથી જાણવા મળ્યું કે અઝાન બાદ દુરૂદ શરીફ પઢવું સુન્નત છે. અમુક મોઅઝ્ઝિન અઝાનથી પહેલાં જ દુરૂદ શરીફ પઢી લે છે તો એમાં પણ વાંધો નથી. તેમનો માખઝ આ જ હદીષ છે. શામીએ ફર્માવ્યું કે ઈક઼ામતના સમયે દુરૂદ શરીફ સુન્નત છે. યાદ રાખશો કે અઝાનથી પહેલાં અથવા બાદમાં બુલંદ અવાજે દુરૂદ શરીફ પઢવું પણ જાઈઝ બલ્કે સવાબ છે. વિના કારણે એને મના નથી કરી શકતા.

**૩.** યાદ રાખશો કે વસીલો એ સબબ તથા તવસ્સુલને કહે છે. કેમ કે એ જગાએ પહોંચવું રબથી ખાસ કુર્બનો સબબ છે, એટલા માટે વસીલો ફર્માવવામાં આવ્યો. હુઝૂર ﷺ નું ફર્માવવું કે ઉમ્મીદ કરું છું, એ તવાઝોઅ તથા ઈન્કેસારી (આજીજી દર્શાવવા) માટે છે, નહીં તો એ જગા હુઝૂર ﷺ ના માટે નિશ્ચિત થઈ ચૂકી છે. (મિર્ક઼ાત તથા અશ્અહ) આપણુ હુઝૂરના માટે વસીલાની દુઆ કરવું એવું જ છે જેમ કે ફકીર અમીરના દરવાજા પર જઈને સદા લગાડતી વખતે તેના જાન તથા માલની દુઆ આપે છે કે જેથી ભીખ મળે. આપણે ભીખારી છીએ અને હુઝૂર દાતા છે, એમને દુઆઓ આપવી એ માગી ખાવાનો ઢંગ છે.

**૪.** એટલે કે હું વાયદો કરું છું કે એની શફાઅત જરૂર કરીશ. અહીં શફાઅતથી ખાસ શફાઅત મુરાદ છે, નહીં તો હુઝૂર ﷺ દરેક મો'મિનના શફીઅ છે. હુઝૂરની શફાઅત ઘણા પ્રકારોની છે. શફાઅતની સંપૂર્ણ ચર્ચા અને એના પ્રકારો અમારી કિતાબ ''તફસીરે નઈમી (ભાગ–૩)''માં જુઓ.

*હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે મોઅઝ્ઝિન કહે ! અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર, તમારામાંથી કોઈ કહે અલ્લાહુ અકબર અલ્લાહુ અકબર. પછી મોઅઝ્ઝિન કહે : અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ, એ પણ કહે અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ. પછી મોઅઝ્ઝિન કહે : અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ, એ પણ કહે અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ. પછી મોઅઝ્ઝિન કહે : હય્ય અલસ્સાહ, એ કહે લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ. પછી મોઅઝ્ઝિન કહે : હય્ય અલલ ફલાહ, એ કહે લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ[1] પછી મોઅઝ્ઝિન કહે અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. તો એ પણ કહે : અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. પછી મોઅઝ્ઝિન કહે : લાઈલાહ ઈલ્લલ્લાહ, તો એ સાચા દિલથી કહે લાઈલાહ ઈલ્લલ્લાહ, જન્નતમાં જશે[2]. (મુસ્લિમ)*

**૧.** જાહેર એ છે કે મોઅઝ્ઝિનથી મુરાદ નમાઝ માટે અઝાન આપનારો છે કેમ કે બીજી અઝાનોનો જવાબ આપવો સુન્નતથી સાબિત નથી اَحَدُ کُمۡ થી મુરાદ દરેક તે મો'મિન છે જે અઝાનનો જવાબ આપવા શક્તિમાન હોય, જેથી એનાથી નમાઝ પઢનારો, ઈસ્તિન્જા કરનારો વગેરે અપવાદ છે. બેહતર એ છે કે જવાબ આપનાર حَیَّ عَلَی الصَّلٰوۃ، حَیَّ عَلَی الْفَلَاحُ પણ કહે. અને لا حول **(લાહૌલ)** પણ પઢે જેથી આ હદીષ પર પણ અમલ થઈ જાય. અને આગલી હદીષ પર પણ અમલ થઈ જાય. એ વખતે **લાહૌલ** પઢવું એટલા માટે છે કે જેથી શૈતાન દૂર રહે અને નમાઝની હાજરી આસાન થાય.

**૨.** જાહેર એ છે કે مِن قَلۡبِہٖ નો સંબંધ સર્વ જવાબની સાથે છે, એટલે કે અઝાનનો પૂરો જવાબ સાચા દિલથી આપે, કેમ કે ઈખ્લાસ વિના કોઈ ઈબાદત કબૂલ નથી. જો જન્નતથી એ જ જન્નત મુરાદ છે જે કયામતના પછી મળશે તો دَخَلَ મુસ્તકીલ અર્થમાં છે. અને જો જન્નતથી મુરાદ દુનિયાની જન્નત છે, એટલે કે ઈબાદતોની તૌફીક, સારી જિંદગી, તો دَخَلَ માઝીના અર્થમાં છે. રબ ફર્માવે છે : وَلِمَنۡ خَافَ مَقَامَ رَبِّہٖ جَنَّتَانِ એટલે અલ્લાહથી ડરનારા માટે બે જન્નતો છે, એક દુનિયામાં એક આખેરતમાં. *(મિર્કાત)*

*હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કે જે અઝાન સાંભળતી વખતે આવું કહ્યા કરે : હે અલ્લાહ ! આ આમ દાવત તથા કામિલ નમાઝના રબ ! મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم ને વસીલો તથા બુઝુર્ગી આપ, અને તેમને એ મકામે મહમૂદ પર પહોંચાડ જેનો તેં એમનાથી વાયદો કર્યો.[1] તો એના માટે કયામતના દિવસે મારી શફાઅત વાજિબ થશે.[2] (બુખારી)*

**૧.** યાદ રાખશો કે જન્નતમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ના ખાસ મકામનું નામ વસીલા છે, અને કયામતમાં હુઝૂરના મકામનું નામ મકામે મહમૂદ છે. આ તે જગા છે જ્યાં હુઝૂર صلی اللہ علیہ وسلم ને દુલ્હા બનાવવામાં આવશે, સર્વ અવ્વલીન તથા આખરીન કાફિરો તથા મો'મિનો, અંબિયા તથા રસૂલો બલ્કે ખુદ રબ્બુલ આલમીન હુઝૂર صلی اللہ علیہ وسلم ની એવી તારીફો કરશે જે આજે આપણા ખયાલો તથા વહેમથી બહાર છે. તે મકામ ન જાણે કેટલો અઝીમુશ્શાન છે જેનું રબે કુર્આનમાં એલાન ફર્માવ્યું અને આપણને લોકોને દરેક અઝાન પછી તેની દુઆ માગવાનો હુકમ આપ્યો. એ જ મકામ પર હુઝૂર صلی اللہ علیہ وسلم શફાઅતે કુબરા ફર્માવશે અને અહીંથી જ હુઝૂરના હાથે શફાઅતનો દરવાજો ખુલશે.

**૨.** એટલે એ દુઆની બરકતથી એને ઈમાન પર ખાતમો નસીબ થશે. અને તે મારી આમ તથા ખાસ શફાઅતનો મુસ્તહિક થશે. મિર્કાતે ફર્માવ્યું કે અઝાન બાદ ઘણી જ દુઆ કબૂલ થાય છે, જેથી મુસીબતના માર્યાએ જોઈએ કે એ સમયે દુઆ માગ્યા કરે. એટલા માટે મુસલમાન આ દુઆની સાથે આવુ પણ કહી આપે છે : وَارۡزُقۡنَا شَفَاعَتَہٗ હે ખુદા! અમને એમની શફાઅત નસીબ કર.

*ક્રમશઃ*


## મસ્જિદ માટે મદદ કરો !

**કમલપુરા :** (તા. સાવલી, જિ. વડોદરા) ખાતે **"નગીના મસ્જિદ"** નું કામ ચાલુ છે, જેમાં વુઝૂખાનુ, તહારતખાનુ તેમજ ૧૨૦૦ સ્કવેર મિટરનું પ્લાસ્ટર, ટાઈલ્સનાં કામો બાકી છે. પાણીના કુલરની જરૂરત છે. કોઈ જ આવકનું સાધન નથી તથા વસ્તી ગરીબ છે. છે કોઈ સખીદાતા જે આ કામો પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે કરી કરાવીને જન્નતની ડાળી પકડી લે જે તેને સીધો જન્નતમાં દાખલ કરાવશે.

સંપર્ક કરો | સૈયદ સાબિર અલી બાપુ, મો. 9727401112 | (બેંક ડિટેઈલ : BOB A/c. No. 187001 00011 980 IFSC-BAR0PADBAR *(ચોથો અંક 'ઝીરો' છે)*

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સુનતે હૈં કે મેહશરમેં સિર્ફ ઉનકી રસાઈ હૈ**
**ગર ઉનકી રસાઈ હૈ લો જબ તો બન આઈ હૈ**

**અર્થાત :** (અરે ! ગુનેહગારો ! કાંઈ સાંભળ્યું !) ભાળ મળી છે કે મેહશરમાં કેવળ હુઝૂર ﷺની જ અલ્લાહની બારગાહ સુધી પહોંચ છે. (બાકી સર્વ અંબિયા તો اذھبوا الی غیری ફર્માવશે કે, "કોઈ અન્યની પાસે જાવ !" કેવળ હુઝૂર ﷺ اَنَا لَهَا "અના લહા" ફર્માવશે કે, "હું છું આ કારે શફાઅતના માટે") તો હે ગુનેહગારો ! જો હુઝૂર ﷺની પહોંચ છે તો તો કામ બિલ્કુલ સરળ થઈ ગયું કે હુઝૂર તો ઉમ્મતીઓ પર કરમ કરનારા છે, એમના પર તો આપણી તકલીફો ભારે ગુજરે છે, عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ "જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે છે." *(સૂ. તૌબા, ૯/૧૨૮)* તો તો આપણે છૂટકારો થઈ જશે.

**મચલા હૈ કે રહમતને ઉમ્મીદ બંધાઈ હૈ**
**કયા બાત તેરી મુજરિમ કયા બાત બન આઈ હૈ**
*(મચલા = હિઠ કરી બેઠો)*

**અર્થાત :** હે મુજરિમ ! તું એટલા માટે જીદ કરી બેઠો છે કે આપની રહમત કોઈને નિરાશ નથી કરતી, તારા મુક઼દ્દર પર કુર્બાન ! હે ગુનેહગાર ! તેં પણ ખૂબ તાવીલો કરીને ઉઝ્ર તથા બહાનાંઓ બનાવીને વાત એવી બનાવી છે કે તારા ગુનાહો નેકીઓ બની જશે અને તું હારેલી બાજી જીતી જઈશ. فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ "તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી નાખશે."
*–(સૂરએ ફુર્કાન, ૨૫/૭૦)*

**સબને સફે મેહશરમેં લલકાર દિયા હમ કો**
**અય બે કસોં કે આક઼ા ! અબ તેરી દુહાઈ હૈ**

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ તથા મુર્સિલીને એઝામ (નબીઓ તથા રસૂલો) علیہم السلامએ મેદાને મેહશરની સફથી અમને તતડાવીને કાઢી મૂક્યા કે જાવ ! અમે તમારી શફાઅત નથી કરી શકતા. (તમે એટલા મોટા મુજરિમ કો છો કે અમારી શફાઅતથી તમારું કામ બની શકશે નહીં.) હે મોહતાજોના આક઼ા ! હવે આપની બારગાહમાં જ ફરિયાદ છે.

*જિસ્કા ભરી દુન્યામેં કોઈ ભી ન હો વાલી–ઉસકો ભી મેરે આક઼ા સીનસે લગાતે હૈં*

**યૂં તો સબ ઉન્હીં કા હૈ મગર દિલ કી અગર પૂછો**
**યહ ટૂટે હુએ દિલ હી ખાસ ઉન્કી કમાઈ હૈ**

**અર્થાત :** આમ તો અમારી દરેક ચીજ સરકારે મદીના ﷺ માટે જ છે, કેમ કે તેમના જ સદક઼ાથી દરેક નેઅમત મળી છે. પણ અમારું તૂટેલું અને ઝખ્મી દિલ ખાસ એમની જ મહોબ્બતના માટે છે, એમાં કોઈ અન્ય નથી સમાય શકતું.

મતલબ એ છે કે તેનું એમની બારગાહમાં ખૂબ જ મહત્વ છે.

અમુક સૂફિયાએ કિરામે આ હદીષે કુદ્સી તસવ્વુફની કિતાબોમાં નક઼લ કરી છે : انا عند المنكسرة قلوبهم ''હું (મારી મહોબ્બતમાં) તૂટેલાં દિલોની પાસે રહું છું.'' *યહ દિલ ભી તુમ્હારા હૈ યહ જાં ભી તુમ્હારી હૈ*

**ઝાઈર ભી ગએ કબકે દિન ઢલનેપે હૈ પ્યારે**
**ઉઠ મેરે અકેલે ! ચલ યા દેર લગાઈ હૈ**

**અર્થાત :** મદીના શરીફની ઝિયારત કરવાવાળા તો ક્યારના જઈ ચૂક્યા છે અને (હે અહમદ રઝા !) તું હજી આરામથી બેઠેલો છે ? (જિંદગીનો) સૂરજ અસ્ત થવાની નજીક છે, ઉઠ ! મોડુ ન કર ! અને જો કોઈ સંગાથ પણ નથી તો એકલો જ મદીના તરફ રવાના થઈ જા.

**બાઝારે અમલમેં તો સૌદા ન બના અપના**
**સરકારે કરમ તુઝમેં અયબી કી સમાઈ હૈ**

*(સૌદા = સામાન, હિસાબ કિતાબ, કિંમત, અયબ = રોગી, ગુનેહગાર, સમાઈ = ગુંજાઈશ)*

**અર્થાત :** હે પ્યારા આક઼ા વ મૌલા ! ﷺ અમલના લેહાઝથી તો અમે તદ્દન નકામા છીએ, કોઈ નેકી છે ન કોઈ તૈયારી. હે આક઼ા ! કરમ ફર્માવો ! જો આપ અમારા જેવા ગુનેહગારોને નહીં સાંભળો તો કોણ સંભાળશે ? આપના કરમના દામનમાં તો મારા જેવો કરોડો સમાય શકે છે. અને એવા છુપાશે કે પછી :–

*ઢુંઢા હી કરેં સદરે ક઼યામત કે સિપાહી–વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**ગિરતે હુવોં કો મુઝદા સજદે મેં ગિરે મૌલા**
**રો રો કે શફાઅત કી તમ્હીદ ઉઠાઈ હૈ**

*(મુઝદા = ખુશખબર, તમ્હીદ = મહદથી છે ગોદના અર્થમાં)*

**અર્થાત :** હે જહન્નમમાં પડવા પાત્ર ગુનેહગારો ! અથવા ગુનાહોની લપસણીથી પડી જનારા મુજરિમો ! મુબારક થજો ! જુઓ તો ! આક઼ા علیہ الصلاۃ والسلام એ સજદામાં માથુ રાખીને શફાઅતનો દરવાજો ખોલી નાખ્યો છે. અને જુઓ ! રડી રડીને ઝુલ્ફો વિખેરીને અલ્લાહની હમ્દો ષના એવા પ્યારા અંદાઝમાં શરૂ કરી છે કે (કમાફી અલ્હદીષ) અલ્લાહને દયા આવી ગઈ છે, અને તેણે એલાન ફર્માવી આપ્યું છે કે :–

*અબ તો સજદે સે સર કો ઉઠાઓ–આપ કી સારી ઉમ્મતી બરી હૈ* *(ક્રમશઃ)*




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## મો'જિઝાઓ

કોઈ નબીથી નબુવ્વતની સચ્ચાઈના માટે સામાન્ય નિયમ વિરુદ્ધ કોઈ કામ પ્રદર્શિત થાય તો તેને મો'જિઝો કહે છે. મો'જિઝા નબીના માટે ખાસ છે. જો એ જ ચીજ કોઈ વલીથી જાહેર થાય તો તેને કરામત કહેવામાં આવે છે. અહીં થોડાક મો'જિઝા લખવામાં આવે છે તેને તમો મૌખિક યાદ કરી લો.

**(૧)** એક ગામડાવાસી આપણા નબી ﷺની ખિદમતમાં આવ્યો અને તેણે આપને અર્ઝ કરી કે હું કેવી રીતે યકીન કરી લઉં કે આપ અલ્લાહના રસૂલ છે ?! હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું કે પેલા ખજૂરના ઝાડ પર જે જુમ્ખો લટકી રહ્યો છે તેને હું મારી પાસે બોલાવી લઉં તો શું તમે મને રસૂલ માની લેશો ? તેણે કહ્યું, "બેશક !" તો આપે તે ઝુમ્ખાને બોલાવ્યો તો તરત આપની પાસે ચાલ્યો આવ્યો. પછી આપે કહ્યું, જાવ ! તો તે જઈને ઝાડ પર ત્યાં જોડાઈ ગયો જ્યાંથી તૂટીને આવ્યો હતો. આ મો'જિઝો જોઈને તે ગામડાવાસી તરત જ મુસલમાન થઈ ગયો.

**(૨)** મશ્હૂર સહાબી હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે હુદૈબિયહના મોકા પર અમને તરસ લાગી. અમો રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા. એ વખતે રસૂલુલ્લાહ ﷺ વુઝૂ કરી રહ્યા હતા. અમે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ અમને તરસ લાગી છે અને આ પાણી સિવાય અમારી પાસે અન્ય પાણી નથી કે જેનાથી અમે અમારી તરસ છીપાવીએ. આપણા આકાએ પોતાના મુબારક હાથ તે વાસણમાં રાખી દીધા તો આપની આંગળીઓ વચ્ચેથી પાણી એ રીતે ઉભરાવા લાગ્યું જાણે જોશ મારતુ ઝરણુ ! લોકોએ ખૂબ જ ધરાઈને પીધુ અને વુઝૂ કર્યું. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે અમારી સંખ્યા તે વખતે પંદર સો હતી. જો અમે એક લાખ પણ હોત તો પણ એ પાણી પૂરતુ થાત !

**(૩)** હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હુઝૂરે અકરમ ﷺ સહાબાએ કિરામના દરમ્યાન મૌજૂદ હતા એટલામાં એક ગામડાવાસી આવ્યો જેણે એક ગોહનો શિકાર કરીને તેને પોતાની બાંયમાં છુપાવી રાખી હતી જેથી તેને શેકીને ખાય. જ્યારે તેણે લોકોની ભીડ જોયી તો પૂછયું કે આ કોણ માણસ છે ? તેને જવાબ મળ્યો કે આ અલ્લાહના રસૂલ (ﷺ) છે. તેણે બાંયની ગોહ કાઢી અને કહ્યું કે જો આ ગોહ ઈમાન લઈ આવશે તો હું પણ ઈમાન લઈ આવીશ ! તેણે ગોહ આપની સામે ફેંકી દીધી.

આપણા આકા ﷺ તેની તરફ ધ્યાનિત થયા અને ઈર્શાદ ફર્માવ્યો, "હે ગોહ !" આટલુ

સાંભળતાં જ એ ગોહે અર્ઝ કરી, "હાજર છું ! યા રસૂલલ્લાહ ! ﷺ હુકમ ફર્માવો !" આપે ફર્માવ્યું, "તું કોની ઈબાદત કરે છે ?" તેણે કહ્યું, "તે ખુદાની જે જમીન તથા આસ્માનનો માલિક છે." આપે ફરી પૂછયું કે, "સારું બતાવ, હું કોણ છું ?" તેણે કહ્યું, "આપ અલ્લાહના રસૂલ છો અને આખરી નબી છો. જેણે આપને સમર્થન કર્યું તે નજાત પામી ગયો અને જેણે જૂઠલાવ્યા તે નિષ્ફળ થયો." ગોહની આ વાતચીત સાંભળીને તે ગામડાવાસી તરત જ મુસલમાન થઈ ગયો.

**(૪)** ઈબ્ને કાનેઅનું બયાન છે કે હજ્જતુલ વિદાઅના મોકા પર હુઝૂર ﷺ એક મકાનમાં તશરીફ લઈ ગયા. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ચહેરો મુબારક ૧૪મીના ચાંદની જેમ ચમકી રહ્યો હતો. મેં એક અજીબ ગરીબ બનાવ જોયો કે અહલે યમામાનો એક શખ્સ એક બાળકને કપડામાં લપેટીને લાવ્યો. એ જ દિવસે એનો જન્મ થયો હતો. તેણે તેને હુઝૂરની ખિદમતમાં પેશ કર્યો. હુઝૂર ﷺએ એ બાળકને પૂછયું, હે બાળક ! બતાવ હું કોણ છું ? બાળકે તરત જવાબ આપ્યો, "આપ અલ્લાહના સાચા રસૂલ છો." હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમે સાચુ કહ્યું ! અલ્લાહ તઆલા તમને બરકત આપે."

## અખ્લાક તથા આદતો

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને પૂછવામાં આવ્યું કે હુઝૂર ﷺના અખ્લાક કેવા હતા ? તો આપે ફર્માવ્યું કે સરકાર ﷺના અખ્લાક કુર્આન (નો આઈનો) હતા. ખુદ કુર્આન કરીમમાં છે : وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيۡمٍ ۝ "હે મહબૂબ ! બેશક ! તમો ઉચ્ચ અખ્લાકના માલિક છો." *(સૂરએ કલમ, ૨૯/૩)*

આપની રહેણીકરણી બાવકાર હતી. જે અચાનક આપને જોતો તે (આપના પ્રભાવથી) સહમી ઉઠતો. પણ જ્યારે નજીક થતો અને વાતચીત થતી તો આપની મહોબ્બત તેના દિલમાં બેસી જતી. મુલાકાતના સમયે આપ સલામમાં પહેલ કરતા. એ વાતનો હરગિઝ ઈન્તેઝાર ન કરતા કે આવનારો સલામ કરે. દરેકને ખુશ ચહેરે મળતા. આપની ઝબાન પર બુરી વાત કદાપિ ન આવતી. સહાબાની વચ્ચે હોતા તો કદી પગો ન ફેલાવતા. જો કોઈ આપનો હાથ પકડી લેતો તો જ્યાં સુધી તે ન છોડતો, આપ ન છોડાવતા. કદી આપે આપના હાથ વડે કોઈને નથી માર્યો સિવાય જંગના મેદાનમાં. પોતાની જાતના માટે આપે કદી બદલો નથી લીધો. આપ કોઈના પર ગુસ્સો કરતા ન હતા, પણ જ્યારે શરીઅત વિરુદ્ધ વર્તન કરતુ તો એ વખતે આપ ખુદા તઆલા ખાતર એટલા પ્રમાણમાં ગઝબનાક થતા કે કોઈ તાબ ન લાવી શકતું હતું. વૃદ્ધ સ્ત્રીઓ જો આપને કોઈ કામના માટે લઈ જતી તો આપ ચાલ્યા જતા અને કામ કરી આપતા. આપે પોતાનું કામ જાતે પોતે કરી લીધા કરતા. જેમ કે કપડાં સીવી લેવાં, બકરીઓનું દૂધ દોહવું અન્ય ઘરકામ કરી લેતા.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ આપના ખાદિમ હતા. તે કહે છે કે દસ વરસ મેં આપની ખિદમત કરી પણ ખુદાની કસમ ! સફર તથા ઘર પર જેટલુ હું આપનુ કામ કરતો એનાથી કેટલુય વિશેષ આપ મારું કામ કરી આપતા હતા. દસ વરસના અરસામાં આપે મને ન કદી તતડાવ્યો, ન કદી ઉફ કહ્યું અને ન કદી એવું કહ્યું કે તમે ફલાણુ કામ કેમ નથી કર્યું અને ફલાણુ કામ કેમ કર્યું ?

આપ મિસ્કીનો (ગરીબો) સાથે મહોબ્બત રાખતા. દરેક ગરીબ, અમીર, ગુલામ તથા

આઝાદની દા'વત કૂબૂલ કરતા. જે જે મર્તબાનો હોતો એની એના એ'તબારથી ઈજ્જત કરતા. પોતાના સહાબાથી મહોબ્બત કરતા. બીમારોની અયાદત (ખબરગીરી) માટે તશરીફ લઈ જતા. કોઈ હદિયો પેશ કરતો તો તેને કૂબૂલ કરતા અને મોટાભાગે તેના બદલામાં તેના બરાબર કે તેનાથી અધિક અર્પણ કરતા. ગમઝદાઓને ત્યાં ગમખ્વારી માટે તશરીફ લઈ જતા. અને જ્યારે બેસતા તો મોટાભાગે ચહેરો મુબારક કિબ્લા તરફ હોતો. અને સખાવતનો એ હાલ હતો કે કદી કોઈ સાઈલને મહેરૂમ ન રાખતા, જ્યાં સુધી બનતુ તેની જરૂરત પૂરી કરતા અને જો ગુંજાઈશ ન હોતી તો નરમીથી જવાબ આપી દેતા. અને એ રીતે ખર્ચ કરતા કે ગરીબી તથા નાદારીથી ન ડરતા, ત્યાં સુધી કે અમુક કાફિરો આપની સખાવત જોઈને મુસલમાન થઈ ગયા. જેમ કે સફવાન બિન ઉમૈયા. એમના હક્કમાં આપની સખાવત જ મો'જિઝો બની ગઈ. સફવાને કહ્યું કે ગૈર નબીમાં આવી સખાવત શક્ય જ નથી.

એક યહૂદીનું આપના પર કાંઈક કર્ઝ હતું. અદા કરવાનો સમય નક્કી હતો. પણ યહૂદી સમયથી પહેલાં જ આવી ગયો અને તેણે ઘણી સખ્તી સાથે તકાઝો કર્યો. તે જેટલી પણ સખ્તી કરતો આપ નરમી કરતા. તેણે કહ્યું, તમારા ખાનદાનમાં આવી જ ખોટા કરવાની સિસ્ટમ ચાલી આવી છે ! આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ બેતાબ થઈ ગયા અને તે યહૂદીને ખૂબ જ બુરુ ભલુ સંભળાવ્યું, અને કહ્યું કે તું રસૂલુલ્લાહ ﷺની સામે ન હોત તો હું તારી ગરદન મારી દેત. સરકાર ﷺએ ઉમર ફારૂક رضی اللہ عنہને કહ્યું, તમારે જોઈતુ હતુ કે મને કરજની અદાયગીના માટે કહેતા અને એને કહેતા કે ઉઘરાણી નરમી સાથે કરો. તેને ધમકાવવો જોઈતો ન હતો. જાવ ! એનું કરજ અદા કરો અને એનાથી ઝઘડવાના બદલામાં વીસ સાઅ વધારે આપો. જ્યારે તે યહૂદીએ આ હાલત જોઈ તો એ જ સમયે ઈમાન લાવ્યો અને કહ્યું કે મેં પહેલાંની કિતાબોમાં જોયું છે કે નબી આખિરુઝ્ઝમાંની ખૂબી એ છે કે જેમ જેમ કોઈ તેમની સાથે સખ્તીથી પેશ આવશે તેમ તેમ તે નરમીથી વર્તતા જશે. મારા વર્તનથી મારે સંતોષ મેળવવો હતો અને બરાબર મેં એવા જ પામ્યા જેવું કે મેં કિતાબમાં જોયું હતું.

આપ પુષ્કળ પ્રમાણમાં નમાઝ પઢતા અને તહજ્જુદમાં એટલો લાંબો કયામ કરતા કે પગ મુબારકમાં વરમ આવી જતો. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ આટલી મહેનત શા માટે કરો છો જ્યારે કે અલ્લાહે આપને માસૂમ પેદા કર્યા છે. આપે ફર્માવ્યું કે શું હું અલ્લાહનો શુક્રગુઝાર બંદો ન બનું અને માલિકની નવાઝિશનો શુક્રિયા અદા ન કરું ?! *(ક્રમશઃ)*

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર પર હુઝૂર અમીને મિલ્લતનું આગમન !

**ભરૂચ** : ના મશહૂર દીની ઈદારા દારુલ ઉલૂમ ગુલશને અજમેર ખાતે તા. ૧૦–૪–૨૦૧૯ના રોજ હુઝૂર અમીને મિલ્લત (સજ્જાદા ખાનકાહે બરકાતિયા–મારહરા શરીફ) ૪:૩૦ વાગે સાંજના તશરીફ લાવ્યા દારુલ ઉલૂમના અરાકીન, ઉલમા, તલબા થકી નારાઓની ગુંજમાં આપનુ ભવ્ય સ્વાગત કરાયું. હઝરતે તલબાને પોતાના આગવા અંદાજમાં નસીહતો કરી છેવટે ઘણા તલબા હઝરતથી બયઅત થઈ કાદરી બરકાતી સિલસિલામાં મુરીદ થયા. છેવટે સલાતો સલામ દુઆ પર સંક્ષિપ્ત મહેફિલ ખત્મ થઈ. હઝરતે ખૂબ દુઆઓ ઈદારાની તરક્કી માટે આપી. છેવટે પાંચ વાગે દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ જવા માટે રવાના થયા.

વિસાલ શરીફ : ૩ રમઝાનુલ મુબારક

# સીરતે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا

હપ્તો ૦૧

સંપાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ રઝવી
(ઈંગ્લિશ/કોમ્પયુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)

## ★ નામ, લક્‌બ અને પૈદાઈશનું વર્ષ ★

આપનું નામ "ફાતિમા" અને લક્‌બ "ઝહ્‌રા" તથા "બતૂલ" છે. સરકારે દો આલમ ﷺની સાહબઝાદીઓમાં સૌથી નાનાં પરંતુ સૌથી વધારે પ્યારાં અને લાડલાં છે. આપના પૈદાઈશના વર્ષમાં મતભેદ છે, કેટલાક લોકોએ કહ્યું કે જ્યારે નબીએ કરીમ ﷺની ઉમર શરીફ ૪૧ વર્ષની હતી ત્યારે આપની પૈદાઈશ થઈ અને કેટલાક લોકોએ લખ્યું કે નબુવ્વતના એલાનના એક વર્ષ પહેલાં તેમની વિલાદત થઈ. અલ્લામા ઈબ્ને જૌઝીએ લખ્યું છે કે નબુવ્વતના એલાનના પાંચ વર્ષ પહેલાં જ્યારે ખાનાએ કા'બાની તા'મીર થઈ રહી હતી ત્યારે આપની પૈદાઈશ થઈ.

## ★ આપના નિકાહ ★

મશહૂર રિવાયતના પ્રમાણે ૧૮ વર્ષ અને કેટલીક રિવાયતોના પ્રમાણે સાડા પંદર વરસ છ માસની ઉમરમાં સન બે હિજરીમાં તેમના નિકાહ શેરે ખુદા હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہની સાથે થયા.

ઈમામે નસઈની રિવાયત છે કે પહેલા હઝરત અબૂ બકર સિદ્દીક્‌ رضی اللہ عنہએ, પછી હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاથી નિકાહ કરવા માટે પૈગામ મોકલ્યો. હુઝૂર ﷺએ એને મન્ઝૂર ન ફર્માવ્યો. પછી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ રિશ્તો મોકલ્યો તો હુઝૂર ﷺએ તેમનો નિકાહ હઝરત અલી رضی اللہ عنہ સાથે કરી દીધો.

*(મિશ્કાત શરીફ : ૫૬૫, ખુત્બાતે મુહર્રમ)*

મહર જે નક્કી થયું એ ચાર સો મિષ્કાલ ચાંદી હતી એટલે એક સો સાઈઠ રૂપિયા જેટલા.

*(ફતાવા રઝવિય્યહ, ૫/૩૨૫)*

## ★ આપનુ દહેજ ★

શહનશાહે કૌનેન ﷺએ આપની પ્યારી અને લાડલી બેટીને જે દહેજ આપ્યુ એ બાનની એક ચારપાઈ હતી, ચામડાનુ એક ગાદલુ જેમાં રૂની જગ્યાએ ખજૂરનાં પાંદડાં ભરેલાં હતાં, એક છાલ, એક મશક, બે ઘંટીઓ અને માટીના બે ઘડા.

*(સિયરુસ્ સહાબિયાત, પેજ–૧૦૦)*

અત્યાર સુધી હઝરત અલી હુઝૂર ﷺની પાસે રહેતા હતા. શાદી પછી અલગ ઘરની જરૂરત પડી તો હઝરત હારિષા બિન નો'માન અન્સારીએ પોતાનુ એક મકાન તેમને આપી દીધું.

જ્યારે હઝરત ફાતિમા નવા મકાનમાં ગયાં તો હુઝૂર ﷺ તેમને ત્યાં તશરીફ લઈ ગયા. દરવાજા પર ઉભા રહી ઈજાઝત માગી પછી અંદર ગયા. એક વાસણમાં પાણી મંગાવી બન્ને હાથ એમાં નાખ્યા અને એ પાણી હઝરત અલી رضی اللہ عنہના સીના અને બાવડાં પર છાંટયું પછી હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہاને બોલાવ્યાં એમના પર છાંટયું અને ફર્માવ્યું કે મારા ખાનદાનમાં જે શખ્સ સૌથી બેહતર છે તેની સાથે મેં તારા નિકાહ કર્યા છે. *(ઝુર્કાની વગેરે)*

## ★ આપની ઘરેલુ ઝિંદગી ★

શહનશાહે દો આલમ ﷺનાં સાહબઝાદી હોવા છતાંય હઝરત ફાતિમા رضی اللہ عنہا પોતાના ઘરનુ

કામકાજ જાતે કરતાં હતાં. ઝાડુ પોતાના હાથથી લગાવતાં, જાતે ખાવા બનાવતાં હતાં ત્યાં સુધી કે ઘંટી પણ પોતાના હાથથી પીસતાં હતાં અને મશકમાં પાણી ભરી લાવતાં હતાં જેનાથી હાથ પર ચામઠાં અને બદન પર ફોલ્લા પડી ગયા હતા. એકવાર માલે ગનીમતમાં કેટલીક બાંદી અને ગુલામ આવેલા હતા. આપે ડરતાં ડરતાં હુઝૂર ﷺથી ઘરના કામકાજ માટે એક લોંડી માગી અને હાથનાં ચામઠાં બતાવ્યાં, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું જાને પિદર ! બદરના યતીમ બાળકો તમારાથી અધિક આના હક્દાર છે.

*(સિયરુસ્ સહાબિયાત)*

એક રિવાયતમાં એ છે કે આપે ગુલામ તલબ કર્યો તો હુઝૂર ﷺએ ફર્માવ્યું બખુદા ! એવું ન થઈ શકે કે હું તમને ગુલામ આપી દઉં અને સુફ્ફાના લોકો ભૂખના કારણે પેટ પર પથ્થર બાંધી રહ્યા હોય.

*(બરકાતે આલે રસૂલ ﷺ)*

## ★ આપના ફઝાઈલ ★

હઝરત ફાતિમા رضی اللہ عنہاના ફઝાઈલમાં અગણિત હદીષો આવી છે. જેમાંથી કેટલીક રિવાયતો જોઈએ : બુખારી અને મુસ્લિમ શરીફમાં રિવાયત છે કે સરકારે અક્દસ ﷺએ ફર્માવ્યું :–

"ફાતિમા મારા ગોશ્તનો એક ટુકડો છે તો જેણે તેમને ગુસ્સે કર્યાં તેણે મને ગુસ્સો કર્યો. એક રિવાયતમાં ફર્માવ્યું, કે એ ચીજ મને નારાજ કરે છે જે ફાતિમાને નારાજ કરે છે, મને એ ચીજ તકલીફ આપે છે જે ફાતિમાને તકલીફ આપે છે.

*(મિશ્કાત શરીફ, પેજ–૨૬૮)*

જેથી જેણે હઝરત ઈમામ હસન رضی اللہ عنہને ઝેર આપ્યુ અને જે લોકોએ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہને કરબલાનાં રણમાં શહીદ કર્યા તે લોકોએ બેશક ! હઝરત ફાતિમાને અને હુઝૂર ﷺને તકલીફ પહોંચાડી અને હુઝૂર ﷺને તકલીફ પહોંચાડવી અલ્લાહને તકલીફ પહોંચાડવી છે, અલ્લાહ તથા રસૂલને તકલીફ આપવાવાળા પર દુનિયા તથા આખિરતમાં અલ્લાહની લાનત છે. અલ્લાહ ત'આલા ઈર્શાદ ફર્માવે છે :

إِنَّ الَّذِينَ يُؤْذُونَ اللَّهَ وَرَسُولَهُ لَعَنَهُمُ اللَّهُ فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَأَعَدَّ لَهُمْ عَذَابًا مُّهِينًا ۝

"બેશક ! જે લોકો અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺને તકલીફ આપે છે દુનિયા તથા આખિરતમાં એ લોકો પર અલ્લાહની લા'નત છે અને તેમના માટે ઝિલ્લતનો અઝાબ તૈયાર રાખવામાં આવ્યો છે."

*(સૂ. અહઝાબ, ૩૩/૫૭)*

નબીએ કરીમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

"હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا જન્નતી ઔરતોની સરદાર છે. *(બુખારી શરીફ : ૧/૫૩૨)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું : "તારા ગઝબથી અલ્લાહનો ગઝબ થાય છે અને તારી ખુશીમાં અલ્લાહની ખુશી. *(અલ મુસ્તદરક લિલહાકિમ)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"ફાતિમા મારા જિસ્મનો ટુકડો છે. જે એને નાપસંદ એ મને નાપસંદ. *(અલ મુસ્તદરક લિલ હકીમ, ભાગ–૩, પેજ–૧૩૩, હદીષ–૩૮૦૧)*

ઈબ્ને અબ્દુલ બર રિવાયત કરે છે. નબીએ કરીમ ﷺએ હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاથી ફર્માવ્યું : "હે બેટી ! તું એ વાતથી રાજી નથી કે તું જહાનની ઔરતોની સરદાર હોય ?" હઝરત ફાતિમાએ અર્ઝ કરી : "મારા વાલિદ ! પછી હઝરત મરયમનો શું મકામ છે ? હુઝૂર ﷺ ફર્માવ્યું : "એ પોતાના જમાનાની સરદાર છે.

*(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૪)*

અલ્લામા નબહાની رحمۃ اللہ علیہ લખે છે કે ઘણા મુહક્કિકો જેમાં અલ્લામા તકીઉદ્દીન સુબ્કી, અલ્લામા જલાલુદ્દીન સિયૂતી, અલ્લામા બદરૂદ્દીન ઝરકશી અને અલ્લામા તકીઉદ્દીન મકરોની સામેલ છે. લખે છે કે "હઝરત ફાતિમા رضی اللہ عنہا જહાનની તમામ ઔરતોથી, ત્યાં સુધી કે હઝરત મરયમથી પણ અફઝલ છે. *(અશ્શર્ફુલ મોઅબ્બદ, પેજ–૫૪)*

અલ્લામા ઈબ્ને દાઊદને જ્યારે આ વિશે સવાલ કરવામાં આવ્યા તો તેમણે ફર્માવ્યું, હુઝૂર ﷺને હઝરત ફાતિમા رضی اللہ عنہاને પોતાના શરીરનો ટુકડો ફર્માવ્યું તો હું કોઈને હુઝૂરના જિસ્મના બરાબર ન ઠરાવી શકું.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી કોણ તમને સૌથી વધારે પ્યારુ છે, હું કે ફાતિમા ? હુઝૂર ﷺએ ફર્માવ્યું : "ફાતિમા મને તમારામાંથી વધારે મહબૂબ છે અને તમે મારા નજદીક એમનાથી વધારે ઈજ્જતવાળા છો." *(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૩)*

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે કયામતના દિવસે એક પોકાર કરવાવાળો અર્શના બાતિનમાંથી પોકાર કરશે : "હે મેહશરના લોકો ! પોતાનાં માથાંને ઝુકાવી લો અને પોતાની આંખોને બંધ કરી લો જેથી ફાતિમા બિન્તે મુહમ્મદ ﷺ પુલ સિરાતથી પસાર થઈ જાય." તો હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا સિત્તેર હજાર હૂરોની ભીડમાં વીજળીની જેમ પુલ સિરાત પરથી નીકળી જશે. *(સવાઈકે મુહર્રિકા, પેજ–૧૧૬)*

ઈમામ નસઈ ફર્માવે છે કે રસૂલે પાક ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "મારી બેટી ફાતિમા ઈન્સાની હૂર છે જેને ક્યારેય હૈઝ નથી આવ્યું."

*(અશ્શર્ફુલ મોઅબ્બિદ, પેજ–૫૪)*

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ખસાઈસે કુબ્રામાં લખે છે કે હઝરત ફાતિમા رضی اللہ عنہاની ખાસિયત એ છે કે તેમને કદી હૈઝ નથી આવ્યું, જ્યારે એમને ત્યાં બાળક પૈદા થતું તો એક ઘડીમાં નિફાસથી પાક થઈ જતાં ત્યાં સુધી કે એમની નમાઝ કઝા થતી ન હતી, એટલા માટે તેમનુ નામ ઝહ્‌રા રાખવામાં આવ્યું. જ્યારે એમને ભૂખનો એહસાસ થતો તો હુઝૂર ﷺ તેમના સીના પર હાથ મુબારક રાખ્યો તો એ પછી એમને કદી ભૂખનો એહસાસ થયો નથી. જ્યારે તેમના વિસાલનો સમય નજીક આવ્યો તો એમણે જાતે જ ગુસ્લ કર્યું અને વસિય્યત કરી કે તેમને ખોલવામાં ન આવે. જેથી હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તેમને એ જ ગુસ્લ સાથે દફન કરી દીધાં.

પરંતું ફતાવા રઝવિય્યહ : ૪/૪ પર છે કે તેમને ગુસ્લ આપવામાં આવ્યું હતું. *(બરકાતે આલે રસૂલ : ૧૨૫)*

## ★ આપની વફાત ★

સરકારે અકદસ ﷺનો વિસાલ ફર્માવવાનો આપને એટલો સખ્ત સદમો લાગ્યો કે એ બનાવ પછી આપને કદી હસતાં જોયાં નથી, ત્યાં સુધી કે છ મહિના પછી ૩ રમઝાનુલ મુબારક ૧૧–હિજરી મંગળવારની રાતમાં આપ વફાત પામ્યાં, આવી રીતે અલ્લાહના મહબૂબ દાનાએ ગુયૂબ ﷺની પેશનગોઈ પૂરી થઈ કે મારા ખાનદાનમાં સૌથી પહેલાં તું જ મને આવીને મળીશ.

હઝરત ફાતિમા رضی اللہ عنہاના કફન દફનમાં એક ખાસ પ્રકારની નવીનતા કરવામાં આવી. જેમ કે તે જમાનામાં રિવાજ એ હતો કે મર્દોની જેમ ઔરતોનો જનાઝો પણ બેપર્દા કાઢવામાં આવતો. (હાલના જેમ બંધ જનાઝો ન હતો. આવતો હતો, પરંતું હઝરત સૈયદતિના મુબારક સ્વભાવમાં ખૂબ જ શર્મ તથા હયા હતી એટલા માટે તેમણે વિસાલ પહેલાં હઝરત અબૂ

બકર رضی اللہ عنہ ની પત્ની હઝરત અસ્મા બિન્તે કૈસ رضی اللہ عنہا ને ફર્માવ્યું કે ખુલ્લા જનાઝામાં ઔરતોની બેપર્દગી થાય છે જેને હું નાપસંદ કરૂ છું. તો તેમણે હઝરત સૈયદા માટે છોકરાંઓના એક પારણા જેમ બનાવ્યું જેને જોઈ આપ ખૂબ જ ખુશ થયાં. ઔરતોના જનાઝા પર આજકાલ જે પર્દો લગાવવાનો દસ્તૂર છે એની શરૂઆત આપનાથી જ થઈ. હઝરત અલી કે હઝરત અબ્બાસ رضی اللہ عنہما એ આપની જનાઝાની નમાઝ પઢાવી અને સહીહ તથા મુખ્તાર (પસંદીદા) કૌલ એ છે કે આપ જન્નતુલ્ બકીઅમાં દફન થયાં.

## ★ ખાતૂને જન્નતની ઈબાદતમાં દિલચસ્પી ★

**સૈયદા ફાતેમા رضی اللہ عنہا નો નમાઝમાં ઝોક (શોખ)** : હઝરત અલ્લામા શૈખ અબ્દુલ હક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ મદારિજુન્નબુવ્વતમાં નકલ કરે છે, હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہ ફર્માવે છે, મેં મારાં વાલિદા માજેદા હઝરત સૈયદતુના ફાતિમા رضی اللہ عنہا ને જોયાં કે આપ (ઘણી વખત) ઘરની મસ્જિદના મહેરાબમાં રાતભર નમાઝમાં મશગૂલ રહેતાં, ત્યાં સુધી કે સવાર થઈ જતી.

*(મદારિજુન્નબુવ્વત, જિલ્દ–૨, પેજ–૬૨૩)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ખાતૂને જન્નત رضی اللہ عنہا ને કેટલો બધો ઈબાદતનો શોખ હતો કે આખી આખી રાત ઈબાદતમાં પસાર કરતાં હતાં, જેથી આપ رضی اللہ عنہا થી ખરેખર મહોબ્બતનો તકાઝો એ છે કે આપણે ફક્ત ફર્ઝો નહીં પરંતુ સુન્નતો અને નવાફિલની અદાયગીને આપણો મામૂલ બનાવીએ.

## ★ વ્યસ્તતામાં પણ અલ્લાહનો ઝિક્ર ★

હઝરત સૈયદુના સલ્માન ફારસી رضی اللہ عنہ ફર્માવે છે કે હું એકવાર હુઝૂર પુરનૂર ﷺ ના હુકમથી હઝરત ફાતિમા رضی اللہ عنہا ની ખિદમતમાં હાજર થયો. મેં જોયુ કે હઝરાતે હસનૈન કરીમૈન رضی اللہ عنہما સૂઈ રહ્યા હતા. આપ رضی اللہ عنہا તેમને પંખો નાખી રહ્યાં હતાં અને ઝબાનથી કલામે ઈલાહીની તિલાવત ચાલુ હતી. આ જોઈ મને એક ખાસ રિક્કતની હાલત તારી થઈ.

*(સફીઉન્ નૂહ, ૨/૩૫)*

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આપે જોયું કે ખાતૂને જન્નત رضی اللہ عنہا ને તિલાવત કરવાનો કેટલો બધો શોખ હતો કે પોતાની ઘરેલુ કામકાજની વ્યસ્તતા દરમિયાન ઝબાનથી તિલાવતે કુર્આનનો વિર્દ પણ ચાલુ રાખતાં હતાં, જ્યારે કે આપણે આપણી વ્યસ્તતા દરમિયાન ગીત સંગીતનો શોરબકોર ચાલુ રાખીએ છીએ, જેની નહૂસતથી ગુનાહોનુ મિટર ચાલુ રહે છે. કાશ ! ખાસ કરીને બધી જ ઈસ્લામી બહેનોનુ એ ઝહન બની જાય કે ઘરના કામકાજની વ્યસ્તતા દરમિયાન પોતાની ઝબાનને અલ્લાહના ઝિક્રથી તર રાખે. એનાથી ન ફક્ત પોતાની નેકીઓમાં વધારો થશે બલ્કે ઔલાદને પણ એનાથી ફાયદો થશે.

## ★ ખાવા બનાવતી વખતે પણ તિલાવત ★

અમીરૂલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે સૈયદા ફાતેમા رضی اللہ عنہا ખાવા પકાવવાની હાલતમાં પણ કુર્આન પાકની તિલાવત ચાલુ રાખતાં. નબીએ કરીમ ﷺ જયારે નમાઝ માટે તશરીફ લાવતા અને રસ્તામાં સૈયદા رضی اللہ عنہا ના મકાન પાસેથી પસાર થતા અને ઘરેથી ઘંટી ચલાવવાનો અવાજ સાંભળતા તો ખૂબ જ દર્દ અને મહોબ્બત સાથે અલ્લાહની બારગાહમાં દુઆ કરતા :

''યા અરહમર્રાહિમીન ! ફાતિમા رضی اللہ عنہا ને રિયાઝત અને કનાઅત (થોડામાં રાજી રહેવા) પર જઝાએ ખૈર અતા ફર્માવ અને તેને દરેક હાલતમાં અડગ રહેવાની તૌફીક઼ અતા ફર્માવ.''

*(સફીનએ નૂહ, ૨/૩૫)*

# રાફઝી-શીઆ ફિર્કાની

## ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૭

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શાનમાં

**ફર્માને રબ તઆલા :** આપની તારીફ તથા પ્રશંસામાં કુર્આની આયતો નાઝિલ થયેલી છે, જે આપની મહાનતા તથા હક્કાનિયતને પ્રદર્શિત કરે છે. જેમ કે, અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :-

اَمَّنْ هُوَ قَانِتٌ اٰنَآءَ الَّيْلِ سَاجِدًا وَّ قَآئِمًا يَّحْذَرُ الْاٰخِرَةَ وَ يَرْجُوْا رَحْمَةَ رَبِّهٖ ؕ

"શું તે જેને ફર્માંબરદારી (આજ્ઞાપાલન)માં રાતની ઘડીઓ ગુજરી સજદાઓમાં તથા કયામમાં. આખેરતથી ડરતો અને પોતાની રબથી રહ્મતની આશા લગાડેલ.' *(સૂરએ ઝુમર, ૩૯/૯)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે આ આયત હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના માટે નાઝિલ થઈ. *(મઆલિમુત્તન્ઝીલ, ૭/૧૧૧)*

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-

اِنَّ الَّذِيْنَ سَبَقَتْ لَهُمْ مِّنَّا الْحُسْنٰٓى ۙ اُولٰٓئِكَ عَنْهَا مُبْعَدُوْنَ ﴿١٠١﴾ لَا يَسْمَعُوْنَ حَسِيْسَهَا ۚ وَ هُمْ فِيْ مَا اشْتَهَتْ اَنْفُسُهُمْ خٰلِدُوْنَ ﴿١٠٢﴾

"બેશક ! જેમના માટે અમારો વાયદો ભલાઈનો થઈ ચૂક્યો તેઓ જહન્નમથી દૂર રાખવામાં આવેલા છે. તેઓ એની ભણક પણ સાંભળશે નહીં, અને તેઓ પોતાની મનગમતી ખ્વાહિશોમાં હમેશાં રહેશે."

*(સૂરએ અંબિયા, ૨૧/૧૦૧, ૧૦૨)*

મુહમ્મદ બિન હાતિબ બયાન કરે છે કે મેં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા કે આ આયત હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના હક્કમાં નાઝિલ થઈ. *(તફસીરે ઈબ્ને કષીર, ૩/૩૬૫)*

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :-

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَآ اَنْفَقُوْا مَنًّا وَّ لَآ اَذًى ۙ لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَ لَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ ﴿٢٦٢﴾

"તેઓ જે પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે, પછી આપવા પાછળ ન એહસાન રાખે ન તકલીફ આપે, તેમનું નેક (ઈનામ) તેમના રબની પાસે છે, અને તેમને ન કાંઈ અંદેશો હોય ન કાંઈ ગમ."

*(સૂરએ બક્રહ, ૨/૨૬૨)*

- ❑ વાહિદીએ અસ્બાબુન્નુઝૂલમાં લખ્યું છે કે આ આયત હઝરત ઉષ્માનગની તથા હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہના હક્કમાં નાઝિલ થઈ.

*(અસ્બાબુન્નુઝૂલ લિલ્ વાહિદી, પેજ : ૮૯)*

આ ઉપરાંત અન્ય આયતો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની શાનમાં અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આનમાં ઉતારી છે.

- ❑ હદીષે પાકમાં છે : હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, હઝરત લૂત علیہ السلامના બાદ ઉષ્માન જ તે છે

જેમણે પોતાની પત્નીની સાથે અલ્લાહના માટે હિજરત કરી.

*(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧/૯૦)*

❑ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે જે સમયે જયશે ઈસ્રા હુઝૂરે અક્દસ ﷺએ તૈયાર કર્યું તો આપે ફર્માવ્યું, આજે અલ્લાહની બારગાહમાં મક્બૂલ માલ કોણ ખર્ચ કરશે ? તો હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ એક હજાર દીનાર હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કર્યા. હુઝૂર દીનારોને ઉલટાવતા પલટાવતા જતા અને ફર્માવતા જતા, **હે અલ્લાહ ! આજના પછી ઉષ્માનના કોઈ અમલ પર પૂછતાછ ન કરતો.** *(તારીખે મદીના દમિશ્ક, ૬૭/૩૯)*

❑ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે. રસૂલે અક્દસ ﷺએ ફર્માવ્યું, **જન્નતમાં દરેક નબીનો એક રફીક હશે અને યકીનન ! મારા રફીક જન્નતમાં ઉષ્માન હશે.** *(તારીખે મદીના દમિશ્ક, ૩૯/૧૦૪)* તેમજ ફર્માવ્યું, હયા ઈમાનનો ભાગ છે અને **મારી ઉમ્મતમાં સૌથી અધિક બાહયા જનાબ ઉષ્માન છે.** *(૩૯/૯૨)* તેમજ ફર્માવ્યું, શું હું એવા શખ્સથી હયા ન કરું જેનાથી ફરિશ્તા પણ હયા કરે છે ? એ જાતની કસમ ! જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે, બેશક ! ફરિશ્તા જનાબ ઉષ્માનથી એ રીતે શરમ કરે છે જેવી રીતે ખુદા તથા તેના રસૂલથી.''

*(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૩૨૭)*

❑ હઝરત અલી رضی اللہ عنہ રિવાયત કરે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જનાબ **ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہની શફાઅતથી સિત્તેર હજાર એવા લોકો વિના હિસાબે જન્નતમાં જશે જેમના પર જહન્નમ વાજિબ થઈ ચૂકી હતી.** *(તારીખે મદીના દમિશ્ક, ૩૯/૨૨)*

❑ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઉષ્માન رضی اللہ عنہને ફર્માવ્યું, હે ઉષ્માન ! જિબ્રઈલે મને બતાવ્યું છે કે **અલ્લાહ તઆલાએ ઉમ્મે કુલ્યૂમનો નિકાહ તમારી સાથે કર્યો છે** અને મહેર જે રુકૈયાની હતી તે જ છે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૪૦)*

❑ હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા, જે દિવસે ઉષ્માન ઈન્તેકાલ કરી જશે, તેમની નમાઝ આસ્માનના ફરિશ્તા પઢશે.

*(મુસ્નદુલ ફિરદૌસ, લિલ્ દયલમી, ૫/૫૩૩)*

❑ હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં એક જનાઝો લાવવામાં આવ્યો જેથી એના પર નમાઝે જનાઝા પઢે. પરંતુ **આપે નમાઝે જનાઝા ન પઢી.** અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ આનાથી પહેલાં અમે તમને કોઈની નમાઝે જનાઝા છોડતા નથી જોયા. આપે ફર્માવ્યું, **આ શખ્સ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہથી અદાવત ધરાવતો હતો જેથી એ અલ્લાહ તઆલાથી અદાવત રાખનાર થયો.**

*(અર્રિયાઝુન્નઝર ફી મનાકિબિલ અશ્રા, ૨/૩૦)*

**પ્યારા દીની ભાઈઓ ! બહેનો !** આ ઉપરાંત કુર્આન હદીષની રૂએ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہનો મર્તબો ધરાવતી આયતો હદીષોથી કિતાબો ભરપુર છે, છતાં કોઈ આ મહાન સહાબીએ રસૂલ ﷺ વિશે ભલુ બુરૂ બકે તો પોતાનો અંજામ તે ખુદ વિચારી લે. *(ક્રમશઃ)*

# ઝકાત અને સદક઼ાતના ફાયદાઓ

રજૂકર્તા : મૌલાના મુનવ્વરરઝા
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ મિસ્કિનિયહ,
સજ્જાદાનશીન હઝરત લઘાશાહબાવા–ધોરાજી)*

દરેક મુસલમાન આક઼િલ, બાલિગ, માલિકે નિસાબ પર પોતાના માલની ઝકાત વાજિબ છે અને રાહે ખુદામાં માલ ખર્ચ કરવું શ્રેષ્ઠ કાર્ય છે. ઝકાત અને સદક઼ાતની અદાયગીના અસંખ્ય ફાયદાઓ કુર્આન શરીફ અને હદીષ શરીફમાં વર્ણવેલા છે. મોટી વાત એ છે કે ઝકાત અને સદક઼ાત અદા કરવું પરવરદિગારની નિકટતા પ્રાપ્ત કરવાનો રસ્તો છે અને મુસલમાન માટે તો અગત્યની વાત એ છે કે તેને મૌલાની નિકટતા પ્રાપ્ત થઈ જાય છે. ઝકાત અને સદક઼ાતનો ફાયદો ત્યારે જ પ્રાપ્ત થઈ શક્શે જ્યારે તેના આદાબ ધ્યાનમાં રાખીને તેને અદા કરવામાં આવે. જેથી આપણે તેના આદાબ અને મસાઈલ શીખવા જરૂરી છે.

## (૧) ખુદા તઆલાની ખુશ્નૂદી પ્રાપ્ત કરવું

સૂરએ દહરની આયત નં. ૮ અને ૯માં મો'મિનીનના ઝકાત અને સદક઼ા આપવાના જઝબાનું વર્ણન કરતાં ફર્માવ્યું :–

وَ يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّ اَسِيْرًا۝
اِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ لَا نُرِيْدُ مِنْكُمْ جَزَآءً وَّ لَا شُكُوْرًا۝

''અને ખાણુ ખવડાવે છે તેની મહોબ્બતમાં મિસ્કીનો, યતીમ અને કેદીને. તેમને કહે છે, અમે તમોને ફકત અલ્લાહની ખુશી માટે ખવડાવીએ છીએ, તમારાથી કોઈ બદલો અથવા આભાર નથી માગતા.''

આ આયતોથી જાણવા મળ્યું કે જો કોઈને ઝકાત અથવા સદક઼ા આપવામાં આવે તો મક઼સદ ફકત અલ્લાહને ખુશ કરવાનો હોય, નામવરી, દેખાડો કે બીજો કોઈ મક઼સદ ન હોય.

## (૨) એહસાન જતાવવામાં ન આવે

સૂરએ બક઼રહ, આયત નં. ૨૬૨માં છે :–

اَلَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ثُمَّ لَا يُتْبِعُوْنَ مَاۤ اَنْفَقُوْا مَنًّا وَّ لَاۤ اَذًى لَّهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ وَ لَا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ۝

''તે લોકો જે પોતાના માલને અલ્લાહના રસ્તામાં ખર્ચ કરે છે. આપ્યા પછી ન એહસાન જતાવે, ન તકલીફ આપે તેનો બદલો તેમના રબની પાસે છે, તેમને ન કોઈ ખૌફ છે ન ડર.''

ઝકાત આપ્યા પછી એહસાન જતાવવાનો મતલબ એ છે કે આપ્યા પછી બીજા સામે જાહેર કરે કે મેં તારી સાથે આવું આવું સુલૂક કર્યું અને તકલીફ આપવાનો મતલબ એ કે તેને બીજાની સામે શર્મિંદો કરે, આ બધુ શરીઅતમાં મના છે.

## (૩) મોહતાજની સાથે નરમી કરવું

સૂરએ અસ્રા, આયત નં. ૨૮માં ઈર્શાદ છે :–

وَ اِمَّا تُعْرِضَنَّ عَنْهُمُ ابْتِغَآءَ رَحْمَةٍ مِّنْ رَّبِّكَ تَرْجُوْهَا فَقُلْ لَّهُمْ قَوْلًا مَّيْسُوْرًا۝

''અને જો તું તેમનાથી મોઢું ફેરવે પોતાના રબની રહમતની પ્રતિક્ષામાં જેની તને આશા છે તો તેમનાથી નરમ વાત કહે.''

આ આયતમાં કહેવામાં આવ્યું કે જો કોઈ ફક઼ીર તમારી પાસે ભીખ માગે અને તમારી પાસે તેને આપવા માટે કાંઈ જ ન હોય તો તેની બે રીત છે,

પ્રથમ જો આપણી પાસે અમુક ચોક્કસ દિવસો પછી માલ આવવાની આશા હોય જેનાથી તેની મદદ કરી શકીએ તો તેટલા દિવસો પછી તેને આપવાનો વાયદો કરી લેવું જોઈએ. બીજુ જો ભવિષ્યમાં પણ કાંઈ આવવાની આશા ન હોય તો તેની સાથે નરમીનો સુલૂક કરીને તેના માટે દુઆએ ખૈર વ આફિયત કરવી જોઈએ.

## (૪) સારો માલ ખર્ચવું

સૂરએ બક઼રહ્, આયત નં. ૨૬૭માં છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَنْفِقُوْا مِنْ طَيِّبٰتِ مَا كَسَبْتُمْ وَ مِمَّاۤ اَخْرَجْنَا لَكُمْ مِّنَ الْاَرْضِ ۪ وَ لَا تَيَمَّمُوا الْخَبِيْثَ مِنْهُ تُنْفِقُوْنَ

"હે ઈમાનવાળાઓ ! પોતાની પાક કમાઈઓમાંથી કાંઈક આપો અને તેમનાથી જે અમોએ તમારા માટે જમીનમાંથી કાઢ્યું અને ખાસ ખરાબ આપવાની ઈચ્છા ન રાખો જે તમને મળે તો નહીં લો."

અમુક લોકોની આદત હોય છે કે તેમની પાસે જે ખરાબ માલ હોય છે તે તેમાંથી જ માગનારને આપે છે અને સારો માલ આપતા નથી. સારું તો એ જ છે કે અલ્લાહની રાહમાં આપવામાં આવે તો સર્વશ્રેષ્ઠ માલ આપવામાં આવે, ખરાબ અને રદ્દી માલ ન આપવામાં આવે.

## (૫) હલાલ રોજીથી રાહે ખુદામાં ખર્ચનો ફાયદો

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

"જેણે પાક કમાઈથી એક ખજૂર બરાબર ખર્ચ કર્યું અને અલ્લાહ તબારક વ તઆલા પાક કમાઈથી ખર્ચેલ માલ જ કૂબૂલ કરે છે, તો અલ્લાહ તબારક વ તઆલા પોતાની રહ્મતથી તેને કૂબૂલ ફર્માવે છે. પછી ખર્ચ કરનાર માટે તેને પાળે છે જેવી રીતે કોઈ વ્યક્તિ પોતાના જાનવરના બચ્ચાને પાળે છે એટલે સુધી કે તે પહાડની બરાબર થઈ જાય. *(બુખારી શરીફ, ૨/૧૦૮)*

હલાલ કમાઈ આપણી ઉપર અને આપણી ઔલાદ પર ખર્ચ કરવું જરૂરી છે પણ જે માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરવામાં આવે તેમાં ખાસ ધ્યાન રાખવામાં આવે કે તે હલાલ અને પાક કમાઈનો હોય. જો એવી રીતે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં આવે તો તે માલનો સવાબ ખજૂરથી લઈ પહાડ સુધી વધારવામાં આવશે.

## સદક઼એ જારિયહ્

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

"જ્યારે કોઈ મુસલમાન કોઈ રોપો વાવે છે અથવા ખેતી ઉઘાડે છે જેનાથી કોઈ ઈન્સાન અથવા પશુ પંખી ખાય છે તો તેના માટે સદકો છે."

*(બુખારી શરીફ, ૩/૧૦૩)*

સદક઼ો હક઼ીક઼તમાં મખ્લૂક઼ે ખુદાને ફાયદો પહોંચાડવાનું નામ છે, કોઈ મુસલમાન કોઈપણ રીતે કોઈ પણ મખ્લૂક઼ને ફાયદો પહોંચાડે અથવા કોઈ તકલીફ દૂર કરે તો આ કાર્ય તેના માટે સદક઼ો છે અને તે સવાબનો હક્ક઼દાર પણ થશે.

*[બરકાતે સુન્નતે રસૂલ, લેખક : અતાએ મુફ્તીએ આ'ઝમે હિંદ હઝરત હાફિઝ કારી મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીમાંથી સાભાર]*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. **કિંમત રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ૨૫ મો ફિક્હી સેમીનાર તથા તેના ફૈંસલાઓ

હપ્તો : છેલ્લો

અઝ : મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી
(સદર મુફ્તી વ પ્રિન્સિપાલ જામિઆ અશ્રફિયા-મુબારકપુર)
અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

## જીવન સહાયક વ્યવસ્થા [લાઈફ સપોર્ટ (વેન્ટિલેટર) સિસ્ટમ]

**ત્રીજી બેઠક : ૧૯ રબીઉન્નૂર ૧૪૪૦ હિ.સ./ઈ.સ. ૨૮ નવેમ્બર ૨૦૧૮, બુધવાર સવારે**

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ☆ حَامِدًا و مُصَلِّیًا و مُسَلِّمًا

### :: ફૈંસલાનો ખુલાસો ::

- ❑ *ન્યૂમોનિયા તથા ઓપરેશનની સ્થિતિમાં વેન્ટિલેટરનો ઉપયોગ લાભકારક છે. કેમ કે ટેમ્પરરી ઉપયોગના કારણે શ્વાસોચ્છવાસ પ્રક્રિયા બહાલ થઈ જાય છે. જેથી આવી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ જાઈઝ તથા બેહતર છે.*
- ❑ *એ જ પ્રમાણે જ્યારે ફેફસાં ઓછા ખરાબ હોય અને શક્યતા હોય કે થોડાક જ દિવસોમાં તે કામ કરતાં થઈ જશે તો વેન્ટિલેટરનો ઉપયોગ જાઈઝ તથા બેહતર છે.*
- ❑ *અને જ્યારે કાર્યરત થવાની બહુ ઓછી આશા હોય તો પણ અનુભવ કરીને પરિણામ જોઈ શકે છે.*
- ❑ *જ્યારે સારુ થવાની આશા ન હોય અને દર્દીના ઈશારાઓથી તેના લોકોને થોડોક લાભ થતો હોય અને પોતે દર્દીને પણ કલ્મો વગેરે પઢવાનો ફાયદો થઈ શકતો હોય તો આવી પરિસ્થિતિમાં પણ વેંટિલેટરનો મામૂલી ફાયદો છે.*
- ❑ *પરંતુ જો આ ફાયદો પણ નષ્ટ થઈ જાય તો વેન્ટિલેટરનો પ્રયોગ માત્ર એટલા માટે જ રહી જશે કે દર્દી તકલીફની સાથે શ્વાસ લેતો રહેશે અને માલ બર્બાદ થતો રહેશે, આવી પરિસ્થિતિમાં એ હોવું જોઈએ કે અલ્લાહ તબારક વ તઆલા ભરોસો કરીને વેન્ટિલેટર હટાવી આપવામાં આવે જેથી દર્દીને તકલીફ તથા માલની બર્બાદીનો સિલસિલો બંધ થઈ જાય. થશે તે જ જે અલ્લાહને મંઝૂર હોય. વલ્લાહુ તઆલા અઅ્લમ*

શરીરમાં અમુક અંગો એટલાં અગત્યનાં હોય છે કે જો તે કામ કરવાનું બંધ કરી આપે તો વ્યક્તિ જીવંત નથી રહી શકતી. ખાસ કરીને દિમાગી સંબંધ (દિમાગ સંબંધી પ્રબંધ) જેની સાથે શ્વાસોચ્છવાસની પ્રક્રિયા તથા હૃદયની પ્રક્રિયા જોડાયેલી છે. જો તેમાં ખરાબી આવી જાય તો વ્યક્તિ મોતની નજીક પહોંચી જાય છે. આવી પરિસ્થિતિમાં એક ખાસ સ્વાસ્થ્ય સંબંધિત પદ્ધતિ દ્વારા તે પ્રબંધને ચાલુ રાખવામાં આવે છે. આ જ પદ્ધતિને લાઈફ સપોર્ટ સિસ્ટમ કહેવામાં આવે છે.

અમુક બીમારીઓ તથા પરિસ્થિતિઓમાં આ પદ્ધતિ દ્વારા કરવામાં આવતી સારવારથી અંગો તંદુરસ્ત થઈને કામ કરવાનું ચાલુ કરી દે છે. અને અમુક પરિસ્થિતિમાં અંગો કાર્યરત તો નથી થતાં પરંતુ આ પધ્ધતિના કારણે જીવન ચાલતુ રહે છે.

આ પ્રકારની સારવાર ઘણી મોંઘી હોય છે. ક્યારેક તો તેમાં દરરોજ પાણી જેમ પૈસા વહાવવા પડે છે અને ક્યારેક તો તે બધો જ માલ આરોગી જીય છે અને સારુ પણ નથી થતું.

## ★ લાઈફ સપોર્ટ સિસ્ટમની ચાર સ્થિતિઓ ★

૦૧. શ્વાસોચ્છવાસની પ્રક્રિયાને બહાલ કરવી.

૦૨. દિલ તથા ફેફસાંઓને કૃત્રિમ પધ્ધતિથી બહાલ કરવાં.

૦૩. ડાયલીસિસ (લોહીની સફાઈ તથા તે બદલવું)

૦૪. કૃત્રિમ પ્રવાહી ખોરાક આપવો.

પ્રથમ સ્થિતિમાં વેન્ટિલેટરનો પ્રયોગ થાય છે. આ એક એવી મશીન છે જે દર્દીને શ્વાસ લેવામાં મદદરૂપ થાય છે. તે ફેફસાંઓમાં હવા પહોંચાડીને શરીરને ઓક્સિજન આપે છે અને કાર્બનડાયોકસાઈડ્‌ને બહાર કાઢે છે.

ન્યૂમોનિયા તથા ઓપરેશન માટે ટેમ્પરરી તેનો પ્રયોગ થાય છે. ત્યાર બાદ જ્યારે શ્વાસોચ્છવાસની પ્રક્રિયા સુધરી જાય તો તેને હટાવી લેવામાં આવે છે.

ફેફસાં ખરાબ હોવાની પરિસ્થિતિમાં થોડાક વધારે સમય સુધી આ મશીનના પ્રયોગની જરૂરત હોય છે. તેની સ્થિતિઓ હોય છે :–

૦૧. ક્યારેક ફેફસાં સારાં થઈને કામ કરવા લાગે છે.

૦૨. ક્યારેક ફેફસાં સારાં થવાની માત્ર આશા જ હોય છે.

૦૩. ક્યારેક સારા થવાની આશા તો ન રહે, પરંતુ દર્દીમાં વાતો સાંભળવા, સમજવા તથા ઈશારાઓથી પોતાની વાત રજૂ કરવાની ક્ષમતા રહે છે. આવી હાલતમાં તો હોઠ હલાવ્યા વિના અથવા મનમાં ઝિક્ર તથા કલ્મો પઢવાના લાયક હોય છે.

૦૪. ક્યારેક આ પ્રકારની ક્ષમતા તથા શક્તિ પણ નથી હોતી માત્ર શ્વાસની પ્રક્રિયા ચાલુ રહે છે અને માત્ર દર્દીને બસ જીવંત કહી શકાય છે. (સામાન્ય રીતે આ હાલત દિમાગી બીમારીઓમાં આવે છે.)

## શરીઅતનો હુકમ

- *ન્યૂમોનિયા તથા ઓપરેશનની સ્થિતિમાં વેંટિલેટરનો ઉપયોગ લાભકારક છે. કેમ કે ટેમ્પરરી ઉપયોગના કારણે શ્વાસોચ્છવાસ પ્રક્રિયા બહાલ થઈ જાય છે. જેથી આવી પરિસ્થિતિમાં તેનો ઉપયોગ જાઈઝ તથા બેહતર છે.*
- *એ જ પ્રમાણે જ્યારે ફેફસાં ઓછા ખરાબ હોય અને શક્યતા હોય કે થોડાક જ દિવસોમાં તે કામ કરતાં થઈ જશે તો વેંટિલેટરનો ઉપયોગ જાઈઝ તથા બેહતર છે.*

- *અને જ્યારે કાર્યરત થવાની બહુ ઓછી આશા હોય તો પણ અનુભવ કરીને પરિણામ જોઈ શકે છે.*
- *જ્યારે સારુ થવાની આશા ન હોય અને દર્દીના ઈશારાઓથી તેના લોકોને થોડોક લાભ થતો હોય અને પોતે દર્દીને પણ કલ્મો વગેરે પઢવાનો ફાયદો થઈ શકતો હોય તો આવી પરિસ્થિતિમાં પણ વેંટિલેટરનો મામૂલી ફાયદો છે.*
- *પરંતુ જો આ ફાયદો પણ નષ્ટ થઈ જાય તો વેંટિલેટરનો પ્રયોગ માત્ર એટલા માટે જ રહી જશે કે દર્દી તકલીફની સાથે શ્વાસ લેતો રહેશે અને માલ બર્બાદ થતો રહેશે, આવી પરિસ્થિતિમાં એ હોવું જોઈએ કે અલ્લાહ તબારક વ તઆલા ભરોસો કરીને વેંટિલેટર હટાવી આપવામાં આવે જેથી દર્દીને તકલીફ તથા માલની બર્બાદીનો સિલસિલો બંધ થઈ જાય. થશે તે જ જે અલ્લાહને મંઝૂર હોય. વલ્લાહુ તઆલા અઅ્લમ*

**લાઈફ સપોર્ટ સિસ્ટમની બીજી રીત :** હૃદય તથા ફેફસાંઓને કૃત્રિમ રીતે બહાલ (યથાવત) કરવું જેને C.R.P. કહે છે. તેમાં શ્વાસ તથા નસોને ચાલુ કરવાની કોશિશ થાય છે તે પણ જાઈઝ છે.

**ત્રીજી રીત :** ડાયાલિસીસ છે. એના સંબંધે ૨૩મા ફિક્હી સેમિનારમાં જે ૧૬ થી ૧૮ સફર હિ.સ. ૧૪૩૭, ઈ.સ. પ્રમાણે ૨૮ થી ૩૦ નવેમ્બર ૨૦૧૫માં ચર્ચા થઈ ચૂકી છે. ચર્ચા હેઠળના વિષય ''રોઝાની હાલતમાં ઈલાજના કેટલાક નવા મસાઈલ''માં ચર્ચા થઈ ચૂકી છે.

**ચોથી રીત :** કૃત્રિમ પ્રવાહી ખોરાક આપવું એ પણ જાઈઝ છે.

યાદ રાખશો કે ઈલાજ કરવો માત્ર ત્યારે જ વાજિબ છે જ્યારે સારુ થવાનું નિશ્ચિત તથા યક઼ીની હોય. જેમ કે સખત તરસ લાગવાની સ્થિતિમાં કાંઈક પીને જાન બચાવવી, અથવા મૃત્યુની નજીક પહોંચેલ ભૂખ્યાનું કાંઈક ખાઈને જાન બચાવવી. તેના સિવાયની તિબ્બી (મેડિકલ) પધ્ધતિઓ જેમાં શિફાનું નામ ગુમાન હોય છે તે વાજિબ નથી, માત્ર જાઈઝ છે. તેની પણ કેટલીયે સ્થિતિઓ છે. ક્યાંક ઈલાજ કરવો બેહતર હોય છે, તો ક્યાંક ન કરવો બેહતર હોય છે. ટૂંકમાં **ગુમાન સંબંધિત પધ્ધતિઓમાં** જો વ્યક્તિ ઈલાજ તથા સારવાર ન કરે અને મૃત્યુ પામે તો તે **ગુનેહગાર નથી.** જ્યારે કે **પ્રથમ કતઈ (નિશ્ચિત) તથા યક઼ીની શિફાવાળી સ્થિતિ**માં ઈલાજ છોડવાથી જે મૃત્યુ પામે તો તે **ગુનેહગાર થશે.**

ફતાવા આલમગીરીમાં એ જ પ્રમાણે છે જેનો ખુલાસો એ છે કે, દવા તથા સારવાર કરવામાં કોઈ હરજ કે વાંધો નથી. જ્યારે કે એ અક઼ીદો તથા માન્યતા રાખે કે શિફા આપનાર તો માત્ર અલ્લાહ તબારક વ તઆલા છે અને તેણે દવાને શિફાનો આધાર તથા સબબ બનાવ્યો છે. અને હા ! જો એ અક઼ીદો ધરાવ્યો કે શિફા દેનાર તે દવા છે તો પછી તેમાં હરજ તથા વાંધો છે. *(ફતાવા હિંદિયા, ૫/૩૫૪)*

એક વ્યક્તિને બીમારી થઈ ડોકટરે તેને કહ્યું, તમારા લોહીનું પ્રમાણ વધી ગયું છે તેને કઢાવવું પડશે. બીમાર વ્યક્તિએ લોહી ન કઢાવ્યું અને મૃત્યુ પામી ગયો તો તે ગુનેહગાર નહીં ગણાશે. કેમ કે તે યક઼ીનની સાથે તથા નિશ્ચિત ન હતું કે તેની શિફા લોહી કઢાવવામાં જ છે. ફતાવા ક઼ાઝીખાંમાં પણ આ જ પ્રમાણે છે.

*(ફતાવા હિંદીયા, ૫/૩૫૪, ૩૫૫)*

એક વ્યક્તિ બીમાર થઈ અથવા તેની આંખમાં દુઃખાવો થયો અને દવા તથા સારવાર ન કરાવી અને મૃત્યુ પામ્યો તો તે ગુનેહગાર નહીં ગણાય. આ પરિસ્થિતિમાં તથા તે પરિસ્થિતિમાં જેમાં ભૂખ લાગી હોય અને ખાઈ શકતો હોવા છતાં ન ખાઈ અને મૃત્યુ પામે તો તે ગુનેહગાર છે. આ બંનેવમાં ફરક છે. કારણ કે થોડુક ખાવું યકીનની સાથે તેની જાન બચાવી લેતું પણ તેને ખાવાનું છોડીને પોતાને હલાક઼ કરી નાખ્યો અને સારવાર તથા દવા કરવામાં એવું નથી હોતું. *(ફતાવા હિંદિયા, ૫/૩૫૫)*

## પોસ્ટમોર્ટમ શરીઅતે દષ્ટિએ

**ચોથી બેઠક : ૧૯ રબીઉન્નૂર હિ.સ. ૧૪૪૦/ઈ.સ. ૨૮ નવેમ્બર ૨૦૧૮, બુધવાર સાંજે**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ☆ حَامِدًا و مُصَلِّیًا و مُسَلِّمًا

**:: ફેંસલાનો ખુલાસો ::**

- ❑ *પોસ્ટમોર્ટમમાં કેટલીક વાતો નાપસંદ તથા મકરૂહ છે જેની સામાન્ય સ્થિતિમાં શરીઅત ઈજાઝત આપતી નથી. જેથી જ્યાં સુધી ક઼ાનૂની રૂએ બચવાની સંભાવના હોય ત્યાં સુધી બચે અને જ્યાં મજબૂર હોય ત્યાં મઅઝૂરના હુકમમાં છે.*
- ❑ *જે પરિસ્થિતિઓમાં ક઼ાનૂની રીતે પોસ્ટમોર્ટમ જરૂરી તથા અનિવાર્ય છે ત્યાં મૈયતના વાલીઓએ ચૂપ રહેવું જોઈએ.*
- ❑ *ક઼ાતિલ (મારી નાખનાર, મર્ડર કરનાર) તથા તેના વાલીઓ ખૂનબહા (ક઼તલ કરવામાં ક઼ાતિલ પાસેથી લેવામાં આવતી રકમ) આપી દે અથવા મક઼તૂલ (જેનું મર્ડર કરવામાં આવ્યું છે)ના વાલીઓ ખૂનબહા માફ કરી આપે તો બંને પક્ષો કોશિશ કરે કે ''પંચનામા''થી કામ ચાલી જાય અને લાશનું પોસ્ટમાર્ટમ ન થાય.*
- ❑ *અને જ્યાં ક઼ાતિલ તથા મક઼તૂલના વાલીઓમાં સુલહ ન થઈ શકે તો ત્યાં સાધારણ અમનો શાંતિને જાળવી રાખવા માટે F.I.R. નોંધાવવી જોઈએ તેમાં કોઈ વાંધો નથી.*

પોસ્ટમાર્ટમનો અર્થ થાય છે ''મૃત્યુ પછી'' મતલબ મૌત પછીની તપાસ. કોઈ આકસ્મિક ઘટનામાં અથવા આકસ્મિક રીતે મૃત્યુ પામે તો તેના મૌતના કારણની તપાસ તથા એક અંદાજાથી મૌતના સમયની તપાસ કરવામાં આવે છે તેને આધુનિક મેડિકલ બોલીમાં તથા ક઼ાનૂની દષ્ટિએ ''પોસ્ટમોર્ટમ'' કહેવામાં આવે છે.

### ★ પોસ્ટમોર્ટમના હેતુઓ (મૃત્યુ થવાના કારણોની તપાસ) ★

- ❑ મૌતની સ્થિતિ તથા હાલતની તપાસ.
- ❑ મૃત્યુના પ્રકારની તપાસ કે મૃત્યુ કુદરતી રીતે થયું છે કે ગેર કુદરતી રીતે.
- ❑ જો ગેર કુદરતી રીતે મૃત્યુ હોય તો આત્મહત્યા છે કે મર્ડર છે અથવા એક્સિડન્ટ.

- ❑ જો આત્મહત્યા હોય તો તેનું કારણ શું છે, માનસિક તણાવ કે ટોર્ચર અથવા અન્ય.
- ❑ મૃત્યુ માટે ઉપયોગ કરેલ ઝેર, ગેસ અથવા હથિયાર કયા પ્રકારનાં હતાં વગેરે.

અમુક પરિસ્થિતિઓમાં પોસ્ટમોર્ટમ ક઼ાનૂની રીતે જરૂરી તથા અનિવાર્ય હોય છે, તેમાં વાલીઓની અથવા સંબંધીઓની પરવાનગીની જરૂરત નથી હોતી. અને અમુક પરિસ્થિતિઓમાં સંબંધીઓ પંચનામુ બનાવીને પોલીસને સોંપી દે છે કે અમારે કોઈ કાર્યવાહી નથી કરવી, અમારા સંબંધીની લાશ પોસ્ટમોર્ટમ કર્યા વિના અમને સોંપી આપવામાં આવે તો પોલીસ તેઓને પોસ્ટમોર્ટમ કર્યા વિના લાશ પાછી આપી દે છે.

## શરીઅતનો હુકમ

**(૧)** પોસ્ટમોર્ટમમાં અમુક ફાયદાઓ તથા મસ્લેહતો છે. તેની સાથે અમુક નાપસંદ વાતો પણ હોય છે જેની પરગાનગી સામાન્ય સ્થિતિમાં શરીઅત નથી આપતી. જેમ કે લાશનાં કપડાં ઉતારવાં, લાશનાં અમુક અંગોને કાપીને શરીરથી અલગ કરવા.....વગેરે. એટલા માટે જ્યાં સુધી ક઼ાનૂની રૂએ બચવાની સંભવાના હોય ત્યાં સુધી બચે. અને જ્યાં મજબૂર હોય ત્યાં મઅઝૂર છે. અલ્લાહ તબરક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا "અલ્લાહ કોઈની શક્તિથી અધિક તેને પાબંદ નથી કરતો." *(સૂ. બક઼રહ, ૨/૨૮૬)*

**(૨)** જે પરિસ્થિતિઓમાં ક઼ાનૂનની દષ્ટિએ પોસ્ટમોર્ટમ જરૂરી હોય અને મૈયતના વાલીઓ તેનાથી બચવાનો ઈખ્તિયાર ન ધરાવતા હોય ત્યાં ક઼ાનૂનને પોતાના હાથમાં લેવો મનાઈ છે. વાલીઓએ ખામોશ રહેવું જોઈએ. ફિક઼્હે ઈસ્લામીની અઝીમ કિતાબ ફતાવા રઝવિય્યહ્‌માં છે, "કોઈ મુબાહ કામ જો ક઼ાનૂનની દષ્ટિએ અપરાધ હોય તો તે કામને કરવું પોતાની જાતને તકલીફમાં નાખવી તથા બેઈજ્જત કરવી છે, અને તે જાઈઝ નથી. તેવાં કામોથી બચવું વાજિબ છે." *(ફતાવા રઝવિય્યહ્‌, ૭/૧૧૫)*

**(૩)** જે સ્થિતિમાં બંને પક્ષોની સુલેહથી કામ ચાલ્યુ જાય. જેમ કે ક઼ત્લે ખતામાં (ભૂલથી મારી નાખવામાં) ક઼ાતિલ તથા તેના વાલીઓ ખૂનબહા (મારી નાખવાના બદલામાં લેવામાં આવતી રકમ) અદા કરી આપે અથવા કોઈ કારણસર મક઼તૂલ (મૃત્યુ પામનાર વ્યક્તિ)ના વાલીઓ તે રકમ માફ કરી આપે તો તે બંનેવ પક્ષો કોશિશ કરે કે પંચનામાના આધારે કામ ચાલી જાય અને લાશનું પોસ્ટમાર્ટમ ન થાય. અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلٰى ؕ اَلْحُرُّ بِالْحُرِّ وَ الْعَبْدُ بِالْعَبْدِ وَ الْاُنْثٰى بِالْاُنْثٰى ؕ فَمَنْ عُفِيَ لَهٗ مِنْ اَخِيْهِ شَيْءٌ فَاتِّبَاعٌۢ بِالْمَعْرُوْفِ وَ اَدَآءٌ اِلَيْهِ بِاِحْسَانٍ ؕ ذٰلِكَ تَخْفِيْفٌ مِّنْ رَّبِّكُمْ وَ رَحْمَةٌ ؕ فَمَنِ اعْتَدٰى بَعْدَ ذٰلِكَ فَلَهٗ عَذَابٌ اَلِيْمٌ ﴿۱۷۸﴾ وَ لَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يّٰۤاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۱۷۹﴾

"હે ! ઈમાનવાળાઓ તમારી ઉપર મકતૂલો (જેમને મારી નાખવામાં આવ્યા હોય તેમના) ખૂનનો બદલો લેવો ફર્ઝ કરી આપવામાં આવ્યો છે. આઝાદના બદલામાં આઝાદ, ગુલામના બદલામાં ગુલામ. ઔરતના બદલામાં ઔરત. તો જેના માટે તેના ભાઈ (વાલી) તરફથી થોડીક માફી આપી દેવામાં આવે તો સારા તરીક઼ાથી (યોગ્ય રીતે) માગણી હોય અને વારસદારને સારી રીતે અદા કરી આપવામાં આવે. આ તમારા રબ તરફથી આસાની તથા રહ્‌મત છે. તો ત્યારબાદ (પણ) જે જુલ્મ ઝયાદતી કરે તેના માટે દર્દનાક અઝાબ છે." *(સૂ. બક઼રહ, ૨/૧૭૮, ૧૭૯)*

**(૪)** અને જે સ્થિતિમાં ક઼ાતિલ ખૂનબહા આપવા પર રાજી ન થાય અથવા આમતેમ ભાગીને બચવાનો પ્રયાસ કરે તો તેવી સ્થિતિમાં સાધારણ રીતે અમ્નો શાંતિને જાળવી રાખવા માટે અને બુરાઈઓ તથા અપરાધોને નષ્ટ કરવાના હેતુથી **F.I.R.**ની નોંધણી કરાવી આપવી જોઈએ. આમ ન કરવામાં આવે તો બેરહમ લોકો જ્યારે ચાહે અને જે રીતે ચાહે કોઈ ગાડી વડે કચડીને અથવા કોઈ અન્ય તરીક઼ાથી ઈન્સાનની જાનને લઈને બેખૌફ થઈ જશે અને સર્વ શાંતિ તથા આમ અમ્નની વ્યવસ્થા અસ્ત વ્યસ્ત થઈ જશે.

**F.I.R.** બાદ પોલીસ જે પણ કાર્યવાહી કરશે તે ક઼ાનૂન હેઠળ થશે. જેનાથી કોઈ છૂટકારો નથી.

- ❑ ઈસ્લામી શરીઅતે માનવીને સામાન્ય તકલીફથી બચાવવાનો વિશેષ લેહાઝ રાખ્યો છે. જેમ કે અલ્ અશ્બાહ વન્નઝાઈરમાં છે કે, સામાન્ય તથા સાંપ્રદાયિક તકલીફને દૂર કરવા માટે વિશેષ (તથા વ્યક્તિગત) તકલીફ ઉઠાવી લેવામાં આવશે. *(અલ અશ્બાહુ વન્નઝાઈર, ૨/૨૫૬)*

જ્યારે બે બુરાઈઓ ભેગી થઈ જાય તો બેમાંથી મોટી બુરાઈ તથા ખરાબી હોય તેનો લેહાઝ કરી તેનાથી બચવામાં આવશે અને નાની ખરાબી અપનાવવામાં આવશે. ઝૈલઈએ કહ્યું, નમાઝની શરતોના પ્રકરણમાં આવા મસાઈલમાં કે જેમાં કોઈ બે સમસ્યાઓ (તકલીફો)માં સપડાય અને તે બંનેવ બરાબર હોય તો બંનેવમાંથી જે ચાહે તેને અપનાવે અને જો બંનેવ અલગ અલગ હોય (બરાબર ન હોય) તો બંનેવમાંથી નાની તથા મામૂલી (તકલીફ) હોય તેને ઈખ્તિયાર કરે. *(અલ્ અશ્બાહુ વન્નઝાઈર, ૨૬૧/૧)*

બલ્કે વિશેષ તકલીફ તથા નુકસાનનો સંપૂર્ણ આધાર તથા અર્ધ આધાર પણ નથી. હા, માત્ર નજીવો આધાર હોય શકે છે જેના પર શરીઅતની ક઼લમ નથી ચાલતી. જે વાતની સ્પષ્ટતા બદાઉસ્સનાએ ફી તરતીબિશ્શરાએઅ્ વગેરે કિતાબોમાં છે.

**F.I.R.** દર અસલ આધાર (સબબ) છે. અપરાધીની તલાશ તથા ગિરફતારી વગેરેનો રિપોર્ટ લખાવનારનો હેતુ પણ એ જ હોય છે. હવે જો પોસ્ટમોર્ટમ સાથે તેનો કોઈ દૂરનો પણ લગાવ હોય તો તે માત્ર એક આધારથી વધારેની હેસિયત નથી. એટલા માટે **F.I.R.** નોંધાવવાની ઈજાઝત છે.

વલ્લાહુ તઆલા અઅ્લમ

**(૪)** "મજલિસે શરઈ" વિનંતિ કરે છે કે પોસ્ટમોર્ટમ જરૂરી હોવાની પરિસ્થિતિમાં પણ ઈન્સાની હુકૂક **(Human Rights)**ની રિવાયત તથા સન્માનનો લેહાઝ કરવામાં આવે. જેમ કે :–

- ❑ જરૂરતથી વધારે કોઈ અંગ ન ખોલવામાં (કપડુ ન હટાવવામાં) આવે ખાસ કરીને શર્મગાહ ન ખોલવામાં આવે.
- ❑ શક્ય હોય તો સ્ત્રીની લાશનું પોસ્ટમાર્ટમ મહિલા ડોકટર કરે કે મહિલાના અંગો તરફ મહિલાનું જોવું (નિગાહ કરવા)નો હુકમ હલ્કો છે.
- ❑ કમસે કમ અંગોની જેટલી ઓછી ચીર ફાડથી કામ ચાલી જાય તેટલી ચીરફાડ કરવી જોઈએ.

વલ્લાહુ તઆલા અઅ્લમ.

# શરીર રચના વિજ્ઞાન માટે લાશોની ચીર ફાડ

**પાંચમી બેઠક : ૨૦ રબીઉન્નૂર હિ.સ. ૧૪૪૦/ઈ.સ. ૨૯ નવેમ્બર ૨૦૧૮, ગુરૂવારે સવારે**

**:: ફેંસલાનો ખુલાસો ::**

- *લાશોની ચીર ફાડ શરઈ મજબૂરી વગર જાઈઝ નથી. પરંતુ અત્યારે તેને આધુનિક ઈલ્મે તિબ્બ (આધુનિક સારવાર શિક્ષણ) માટે જરૂરી કરી દેવામાં આવ્યું છે. તેમ છતાં મુનાસિબ એ છે કે ઈન્સાની મોડલ તથા એનીમેટેડ વીડિઓ દ્વારા શરીર રચના વિજ્ઞાન શીખે અને આધુનિક શિક્ષણ વિજ્ઞાનના માહિરો દર્સ આપે તેમાં કોઈ કમી હોય તો અલ્ટ્રાસાઉન્ડ જેવા કોઈ આંતરદર્શક મશીનોની શોધ કરે. સાથે સાથે દરેક બીમારીની દવાની શોધખોળ પણ ચાલુ રાખે. અલ્લાહ તબારક વ તઆલાએ દરેક બીમારીની દવા પણ પેદા ફર્માવી છે. જેમ કે હદીષોમાં છે. બસ, લગનની સાથે તેની ખોજબીનની જરૂરત છે.*

શરીરની રચના સંબંધિત શિક્ષણ (શરીર રચના વિજ્ઞાન) એક અતિલાભકારક શિક્ષણ તથા ઈલ્મ છે. પરંતુ તેના માટે લાશોની ચીરફાડ જાઈઝ નથી. કેમ કે તે ઈન્સાનની તૌહીન, માનવીનું અપમાન તથા તેને ઈજા પહોંચાડવું છે. આ છે શરીઅતનો અસલ હુકમ.

પરંતુ, એક સમયથી શરીરના અંગોની રચના તથા અંગોની લાભકારકતાના શિક્ષણ વડે લાશોની અંદરના અંગોને દેખાડી આપવામાં આવે છે અને તેમાં નિષ્ણાત હોવું મેડિકલ સાઈન્સમાં મોટી ઉપાધિ તથા સફળતા માનવામાં આવે છે અને આજે તેવા ડોકટરોને ત્યાં લોકોની ભારે ભીડ જોવા મળે છે અને તેમનાથી લોકોને ફાયદો તથા શિક્ષણ પણ મળે છે. આજે સ્થિતિ એ છે કે ડોકટર બનવા માટે લાશોની ચીર ફાડના પિરિયડ તથા સેશનમાં હાજર રહેવું તથા તેની પ્રેક્ટિસ કરવી જરૂરી છે. તેના વગર તે વિદ્યાર્થીને ગેરહાજર ગણવામાં આવે. M.B.B.S., M.S. વગેરેની ડિગ્રી માટે ચીરફાડની અમલી પ્રેક્ટિસની પરીક્ષા આપવી પણ જરૂર તથા ફરજીયાત છે.

તેમ છતાંય મુનાસિબ રહેશે કે લાશોની ચીરફાડના બદલે ઈન્સાની મોડલ તથા એનીમેટેડ વીડિઓ દ્વારા શરીર રચના વિજ્ઞાન શીખવવામાં આવે અને તેના નિષ્ણાતો સબક આપે. તેમાં કાંઈક ખામી રહી જાય તો અલ્ટ્રા સાઉન્ડ જેવા આંતરદર્શક મશીનોની શોધ કરે.

તેની સાથે દરેક પ્રકારની બીમારીના ઈલાજ માટે આપણા મુસ્લિમ ડોકટરો પણ દવાઓનું સંશોધન કરે. અને અલ્લાહ તબારક વ તઆલાથી ઉમ્મીદ રાખે કે તે દરેક બીમારીની દવા તેમના ઉપર જાહેર ફર્માવી આપે. તેણે દરેક બીમારીની દવા પેદા ફર્માવી છે. બસ લગન તથા મહેનતની સાથે તેની ખોજની જરૂરત છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ કોઈ બીમારી એવી નથી ઉતારી જેની દવા (શિફા) ન ઉતારી હોય." *(સહીહ બુખારી, ૨/૮૪૮)*

તેની શરહ (ખુલાસામાં) ફત્હુલબારીમાં છે અને તારીક્ બિન શિહાબ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદથી રિવાયત કરે છે કે, "અલ્લાહ તબારક વ તઆલાએ કોઈ રોગ નથી ઉતાર્યો, પરંતુ તેની દવા પણ ઉતારી છે. તો દવા તથા ઈલાજ કરો." ઈમામ મુસ્લિમ હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી છે કે, "દરેક બીમારીની દવા છે તો જ્યારે તે બીમારી સુધી તેની દવા પહોંચે છે તો તે અલ્લાહના હુકમથી સારી થઈ જાય છે." અબૂ દાઊદ હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત કરે છે કે, "બેશક ! અલ્લાહ તઆલાએ દરેક બીમારી માટે દવા બનાવી છે તે દવાથી સારવાર કરો અને હરામ વસ્તુથી દવા તથા સારવાર ન કરો." *(ફત્હુલ બારી શરહે સહીહ બુખારી, ૩/૭,૮)* વલ્લાહુ તઆલા અઅ્લમ

# જીવન બંધારણ માટે એક મહાન કુર્આની નિયમ

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*તુંદીએ બાદે મુખાલિફ સે ન ઘબરા એ ઉક઼ાબ !*
*યે તો ચલતી હૈ તુઝે ઊંચા ઉડાને કે લીયે*

ઓગસ્ટ ૨૦૧૬ની વાત છે, શહેર નાસિકના દ્વારકા બસ સ્ટોપ પર ઊભા ઊભા બસની રાહ જોવામાં બે કલાક પસાર થઈ ગયા. મન્માડ જતી કોઈપણ ગાડી આવતી નજર ન આવી. ધુલિયા, નંદુરબાર, માલેગાંવ, સટાણા, સૂરત, સુનાર, અહમદનગર, પૂનાની અસંખ્ય બસો સામેથી પસાર થઈ હશે. બસોની રાહ જોવામાં ઘણા લોકો ઊભા રહ્યા અને સવાર પણ થયા. એક હું જ હતો જે સૌના ધ્યાનનું કેન્દ્ર બનેલ હતો, અકળાઈને કદી બેગ પટકતો, તો કદી જૂતાથી જમીન પર ઠોકર મારતો. પચાસ મિનિટ બાદ મન્માડ જતી બસ આવી ખરી ! આત્મવિશ્વાસના સ્મિતથી મારો ચહેરો ખીલી ઉઠયો, પરંતુ આ શું ? તે બસ, સ્ટોપ પર થોભ્યા વિના આગળ વધી ગઈ, પાછળથી હાથ પણ આપ્યો, પરંતુ કાંઈ ફાયદો ન થયો.

મનમાં ને મનમાં હું મહારાષ્ટ્ર બસ સર્વિસ, રોડવેઝ અને પોતાની કિસ્મતને ભાંડતો, બડબડતો નાસિક રોડ (નાસિક રેલ્વે સ્ટેશન)ના ઓટોમાં બેસી ગયો. સદ્‌નસીબે ટ્રેન પણ જલ્દી મળી ગઈ. સવારે ચાય માટે ગયો, હોટલમાં સામે "દેશ બંધુ" અખ્બાર હતું. નાસિક અને આસપાસનું પેજ પલટતા જ નજર આ હેડલાઈન પર જઈ અટકી ગઈ, "નાસિક ધુલિયા હાઈવે પર એસ.ટી. બસ અકસ્માતનો શિકાર" વિગત વાંચતાં જણાયું કે "નાસિકથી મન્માડ જતી બસ એક કન્ટેનરથી ટકરાઈ ગઈ જેમાં પાંચ મુસાફરોના મૃત્યુ અને અગ્યાર લોકો બુરી રીતે ઈજાગ્રસ્ત થઈ ગયા." આ ખબર વાંચતાં જ હું ડરી ગયો, કુર્આને પાકની આ આયતે કરીમા મને અંદરથી ઝંઝોળવા લાગી :–

وَعَسٰى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّهُوَ خَيْرٌ لَّكُمْ

"અને નજીક છે કે કોઈ વાત તમને બુરી લાગે અને એ તમારા હક્ક઼માં બેહતર હોય, અને નજીક છે કે કોઈ વાત તમને પસંદ આવે અને તમારા હક્ક઼માં તે બુરી હોય. અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણીતા." *(સૂ. બક઼રહ, આ. ૨૧૬)*

છઠ્ઠી સદી હિ.સ.ના મુજદ્દિદ હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان આયતે કરીમા :–

فَاِنَّ مَعَ الْعُسْرِ يُسْرًا "બેશક ! દુશ્વારીની સાથે આસાની છે" (સૂ. અસ્રા, ૯૪/૫)ના શાને નુઝૂલ વિશે લખે છે :–

"અરબના મુશ્રિકો મુસલમાનોના જાહેરી ફક઼ો ફાક઼ા અને બેસરો સામાનીને જોઈ ઠેકડી ઉડાડતા અને મુસલમાનોને શરમ અપાવતા. જાહેર સુખ સગવડોના નશામાં તેઓ (આપ ﷺને) ત્યાં સુધી કહી ગયા કે, "જો આ મામલામાં આપનો હેતુ દોલત પ્રાપ્ત કરવાનો છે તો અમે સૌ મળીને આપના માટે એટલી દોલત હાજર કરી દઈએ છે જેનાથી આપ મક્કાના સૌથી મોટા ધનવાન થઈ જશો." આ વાત આપ ﷺને લાગી આવી અને દિલમાં એક ચિંતા ઉભા થઈ કે ક્યાંક આવી વાતો સાંભળીને લોકો ઈમાનથી વિમુખ ન થઈ જાય. આ સંજોગોમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે

ઉપરોક્ત આયતે કરીમા ઉતારીને તસલ્લી આપી.

*(તફસીરે કબીર, ભાગ : ૩૨)*

આ જ તસલ્લીના કારણથી હિજાઝના રણપ્રદેશથી ઊભી થનાર ફાકાકશોની આ થોડી જમાઅત ૨૦ વરસની અંદર કૈસરો કિસ્રાની મજબૂત સલ્તનતોને નેસ્તો નાબૂદ કરી દુનિયાના એક મોટા વિસ્તારની વિજયી અને હુકમરાં બની ગઈ હતી.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہનું વર્ણન છે :

હુઝૂરે અક્દસ ﷺના સમક્ષ એક પથ્થર પડેલો હતો. આપે ફર્માવ્યું, "જો મુશ્કેલી અને તંગી આવીને આ પથ્થરમાં ઘુસી જાય તો પણ આસાની આવશે અને તેને આ પથ્થરથી ઘસેટીને બહાર કાઢી ફેંકશે."

*(તફસીરે દુર્રે મન્સૂર, ભાગ : ૬)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હદીષે કુદ્સી બયાન કરે છે :–

"અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, "મેં બે ખુશીઓના વચમાં એક પરેશાની પેદા કરી છે અને એક પરેશાની બે આસાનીઓ પર કદી પણ ગાલિબ નથી આવી શકતી." *(તફસીરે કબીર, ભાગ : ૩૨)*

તંગીઓની વિશાળતા (રાહત) લાવે છે, ગમ ખુશીની સોગાત (તોહફો) બનીને આવે છે. સખ્તી આસાનીઓની પૂર્વભૂમિકા હોય છે. આરામ અને તકલીફ જીવનના પાંદડાના બે પાસાં છે. દરેક તકલીફ બાદ આરામ છે, દરેક મુશ્કેલીની સાથે આસાની છે. આ જ એ કુર્આની ઉસૂલ છે જે આપણને પરેશાનીઓથી લડવા અને દુઃખ, દર્દ અને તકલીફના સમયે પોઝિટિવ નીતિ અપનાવીને દુનિયાની સર્વ ચેલેંજનો સામનો કરવાનું હથિયાર પૂરુ પાડે છે. કદી કદી આપણા આસપાસ એટલો અંધકાર વધી જાય છે કે તે સમયે એવું જણાય છે કે શાયદ હવે કદી સવાર આવશે નહીં. આવા સંજોગોમાં બુદ્ધિવાન એક જુગનૂ (ચમકતા જીવડા)ના સહારા પર નૂરના મિનારા સુધી પહોંચી જાય છે. કુર્આનનો આ ઉસૂલ (દરેક મુશ્કેલી સાથે આસાની છે) આપણને કહે છે :–

*તૂલે શબે ફિરાક્સે ઘબરા ન અય જિગર !*
*ઐસી ભી કોઈ રાત હૈ જિસ કી સહર ન હો ?!*

તાતારી હુમ્લાઓએ બગદાદ શહેરને તારાજ કરી દીધું, કોઈ ન કહેતું હતું કે આ શહેર ફરીથી આબાદ થશે, પરંતુ થોડા જ વરસોમાં આ શહેર ન કેવળ આબાદ થઈ ગયું બલ્કે પહેલાંથી અધિક બારોનક થઈ ગયું હતું. હઝરત ઉઝૈર علیہ السلامએ શેહરે "અલ્કુદ્સ" (યેરૂસલેમ)ની વિરાની (જેને બુખ્તે નસ્રએ વિધ્વંસ કરી દીધુ હતું) જોઈને કહ્યું હતું : اَنّٰی یُحۡیٖ هٰذِهِ اللّٰهُ بَعۡدَ مَوۡتِهَا *("અલ્લાહ આ શહેરની તારાજી બાદ તેને કઈ રીતે આબાદ કરશે" સૂ. બક્રહ, ૨/૨૫૯)* સો વરસ સુધી સૂઈને જાગ્યા બાદ જયારે શહેરને પુનઃ આબાદ જોઈ ચકિત રહી ગયા.

હદીષોમાં આના ઘણા ઉદાહરણો મળે છે જે આપણને બોધ પણ આપે છે અને હોસલો પણ વધારે છે.

**(૧)** સહાબાએ રસૂલ હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہનો વિસાલ થયો તો હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاને તેનો ઘણો આઘાત લાગ્યો. હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી ફર્માવ્યું, "જે મુસલમાન પર કોઈ મુસીબત આવે તે (اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَیۡهِ رٰجِعُوۡنَ) પઢે અને દુઆ કરે કે, હે અલ્લાહ ! આ મુસીબતમાં મને અજર આપ અને તું મને તેનો બદલ અતા ફર્માવ." હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا દિલમાં વિચારવા લાગ્યાં કે મારા માટે અબૂ સલ્માથી બેહતર કોણ હોઈ શકે છે ?! થોડા સમય બાદ જયારે એમના માટે આપ ﷺ તરફથી "નિકાહનો પયગામ" આવ્યો અને તેઆ હુઝૂર

ﷺના નિકાહમાં આવ્યાં ત્યારે તેમને અંદાજો થયો કે જાહેરી રીતે આ અત્યંત કષ્ટદાયક ઘટનામાં કેટલી મહાન નેઅમત છુપાયેલ હતી ?!

**(૨)** ગ઼ઝવએ સયફુલ બહરનો કિસ્સો આપમાંથી અધિક્તમ લોકોએ વાંચ્યો અથવા સાંભળ્યો હશે. રજબ ૬ હિ.સ.માં હુઝૂર સૈયદે આલમ ﷺએ અમીનુલ ઉમ્મત હઝરત અબૂ ઉ઼બૈદા બિન જર્રાહ رضی اللہ عنہની આગેવાનીમાં ત્રણસો જણ પર આધારિત એક લશ્કર મોકલ્યુ, તંગીનો જમાનો હતો, રસ્તાનુ ભાથુ ખજૂરની એક થેલી હતી અને બસ ! હઝરત અબૂ ઉબૈદા પૂરા લશ્કરને પોતાના હાથોથી એક એક ખજૂર આપતા, લોકો તેને ચુસી ચુસીને પાણી પી લેતા. એક સમય એવો પણ આવ્યો કે તે ખજૂર પણ પૂર્ણ થઈ ગયાં. પરંતુ સબ્ર અને અલ્લાહ પર તવક્કુલ અને અલ્લાહની રાહમાં તકલીફો સહન કરવાનું એ ફળ મળ્યું કે સમુદ્રના કિનારે તેમને પહાડી જેવી એક માછલી મળી. સર્વ સહાબાએ અઢાર દિવસ સુધી પેટ ભરીને ખાધી. હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહનું બયાન છે કે અમે એટલું ખાધું કે, حتیٰ سمنا "અમે તાજા થઈ ગયા." એટલું જ નહીં બલ્કે એ જ મોક઼ા પર હઝરત અબૂ ઉબૈદા رضی اللہ عنہ ને બારગાહે રિસાલત મઆબ ﷺ તરફથી "અમીનુલ ઉમ્મત"ના શાનદાર લકબથી સરફરાઝ કરવામાં આવ્યા.

**(૩)** હિજરતની ઘટના જાહેરમાં ઘણી જ કષ્ટદાયક હતી પરંતુ મદીના શરીફ પહોંચીને હુઝૂર રહ઼મતે આલમ ﷺએ એવું રાજ્ય સ્થાપિત કરી દીધું કે ઈતિહાસમાં તેનું ઉદાહરણ નથી મળતુ. હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہ જુલ્મો સિતમના ભોગ બન્યા, ત્યાં સુધી કે આપની વફ઼ાત પણ કેદખાનામાં થઈ, પરંતુ દુનિયા આજ સુધી ઈલ્મે ફિક઼્હના સ્થાપક તરીકે યાદ કરે છે. હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہને કેદ કરવામાં આવ્યા, પીઠ પર કોઈ એવી જગા ન બચી હતી જ્યાં કોરડાના નિશાન ન હોય, પરંતુ દુનિયાએ આપને પોતાના ઈમામ સ્વીકાર્યા. શમ્સુલ અઈમ્મા ઈમામ સરખસીને એક કૂવા જેવા ખાડામાં કેદ કરી આપવામાં આવ્યા, તો આપના ક઼લમથી ત્રીસ ભાગ પર આધારિત "અલ્મબ્સૂત" નામી ફિક઼્હી ઈન્સાયક્લોપિડિયા તૈયાર થઈ ગયો. હઝરત ઈમામ બૂસૈરી લકવામાં પકડાય ગયા તો એ જ લકવાની સ્થિતિમાં શાને રિસાલતમાં એવો શાહકાર ક઼સીદો (ક઼સીદએ બુર્દા) લખ્યો કે તે આશિક઼ાને રસૂલﷺનો વઝીફો બની ગયો. અલ્લામા ઈબ્ને ઈષીરને નજરબંદ કરવામાં આવ્યા તો "જામેઉ઼લ ઉસૂલ" અને "અન્નિહાયા" સંપાદિત કરી દીધી. અલ્લામા અબુલ ફર્જ ઈબ્ને જવઝીને બગદાદથી તડીપાર કરવામાં આવ્યા તો ક઼િર્અતે સબ્આ઼ની તજવીદ તૈયાર ફર્માવી દીધી. શૈખ સઅ઼દી શિરાઝીને સફરની તકલીફો ઉઠાવવી પડી તો પરિણામે ઈલ્મો મારેફત, અદબો હિક઼મતનું એક "ગુલિસ્તાન" તૈયાર થઈ ગયું. આંદામાન ટાપુમાં કાળા પાણીની સજા થઈ તો હઝરત મુફતી ઈનાયત અહમદ કાકોરવીએ "ઈલ્મુસ્સૈગા" અને "તવારીખે હબીબે ઈલાહ" કિતાબો લખી જે આજ સુધી અખંડ ભારતમાં દર્સે નિઝામીના કોર્સમાં દાખલ છે. મુહમ્મદ હસૈનનનું અદબી શાહકાર "આબે હયાત" અને અબુલ કલામ આઝાદની "ગુબારે ખાતિર" પણ કેદોબંદની તકલીફોનું જ પરિણામ છે. મૌલાના સૈયદ ફઝલુલ હસન હસરત મોહાનીની "મુશાહેદાતે ઝિંદા" અને મન્ક઼બતે ગ઼ૌષિયા સહિત અશ્આરનો ખાસો હિસ્સો જેલખાનાની યાદગાર છે. તેમણે પોતાનો મશ્હૂર શેઅર :

*હે મશ્કે઼ સુખન જારી ચક્કી કી મશક્ક઼ત ભી*
*ઈક તરફ઼ા તમાશા હે 'હસરત' કી તબીઅત ભી*

કેદ દરમિયાન જ લખ્યો હતો, ઓગણીસમી સદીના અંતમાં મુસ્તફા કમાલ પાશાએ નવા તુર્કીની જે ઈમારત ઉભી કરી હતી તેનો પાયો ખાલિસ ઈસ્લામ દુશ્મની પર રાખવામાં આવ્યો હતો, તેણે પોતાની સલ્તનતની હદથી ઈસ્લામને બહાર કરી દીધો, અઝાન પર પ્રતિબંધ મૂકી દીધો, મસ્જિદોને મ્યુઝિયમ અને ગોડાઉનમાં બદલી નાખી, દીની મદ્રસાઓ પર તાળાં લગાડી દીધાં, તુર્કી ભાષા લિપિ અરબીથી બદલી લાતિની કરી દીધી, હિજાબ પર પાબંદી મૂકી દીધી, શરઈ અદાલતો બંધ કરાવી દીધી. આવા ઘટોટોપ અંધકારમાં તેહરીકે નવરસીના સ્થાપક અને રસાઈલે નૂરના લેખક શેખ બદીઉઝ્ઝમાં સઈદ નવરસી, નૂરની કિરણ બની ઉઠયા અને સમગ્ર તુર્કીમાં ઈહયાએ ઈસ્લામની રૂહ ફૂંકી દીધી. પરંતુ તેમના જીવનનો અભ્યાસ કરવાથી જણાય છે કે તેમણે સંપૂર્ણ જીવન તડીપાર અને કેદમાં વીતાવવું પડયું. તુર્કીના જ ડોકટર ફુવાદ સિઝગીન (જેમનો ૩૦ જૂન ૨૦૧૮માં ૯૪ વરસની ઈસ્તંબુલમાં વિસાલ થયો)ને ઈસ્તંબુલથી તડીપાર કરી દેવામાં આવ્યા. તો વતનથી દૂરીની હાલતમાં "તારીખુત્તુરાષિલે અરબિયા"ના ૧૧ ભાગ લખ્યા, આજે તેના વિના સ્ટાન્ડર્ડ કક્ષાની લાયબ્રેરીને અધૂરી સમજવામાં આવે છે જ્યાં આ મહત્વની કિતાબ ન હોય. મુસ્લિમ વૈજ્ઞાનિકો ખગોળ શાસ્ત્રીઓનો વૈશ્વિક સ્તરે પરિચય આપતી આ કિતાબ અત્યાર સુધીની સૌથી મોટી કોશિશ છે.

**(૪)** સુલહે હુદૈબિયા જાહેરમાં મુસલમાનોનો પરાજય જણાતી હતી, હઝરત ઉમર رضی اللہ عنہ પરેશાન કરી દેનાર પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હતા, પરંતુ તેને જ અલ્લાહ તઆલાએ મુસલમાનો માટે "ફત્હે મુબીન" ઠરાવી દીધી અને એ સુલહના એટલા લાંબા ગાળે ફાયદો આપતાં પરિણામો સામે આવ્યાં કે ઈતિહાસ પણ જોઈને હેરાન છે.

અકલમંદ વ્યક્તિ નુકસાનને નફામાં ફેરવી દે છે, જ્યારે કે બેવકૂફ અને નાસમજ વ્યક્તિ એક મુસીબતને બે આફતોમાં બદલી નાખે છે. ઉતાર ચઢાવ જિંદગીના કારવાંના બે પાંસા છે, શફક (આકાશની રતાશ) દૂર થાય છે તો આકાશમાં તારાઓ ચમકવા માંડે છે. બાળકના જન્મમાં એક માને કેટલી સખત તકલીફ થાય છે, તે એક મા જ બતાવી શકે છે, પરંતુ એ જ બાળક બાળકી તેના માટે દુનિયાની સર્વાધિક પ્રિય વસ્તુ બની જાય છે.

*હસીનતર હૈ શિકસ્ત કે હર શિકસ્ત કે બાદ*
*હમ અપને આપમેં કયા કયા સંવરતે રહતે હૈં*

કુર્આનનો ઉપરોક્ત વર્ણન થયેલ ઉસૂલ આપણને જીવનની કપરી પરિસ્થિતિઓ, રંજો ગમ, તંગદિલી, નાઉમ્મીદી, માયૂસી, પરેશાની અને હાર પામવાના સમયે અલ્લાહ પર ભરોસો અને સદ્ગુમાનીનો સબક઼ આપે છે અને જીવનની ખુશ્વારી, જિગર ખુલવાની અને સારા ભાવિની ઉમ્મીદથી ભરી દે છે.

એક અંગ્રેજ ચિંતકે ઘણુ ભાવપૂર્ણ વાકય કહ્યું છે :

**A pessimist sees the difficulty in every opportunity; an optimist sees the opportunity in every difficulty.**

"એક નિરાશ વ્યક્તિને દરેક મોક઼ામાં પરેશાની નજર આવે છે, જ્યારે કે એક સારી ઉમ્મીદ રાખનાર વ્યક્તિ કોઈ પણ પરેશાનીમાં મોક઼ો કાઢી લે છે."

મશહૂર અરબ આલિમ તથા સાહિત્યકાર ડોકટર આઈઝ કરની પોતાની કિતાબ "લા તહ઼ઝન"માં લખે છે :

"કોઈ આફત આવે તો તેના ઉજ્જવળ પાસા પર નિગાહ કરો. કોઈ તમને લીંબુના રસનું પ્યાલુ આપે તો તેની કડવાહટ પર નજર કરવાના બદલે થોડીક ખાંડ મિલાવીને તેને મઝેદાર શરબત બનાવી લો, કોઈ તમને મૃત સાપ આપે તો તેની કિંમતી ખાલ

લઈ તેને ફેંકી દો, ગમે તેવી પણ સખત પરિસ્થિતિઓ હોય તેમનો સામનો એ રીતે કરો કે તમારું દામન રંગ રંગના ફૂલોથી ભરાય જાય. કુર્આન કહે છે : “ઘણુ જ શક્ય છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય પરંતુ એ તમારા માટે ખૈર હોય.” *(લાતહ્ઝન, ૪૮)*

ઉપરોક્ત કિતાબની પ્રશંસા અને પરિચય માટે માત્ર એટલું કહેવું પૂરતુ થશે કે બીજી આવૃત્તિ પહેલાં તેની દસ લાખ કોપી છપાય ગઈ હતી. વિષયની મુનાસિબતથી એ જ કિતાબનો આ પેરેગ્રાફ પણ વાંચો :

ભાવાર્થ : "જ્યારે તમે જુઓ કે રણ લાંબુને લાંબુ થતુ જઈ રહ્યું છે તો જાણી લો કે તેના પછી લીલુછમ હરીયાળુ જંગલ છે, અને જ્યારે જુઓ કે રસ્સી લાંબી થતી જઈ રહી છે તો સમજી લો કે તે ઘણી જ જલ્દી તૂટવાની છે, આંસૂંઓની સાથે સ્મિત, ખોફ પછી અમન, ગભરાહટ બાદ સુકૂન છે. આગે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને ન સળગાવ્યા, કારણ કે હુકમે રબ્બાનીથી તે “ઠંડક અને સલામતીવાળી” બની ગઈ. સમુદ્રએ મૂસા કલીમુલ્લાહને ન ડૂબાડયા કારણ કે તેમણે બુલંદ અવાજથી સાચુ કહી દીધું કે, “અલ્લાહ મારી સાથે છે અને તે મને રસ્તો દેખાડશે.” રસૂલે કરીમ ﷺએ યારે ગારને તસલ્લી આપી કે, “ અલ્લાહ આપણા સાથે છે” માટે નુસ્રત (મદદ) નસીબ થઈ. *(લાતહ્ઝન, ૩૭)*

નકામી ટિપ્પણીઓથી પરેશાન લોકોને સંબોધી ડોકટર સાહબ વધુ લખે છે :–

"ઓહદ પહાડની જેમ જામી જાવ ! એવી ચટ્ટાન બની જાવ કે જેના પર બરફના ટુકડા પડે છે અને તૂટીને વિખરાય જાય છે અને ચટ્ટાન પોતાની જગ્યા પર જામેલી રહે છે. જો તમે લોકોની ટીકાઓને મહત્વ આપ્યું તો તમારી જિંદગીને ખરાબ કરવાની તેમની મોં માગી મુરાદ પૂર્ણ થઈ જશે. તેમની નકામી બુરાઈથી તમારો દરજ્જો બુલંદ થશે." *(લાતહ્ઝન, ૩૭)*

## પોઝિટિવ પહેલુ પર નજર રાખો

ડોકટર સાહબ વધુમાં લખે છે :–

"ફ્રાંસની ક્રાંતિ પહેલાં દેશના બે બેહતરીન શાયરોને કેદ કરી દેવાયા. તેમનામાંથી એક હકારાત્મક વિચાર ધરાવતો નુજૂમી હતો અને બીજો નકારાત્મક સોચવાળો હતો. એક દિવસ બંનેએ ખિડકીઓમાંથી ઝાંકીને જોયું, પોઝિટવ સોચવાળો તારા જોઈને હંસી પડયો જયારે કે નેગેટિવ દષ્ટિકોણવાળાએ નજીકની સડક પર ધૂળ જોઈ તો તેને રડવુ આવી ગયું. જીવનના બે દષ્ટિકોણવાળામાં આટલો મોટો તફાવત છે. *(લાતહ્ઝન, ૩૯)*

સામાજિક અખ્લાક઼ના સંબંધે હુઝૂર રસૂલે કરીમ ﷺનો આ ઈર્શાદે ગિરામી પણ આપણી રહનુમાઈ કરે છે :–

لا یفرک مؤمن مؤمنۃ ان کرہ منہا خلقا رضی منہا آخر

ભાવાર્થ : "કોઈ મો'મિન પોતાની ઔરતને બુરી ન સમજે ! તેની કોઈ આદત તેને બુરી લાગશે તો તેનું બીજુ કોઈ પાસુ તેને ભાવી જશે."

તક઼દીર પર ભરોસો રાખીને મુશ્કેલીઓ અને પરિસ્થિતિઓનો સામનો કરવાનો હુનર શીખી લો અને અલ્લાહના આ મહાન ઈર્શાદને પોતાના જીવનનો સિદ્ધાંત બનાવી લો.

*(માહનામા અશ્રફિયહ, નવે. ૨૦૧૮, મુબારકપુર)*


**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો**

**હઝરત જુનેદ બગદાદી** رحمۃ اللہ علیہ (પેજીસ : ૧૪૪)
**ક઼યામતની નિશાનીઓ** (પેજીસ : ૧૪૪)

**બંનેવ કિતાબોના સંપાદક :**
**મુહમ્મદઅમીન એ. ચોલા જામનગરી**

**:: પ્રકાશક ::**

**હુસૈની કમિટી (સુન્ની)**, ૮–લાટી પ્લોટ સામે મોરબી–૩૬૩૬૪૧, ફોન : ૦૨૮૨૨–૨૩૩૨૧૪

# રોઝો તૂટવા વિશે તથા ક઼ઝા કફ્ફારાના મસાઈલ

કાર્યાલય

## ★ રોઝો તોડનારી બાબતોનું બયાન ★

**મસ્અલો** : ખાવા પીવા કે સંભોગ કરવાથી રોઝો તૂટી જાય છે, જ્યારે કે રોઝદાર હોવાનું યાદ હોય. રોઝદાર હોવાનું યાદ નથી અને ભૂલથી ખાય, પી લીધું કે સંભોગ કર્યો તો ન તૂટયો.

*(હિદાયા, આલમગીરી, ક઼ાઝીખાન વગેરે)*

**મસ્અલો** : હુક્કો, સિગારેટ, બીડી, ચીરૂટ, સિગાર પીવાથી રોઝો તૂટી જાય છે.

**મસ્અલો** : પાન કે તંબાકુ ખાવાથી પણ રોઝો તૂટી જાય છે. પછી ભલે તેને ચાવીને પાણી થૂંકી નાંખવામાં આવેલ હોય.

**મસ્અલો** : ખાંડ, સાકર, ગોળ અને એવી ચીજ કે જે મોઢામાં મૂકતાં ઓગળી જાય છે, તેને મોં માં મૂક્યું અને થૂંક ગળી ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાં કોઈક ચીજ ચણા બરાબર ભરાઈ હતી તે ખાઈ ગયા અથવા ચણાથી નાની હતી અને તેને મોંથી બહાર કાઢી પછી ખાઈ ગયા તો રોઝો તૂટી ગયો.

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળાથી નીચે ઉતર્યું અને લોહી થૂંકથી વધારે કે બરાબર હતું કે ઓછું પરંતુ એનો સ્વાદ ગળામાં જણાયો, તો આ બધીય હાલતોમાં રોઝો તૂટી ગયો, અને લોહી થોડું હતું અને સ્વાદ પણ ન જણાયો તો રોઝો ન તૂટયો.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : જાજરૂના રસ્તે દવા ચઢાવી કે નાકમાં ચઢાવી કે કાનમાં તેલ નાંખ્યું કે જતું રહ્યું તો રોઝો તૂટી ગયો. અને જો કાનમાં પાણી પેસી ગયું કે નાખ્યું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : કોગળા કરી રહ્યો હતો અને ઈરાદા વિના પાણી ગળા નીચે ઉતરી ગયું અથવા નાકમાં પાણી ચઢાવી રહ્યો હતો અને પાણી મગજમાં ચઢી ગયું તો રોઝો તૂટી ગયો, પરંતુ રોઝો છે એ યાદ ન હતું તો ન તૂટયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : ઊંઘમાં પાણી પી લીધું કે કંઈક ખાઈ પી લીધું, અને મોં ખુલ્લુ હતું કે પાણીના ટીપાં કે કરા (બરફની ટુકડી) ગળામાં ચાલી ગયા તો રોઝો તૂટી ગયો. *(ઝૌહરા, આલમગરી, બહાર)*

**મસ્અલો** : બીજાનું થૂંક ગળી ગયો કે પછી પોતાનું જ થૂંક હાથમાં લઈ ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગરી, બહાર)*

**મસ્અલો** : મોમાં રંગીન દોરો રાખ્યો જેનાથી થૂંક રંગીન થઈ ગયું, પછી તે થૂંક ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : આંસૂ મોં માં જતું રહ્યું અને તે ગળી ગયો અને તે એકાદ ટીપું, બે ટીપાં છે, તો રોઝો ન તૂટયો અને જો વધારે હતાં કે જેનો ખારો સ્વાદ પૂરા મોં માં જણાયો તો રોઝો તૂટી ગયો, પરસેવાનો પણ એ જ હુકમ છે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : પુરૂષે સ્ત્રીને ચુંબન કર્યું અથવા સ્પર્શ કર્યો (વાસનાથી) અથવા સંભોગ કર્યો અથવા ગળે લગાડી અને વિર્ય નીકળી ગયું તો રોઝો તૂટી ગયો અને સ્ત્રીએ વાસનાથી પુરૂષને સ્પર્શ કર્યો તે કારણે પુરૂષને વિર્ય નીકળી ગયું તો રોઝો ન તૂટયો. સ્ત્રીને પુરૂષે કપડાં પહેરેલ હાલતમાં સ્પર્શ કર્યો, કપડું એટલું જાડુ હતું કે શરીરની ગરમી ન જણાય તો રોઝો ન તૂટયો ભલે પછી વિર્ય નીકળી ગયું હોય.

**મસ્અલો :** વધુ પડતો ઈસ્તિંજો કર્યો ત્યાં સુધી કે અંદર સુધી પાણી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો અને તે વળી એટલો વધુ પડતો ઈસ્તિંજો કરવો પણ ન જોઈએ એનાથી ભયંકર બીમારીનો ભય છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો :** પુરૂષે પેશાબના કાણામાં પાણી કે તેલ નાંખ્યું તો રોઝો ન તૂટયો, ભલે તે અંદર સુધી પહોંચી ગયું હોય અને જો સ્ત્રીએ પેશાબની જગામાં પાણી કે તેલ નાંખ્યું અને અંદર સુધી પહોંચી ગયું તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો :** સ્ત્રીએ પેશાબગાહમાં રૂ કે કપડું મૂક્યું અને તે બિલકુલ બહાર ન રહ્યું તો રોઝો તૂટી ગયો. સૂકી આંગળી કોઈએ જાજરૂની જગામાં મૂકી અથવા સ્ત્રીએ પેશાબગાહમાં મૂકી તો રોઝો ન તૂટયો અને જો ભીની હતી કે કંઈક તેની સાથે લગાવેલું હતું અને અંદર મૂકી તો રોઝો તૂટી ગયો. જ્યારે કે તે જાજરૂ કરવાની જગ્યામાં તે જગ્યાએ મૂકી હોય જ્યાં પીચકારીનો છેડો રાખવામાં આવે છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો :** રોઝાથી હોવું યાદ હોવા છતાં જાણી બુઝી મોં ભરી ઉલ્ટી કરી તો રોઝો તૂટી ગયો અને જો મોં ભર્યાથી ઓછી કરી છે તો રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો :** કુદરતી રીતે ઉલ્ટી થઈ ગઈ તો થોડી હોય કે વધુ રોઝો ન તૂટયો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો :** ઈરાદા વિના ઉલ્ટી આવી અને ખૂદ બ ખૂદ અંદર પાછી વળી ગઈ તો રોઝો ન તૂટયો. ભલે થોડી હોય કે વધુ, રોઝદાર હોવું યાદ હોય કે ન હોય. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો :** ઉલ્ટી માટેના આ હુકમો ત્યારે લાગુ પડે છે કે ઉલ્ટીમાં અનાજ આવે કે ખટાશ કે લોહી આવે, જો ફક્ત કફ આવ્યો તો રોઝો ન તૂટશે.

*(આલમગીરી)*

**મસ્અલો :** રમઝાનમાં મજબૂરી વિના જે માણસ ખુલ્લેઆમ ખાય પીએ તો (બાદશાહે ઈસ્લામ) માટે હુકમ છે કે તેને કત્લ કરી નાખે.

*(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, દહબાનિયા, બહાર)*

## જે બાબતોથી રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે

**મસ્અલો :** એવો ખ્યાલ હતો કે હજુ સુબ્હ સાદિક શરૂ થઈ નથી તે કારણે ખાધુ, પીધું કે સંભોગ કર્યો તે પછીથી જણાયું કે સુબ્હ સાદિક થઈ ચૂકી હતી, તો રોઝો ગણાશે નહીં, ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો :** ખાવા, પીવા માટે બળજબરીથી મજબૂર કરવામાં આવ્યો એટલે કે ખરેખર એવી ધમકી આપી જેમ કે રોઝો તોડીશ નહીં તો મારી નાખીશ કે હાથ પગ, કાન, નાક વગેરેમાંથી કોઈક અવયવ કાપી નાખીશ. તો એવા સંજોગોમાં ભલે પોતાના હાથથી ખાધુ, પીધું છતાં ફક્ત કઝાનો હુકમ લાગુ પડશે. રોઝો ફક્ત કઝા કરવો જરૂરી છે. (દુર્રે મુખ્તાર વગેરે) અર્થાત તે એક રોઝાના બદલે એક રોઝો રાખવો પડશે. *(બહારે શરીઅત)*

**મસ્અલો :** ભૂલથી ખાધું, પીધું કે સંભોગ કર્યો હતો અથવા નજર કરી હતી કે વિર્ય નીકળી ગયું હતું અથવા એહતેલામ (ઊંઘમાં વિર્ય નીકળવું) થયું હતું અથવા ઉલ્ટી થઈ ગઈ હતી, આ બધીય હાલતોમાં એમ વિચારી લીધું કે રોઝો તૂટી ગયો, હવે એ જ ખ્યાલ સાથે જાણીબુઝીને ખાધુ, પીધું તો ફક્ત કઝા કરવો જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો :** કાનમાં તેલ નાખ્યું અથવા પેટ કે દિમાગના અંદરના ભાગ સુધીનો ઘા છે તેમાં દવા નાખી તે પેટ કે દિમાગની અંદર પહોંચી ગઈ અથવા પિચકારી લીધી અથવા નાકમાં દવા ચઢાવી અથવા કાંકરા, પથ્થર, માટી, રૂ, કાગળ, ઘાસ....

વગેરે એવી કોઈ ચીજ ખાધી જેનાથી લોકો ધૃણા કરે છે અથવા રમઝાનમાં વગર નિય્યતે રોઝો રાખ્યાની જેમ રહો અથવા સવારમાં નિય્યત કરી ન હતી દિવસે ઝવાલ પહેલાં નિય્યત કરી અને પછી ખાય લીધું અથવા રોઝાની નિય્યત કરી હતી પણ રમઝાનના રોઝાની ન કરી હતી અથવા ગળામાં વરસાદના ટીપાં કે બરફના ટુકડા (કરા) જતા રહ્યા, અથવા ઘણા આંસૂંઓ કે પરસેવો ગળી ગયો અથવા ઘણી નાની છોકરીથી સંભોગ કર્યો કે જે એને લાયક ન હતી અથવા મુરદારની કે જાનવરથી ઝિના કર્યો અથવા જાંઘ કે પેટ ઉપર સંભોગ કર્યો અથવા ચુંબન કર્યું અથવા સ્ત્રીના હોય ચૂસ્યા અથવા સ્ત્રીના શરીરને સ્પર્શ કર્યો ભલે શરીર સાથે કપડું હોય પણ શરીરની ગરમી જણાતી હોય અને એવા સંજોગોમાં વિર્ય પણ નીકળી ગયું હોય અથવા હાથથી વિર્ય સ્ખલન કર્યું અથવા ચાલુ રમઝાન સિવાયનો કોઈક રોઝો તોડી નાખ્યો પછી ભલે તે રમઝાનનો કઝા રોઝો કેમ ન હોય અથવા સ્ત્રી ઊંઘી રહી હતી અને તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા સવારમાં ભાનમાં હતી અને રોઝાની નિય્યત કર્યા પછી તે પાગલ બની ગઈ, તેવી હાલતમાં તેણીથી સંભોગ કરવામાં આવ્યો અથવા એવા ખ્યાલથી સહેરી ખાધી કે હજુ રાત છે અથવા રાત હોવામાં વહેમ હતો અથવા એવા ખ્યાલથી રોઝો છોડી નાખ્યો કે સૂરજ આથમી ગયો છે જ્યારે કે ખરેખર આથમ્યો ન હતો અથવા બે માણસોએ ગવાહી આપી કે સૂર્ય આથમી ગયો છે અને બે માણસોએ ગવાહી આપી કે હજી દિવસ છે એવા સંજોગોમાં રોઝો ઈફતાર કરી નાખ્યો, પાછળથી ખબર પડી કે ખરેખર સૂર્ય આથમ્યો ન હતો. આવા બધાય સંજોગોમાં ફક્ત કઝા જરૂરી છે, કફ્ફારો નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો** : મુસાફિર મુકીમ થયો, હૈઝવાળી, નિફાસવાળી સ્ત્રી પાક થઈ ગઈ, પાગલ હોશમાં આવ્યો, બીમાર હતો સારો થઈ ગયો, કોઈકનો રોઝો હતો તે તૂટી ગયો ભલે કોઈએ બળજબરીથી તોડાવ્યો કે ભૂલથી પાણી કે કાંઈક ગળામાં જતું રહ્યું અને તેનાથી તૂટી ગયો, રાત સમજી ઈફતાર કરી નાખ્યો જ્યારે કે હજુ સૂર્ય બાકી હતો, આવા દરેક સંજોગોમાં જેટલોય દિવસ બાકી રહે તે પૂરા ટાઈમને રોઝાની જેમ પૂરો કરવો વાજિબ છે અને એ દિવસનો રોઝો કઝા રાખવો પણ જરૂરી છે. પરંતુ નાબાલિગ બાલિગ થઈ ગયો અથવા કાફિર દિવસે મુસલમાન થયો તો એના ઉપર એ દિવસના રોઝાની કઝા વાજિબ નથી, ફક્ત દિવસનો બાકીનો સમય રોઝદારની જેમ પૂરો કરવો એમના ઉપર પણ વાજિબ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : બાળકની ઉંમર ૧૦ વરસની થઈ જાય તો રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય તો રોઝો રખાવવો, ન રાખે તો મારીને પણ રખાવવો. રોઝો રાખવાની શક્તિ ધરાવતો હોય છતાં રાખીને તોડી નાખ્યો તો કઝાનો હુકમ લાગુ પડશે નહીં, જો નમાઝ તોડી નાખે તો ફરીથી પઢાવવી.

*(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : સુબ્હ સાદિક થવા પહેલાં સ્ત્રી સંભોગમાં હતો પરંતુ સુબ્હ સાદિક શરૂ થતાં જ દૂર થઈ ગયો તો કાંઈ નહીં અને એ જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : ભૂલથી સંભોગમાં મશગૂલ થયો યાદ આવતાં જ દૂર થઈ ગયો તો માફ છે પરંતુ જો એવી જ હાલતમાં રહ્યો તો કઝા વાજિબ છે, કફ્ફારો નહીં. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : મૈયતના કઝા રોઝા થઈ ગયા

હતા તો એનો વારિસ–વાલી એના તરફથી ફિદયો આપે જ્યારે મૃત્યુ પામનારે વસિયત કરી હોય અને પોતાની પાછળ માલ પણ છોડયો હોય, નહીંતર વાલી (વારિસ) ઉપર જરૂરી નથી, આપે તો બેહતર છે. *(બહારે શરીઅત)*

## રોઝો તોડનારી તે બાબતોનું બયાન કે જેનાથી કફ્ફારો પણ જરૂરી છે

રમઝાનનો રોઝો જાણીબુઝીને તોડી નાખવાથી કફ્ફારો પણ જરૂરી છે. રોઝો તોડવાનો કફ્ફારો એ છે કે, એક લોંડી ગુલામ આઝાદ કરવી અથવા ૬૦ રોઝા બરાબર એકી સાથે રાખવા અને એ ન બની શકે તો **૬૦ મિસ્કીનોને પેટ ભરીને બે ટાઈમ ખાવા ખવડાવવું.** ૬૦ રોઝા રાખવાની પરિસ્થિતિમાં એક પણ રોઝો વચમાં ગમે ત્યાં છૂટી ગયો તો ત્યાંથી ફરીથી ૬૦ ગણવા. પહેલાં રાખેલા ગણાશે નહીં. (મતલબ લગાતાર સાઈઠ રોઝા થવા જોઈશું.) દા.ત. ૫૯ રાખ્યા હતા સાઈઠમો રાખ્યો ન હતો કે બીમાર વગેરે લાચારીને કારણે. તો ફરીથી એકી સાથે સાઈઠ રાખવા. પહેલાં ૫૯ રાખેલા બેકાર થયા. પરંતુ હા ! સ્ત્રીને હૈઝ આવે તે કારણે જેટલા દિવસો ન રાખી શકી તો તે છૂટેલા નહીં ગણાય અર્થાત પહેલાંના રોઝા તેમજ હૈઝની પછીના રોઝા એ એકી સાથે મળી સાઈઠ થતાં કફ્ફારો પૂરો થયો ગણાશે.

*–(રદુલ મુહ્તાર, બહાર, આલમગીરી)*

રોઝો તોડવાથી કફ્ફારો લાગુ પડવાની થોડીક શરતો છે :–

(૧) રમઝાન મહિનામાં રમઝાનનો રોઝો અદા કરવાની નિય્યતથી રોઝો રાખ્યો હોય. (૨) રોઝો રાખનાર મુકીમ હોય મુસાફર ન હોય. (૩) મુકલ્લફ હોય (એટલે કે આકિલ, બાલિગ હોય) (૪) રમઝાનના રોઝાની રાત્રે જ નિય્યત કરી હોય. જો રમઝાનના રોઝાની જેને તોડયો તેની દિવસે નિય્યત કરી છે તો તેનો કફ્ફારો નથી. (૫) રોઝો તોડયા પછી કુદરતી રીતે પોતાના કબ્જામાં હોય તેવી એવી કોઈ બાબત બની કે જેને કારણે રોઝો છોડવાની ઈજાઝત છે, જેમ કે હૈઝ કે નિફાસ આવ્યું કે બીમારી આવી પડી જેમાં રોઝો ન રાખવાની ઈજાઝત છે તો કફ્ફારો લાગુ પડશે નહીં. પરંતુ **રોઝો તોડયો પછી** એવી કોઈ બાબત બની કે જે પોતાના કબ્જા (ઈખ્તિયાર)માં હતી જેમ કે પોતે જ પોતાની જાતને ઝખ્મી કર્યો કે જેથી માઅઝૂર લાચાર બન્યો કે રોઝો રાખવા માટે શક્તિશાળી ન રહ્યો કે પછી મુસાફિર થઈ ગયો તો એવી બાબતોથી તેનો કફ્ફારો ઉતરશે નહીં, જેમ કે એ ચીજો ઈખ્તિયારી છે પોતે ધારતો તો તે ન કરતે. માટે કફ્ફારો આપવો જરૂરી રહેશે.

*(દુર્રે મુખ્તાર, આલમગીરી, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : રોઝદારે જાણીબુઝી કોઈક દવા પીધી કે ખોરાક ખાધો, પાણી પીધું કે સ્વાદ–મજા માટે કોઈ ચીજ ખાધી, પીધી અથવા સ્ત્રી, પુરૂષ સાથે શેહવતની ઉંમરે પહોંચી ગયેલ હોય તેના આગળ કે પાછળના મુકામમાં સંભોગ કર્યો ભલે વિર્ય નીકળ્યું કે નીકળ્યું અથવા તે રોઝદાર સાથે સંભોગ કરવામાં આવ્યો હોય એ બધીય હાલતોમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે.

**મસ્અલો** : કોઈક એવું કામ કર્યું કે જેના વડે રોઝો તૂટવાનો હુકમ લાગુ પડતો ન હોય પરંતુ એવું સમજી લીધું કે રોઝો તૂટી ગયો પછીથી જાણીબુઝીને ખાઈ, પી લીધું. દા.ત. નસ્તર મરાવ્યું કે લોહી ખેંચાવ્યું, સૂરમો લગાડયો, જાનવરથી સંભોગ કર્યો અથવા સ્ત્રીથી વાસના સાથે અડક્યો, ચુંબન કર્યું કે

સાથે સૂવડાવી પરંતુ એવા કૃત્યોથી વિર્ય નીકળ્યું નથી અથવા જાજરૂની જગ્યાએ સૂકી આંગળી નાખી હવે એ કામો પછી તેણે જાણીબુઝીને ખાઈ, પી લીધું તો એવી કોઈપણ પરિસ્થિતિમાં રોઝાની કઝા અને કફ્ફારો બંને જરૂરી છે. જો તે બધીય હાલતોમાં કે જેનાથી રોઝો છૂટવાનો ઈરાદો તો ન થતો હતો પરંતુ એણે છૂટી ગયાનો ખ્યાલ કરી લીધો (એટલે કે ઉપરના કોઈક કામથી રોઝો તૂટતો ન હતો પરંતુ એણે તૂટી જવાનો ખ્યાલ કરી લીધો) અથવા તો કોઈક મુફતીએ ફત્વો આપી દીધો હતો કે રોઝો તૂટી ગયો વળી તે મુફતી એવો હોય કે જેના ઉપર શહેરવાળા ભરોસો કરતા હોય તેનો ફત્વો આપવાથી તેણે જાણી બુઝીને ખાધું, પીધું અથવા એણે કોઈ હદીષ સાંભળી હતી જેનો ખરો અર્થ એ સમજી શક્યો નહીં અને એનો ખોટો અર્થ સમજીને સમજ્યો કે રોઝો તૂટી ગયો પછી જાણી બુઝીને ખાઈ, પી લીધું તો હવે કફ્ફારો જરૂરી નથી. ભલે પછી મુફતીએ ખોટો ફત્વો આપ્યો કે એણે જે હદીષ સાંભળી તેનો કોઈ સબૂત ન હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## એ બાબતોનું બયાન જેનાથી રોઝો તૂટતો નથી

**મસ્અલો** : ભૂલથી ખાધુ, પીધું કે સંભોગ કર્યો તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : માખી, મચ્છર, ધુમાડા, ધૂળ ગળામાં જતા રહેવાથી રોઝો નથી તૂટતો પરંતુ જાણી બુઝીને ધુમાડા લીધા તો રોઝો તૂટી જશે, પરંતુ એ ત્યારે કે રોઝદાર હોવાનું પોતાને યાદ હોય. (દા.ત. લોબાન, અગરબત્તી કે કોઈ ધુણી સળગાવી મોં તેની પાસે લઈ જઈ ધુમાડા નાકમાં ખેંચ્યા તો રોઝો તૂટી ગયો.)

**મસ્અલો** : ભરેલી સેંગી લગાડી, તેલ કે સૂરમો લગાડયો તો રોઝો ન તૂટયો ભલે તે કે સૂરમાનો સ્વાદ ગળામાં જણાતો હોય બલ્કે થૂંકમાં સૂરમાનો રંગ પણ જણાય તો પણ રોઝો તૂટશે નહીં.

*(રદ્દુલ મુહ્તાર, ઝૌહરા, બહાર)*

**મસ્અલો** : માખી ગળામાં જતી રહેવાથી રોઝો તૂટશે નહીં પરંતુ જાણી બુઝીને ગળી ગયો તો રોઝો તૂટી ગયો. *(આલમગીરી, બહાર)*

**મસ્અલો** : વાત કરવામાં થૂંકથી હોઠ ભીના થયા તે થૂંકને ગળી ગયો અથવા મોંમા ગળફો આવ્યો તેને ગળી ગયો તો રોઝો ન તૂટયો પરંતુ એવી બાબતોથી બચવું જરૂરી છે.

*(આલમગીરી, રદ્દુલ મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : દાંતોમાંથી લોહી નીકળી ગળા સુધી પહોંચ્યું પરંતુ ગળાથી નીચે ન ઉતર્યું તો રોઝો તૂટયો નહીં. *(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર)*

**મસ્અલો** : ભૂલથી ખાવા ખાઈ રહ્યો હતો યાદ આવતાં જ કોળિયો થૂંકી નાખ્યો તો રોઝો ન તૂટયો અને ગળી ગયો તો રોઝો તૂટી ગયો.

*(આલમગીરી)*

**મસ્અલો** : સુબ્હ સાદિક઼ શરૂ થવા પહેલાંથી ખાવા ખાઈ રહ્યા હતો ખાતાં ખાતાં સુબ્હ સાદિક઼ થવા લાગી, સુબ્હ સાદિક઼ શરૂ થતાં જ કોળિયો કાઢી નાખ્યો તો રોઝો ન તૂટયો પરંતુ ખાઈ ગયો તો તૂટી ગયો. *(આલમગીરી)*

**મસ્અલો** : તલ કે તલ બરાબરની કોઈક ચીજ દાંતો વડે ચાવી અને તે થૂંક સાથે ગળામાં ઉતરી ગઈ તો રોઝો ન તૂટયો પરંતુ એનો સ્વાદ ગળામાં જણાશે તો રોઝો તૂટી જશે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલો** : દવા વાટી કે આટો ચાર્યો એનો

સ્વાદ ગળામાં જણાયો તો રોઝો ન તૂટયો.

*(દુર્રે મુખ્તાર, ફત્હુલ કદીર વગેરે)*

**મસ્અલો** : ગીબત કરી અર્થાત બીજાની પીઠ પાછળ બુરાઈ કરી તો રોઝો ન તૂટયો જો કે ગીબત કરવી મહા ભયંકર પાપ છે. (કુર્આન શરીફમાં ગીબત કરનાર વિશે ફર્માવ્યું છે કે, "જેમ કે તે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય છે." અને હદીષ શરીફમાં છે કે, "ગીબત વ્યભિચારથી પણ ખરાબ છે.) ગીબતના કારણે રોઝાની નૂરાનિયત જતી રહે છે." *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : ચુંબન લીધું પરંતુ વિર્ય ન નીકળ્યું તો રોઝો ન તૂટયો, એવી જ રીતે સ્ત્રીની તરફ બલ્કે એની શર્મગાહ તરફ નજર કરી પરંતુ હાથ નથી લગાડયો છતાં વિર્ય નીકળી ગયું, ભલે વારંવાર જોવાથી સમાગમના વિચારો કરવાથી, કેમ કે વિચારોમાં રોઝો તૂટશે નહીં.

*(દુર્રે મુખ્તાર, ઝૌહરા)*

**મસ્અલો** : ઊંઘમાં વિર્ય સ્ખલન થયું તો રોઝો ન તૂટયો.

**મસ્અલો** : જનાબતની હાલતમાં સવાર કરી બલ્કે જો આખોય દિવસ નહાયા વિનાની હાલતમાં રહ્યો તો રોઝો તો થઈ જશે પરંતુ નાપાકીની હાલતમાં એટલે મોડે સુધી રહેવું કે નમાઝ કૃઝા થઈ જાય તે ગુનોહ અને હરામ છે. હદીષમાં છે કે જુનૂબ (નહાવાની હાજતવાળો) જે ઘરમાં હોય છે તેમાં રહમતના ફરિશ્તા આવતા નથી.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : પેશાબ પાખાનાની જગ્યાઓ સિવાયની જગ્યાએ સંભોગ કર્યો તો જ્યાં સુધી વિર્ય નથી નીકળ્યું રોઝો તૂટશે નહીં. એવી જ રીતે હસ્ત મૈથુનથી વિર્ય કાઢવામાં પણ જ્યાં સુધી વિર્ય ન નીકળે રોઝો તૂટશે નહીં. પરંતુ આવું કામ કરવું ભયંકર હરામ કૃત્ય છે. હદીષ શરીફમાં એવા માણસને મલઊન કહ્યો છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

## ★ જેનાથી રોઝો મકરૂહ થાય છે ★

**મસ્અલો** : જૂઠું બોલવું, ચાડી કરવી, ગીબત કરવી, ગાળો બોલવી, બેકાર બકવાસ કરવો, કોઈને તકલીફ આપવી આ વાતો આમ પણ હરામ અને નાજાઈઝ છે. રોઝામાં સખત હરામ અને નાજાઈઝ છે અને એવી વાતોથી રોઝો મકરૂહ થાય છે.

**મસ્અલો** : રોઝદારે વિના મજબૂરીએ કોઈક ચીજ ચાવવી કે ચાખવી મકરૂહ છે ચાખવા માટે મજબૂરીના બહાનાંઓ આ છે જેમ કે :–

(૧) ધણી કે માલિક ખરાબ સ્વભાવનો છે નમક–મીઠુ ઓછુ વત્તુ હશે તો તેના ગુસ્સાનો ભોગ બનવું પડશે, તો તે કારણે ચાખવામાં વાંધો નથી. ચાવવા માટેની મજબૂરીનું કારણ દા.ત. એટલું નાનું બાળક છે કે રોટલી નથી ખાઈ શકતો અને કોઈ નરમ ખોરાક નથી જે એને આપી શકાય, વળી ન તો કોઈ રોઝા વિનાનું માણસ ત્યાં હાજર છે કે જે ચાવીને આપી શકે તો બાળકને ખવડાવવામાં રોટલી વગેરે ચાવીને આપવામાં વાંધો નથી. (દુર્રે મુખ્તાર) ચાખવાનો અર્થ એ નથી જે આજકાલ રિવાજ પ્રમાણે બોલવામાં આવે છે કે કોઈ ચીજનો સ્વાદ જાણવા માટે તેમાંથી થોડી ખાઈ લેવામાં આવે છે એવું ચાખવાથી રોઝો મકરૂહ જ નહીં બલ્કે બિલકુલ જતો રહેશે (તૂટી જશે). વળી જો કફ્ફારાની શરતો લાગુ પડતી હશે તો કફ્ફારો પણ જરૂરી રહેશે, **ચાખવાનો મતલબ એ છે કે કોઈ ચીજને જીભ ઉપર ગળામાં કાંઈપણ જવા ન પામે તો નહીં તો રોઝો તૂટી જશે.**

**મસ્અલો** : કોઈ ચીજ ખરીદી અને એનું ચાખવું જરૂરી હોય, જો ન ચાખે તો નુકસાન થશે એમ હોય તો ચાખી શકે છે વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સ્ત્રીને ચુંબન કરવું, ગળે લગાડવી, શરીર સ્પર્શ કરવું મકરૂહ છે જયારે કે વિર્ય સ્ખલનનો ડર હોય અથવા સંભોગ થઈ જવાનો ડર હોય. સ્ત્રીના હોઠ કે જીભ ચૂંસવા રોઝાની હાલતમાં મકરૂહ છે ભલે વિર્ય સ્ખલન કે સંભોગનો ડર હોય કે ન હોય એ જ રીતે મુબાશિરતે ફાહેશા પણ મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : ગુલામ, મુશ્ક વગેરે સુગંધી સૂંઘવી, દાઢી, મૂંછમાં તેલ લગાડવું, સૂરમો લગાડવો મકરૂહ નથી પરંતુ જો સુંદરતા માટે સૂરમો લગાડયો કે દાઢીમાં તેલ એટલા ખાતર લગાડયું કે દાઢી વધી જાય હાલાં કે એક મુઠ્ઠી જેટલી છે તો આ બંને વાતો રોઝા વિના પણ મકરૂહ છે અને રોઝામાં એથી વધુ. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : વુઝૂ અને નહાવા સિવાય ઠંડક પહોંચાડવાના તલબથી કોગળા કરવા કે નાકમાં પાણી નાખવું કે ઠંડક માટે નહાવું બલ્કે શરીર ઉપર ભીંગવેલું કપડું લપેટવું મકરૂહ નથી. પરંતુ પરેશાની તકલીફ જાહેર કરવા કપડું લીલું કરી લપેટવું મકરૂહ છે એટલા કારણે કે ઈબાદતમાં દિલનું પરેશાન જાહેર થવું ઠીક વાત નથી.

*(આલમગીરી, રદુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મોં માં થૂંક ભેગું કરી ગળી જવું રોઝા વિનાની હાલતમાં પણ સારું નથી. રોઝામાં તો એ મકરૂહ છે.

*(આલમગીરી, બહાર, બહાવાલા કાનૂને શરીઅત)*

**નોંધ** : *રોઝા, ઝકાત, એ'તેકાફ...વગેરેની અધિક માહિતી માટે 'બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત' કિતાબનો અભ્યાસ કરવો. તેમજ અમારી વેબસાઈટ www.* ***barkatekhwaja.net*** *તથા* ***barkatekhwaja*** *એપ ડાઉનલોડ કરી સર્ચ કરશો. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મોઅતકિફ (એ'તેકાફ કરનાર) ફનાએ મસ્જિદમાં જઈ શકે છે (ફાયદો)

હઝરત સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી ખાં رحمۃ اللہ علیہ "બહારે શરીઅત"ના લેખક ફર્માવે છે : "ફનાએ મસ્જિદ એટલે જે જગા મસ્જિદથી બહાર એનાથી જોડાયેલી (સંકલિત) મસ્જિદની જરૂરિયાત માટે હોય છે, દા.ત. જોડા કાઢવાની જગા અને બાથરૂમ વગેરે એમાં જવાથી એ'તેકાફ તૂટશે નહીં."

આગળ લખે છે : "ફનાએ મસ્જિદ આ મામલામાં મસ્જિદના હુકમમાં છે." *(ફતાવા અમજદિયા, ૧/૩૯૯)*

મસ્જિદનો મીનારો પણ મસ્જિદ છે તેનો દરવાજો મસ્જિદની બાઉન્ડરીમાં હોય તો એ'તેકાફ કરનાર વિના સંકોચે જઈ શકે છે અને જો દરવાજો મસ્જિદ બહાર હોય તો કેવળ અઝાન આપવા માટે જઈ શકે છે કે અઝાન આપવી એ શરઈ જરૂરત છે. (**હવાલો** : *ફયૂઝાને એ'તેકાફ*)

એના જ અનુસંધાનમાં આ'લા હઝરત, મુજદ્દિદે દીનો મિલ્લત, શૈખુલ ઈસ્લામ વલ્ મુસ્લિમીન **ઈમામ અહમદ રઝા** મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

".....બલ્કે જ્યારે તે મદ્રસા મસ્જિદની હદોથી સાંકળેલા મસ્જિદની અંદર છે, તેમની વચ્ચે માર્ગ આડો નથી (જે એ મદ્રસાઓને મસ્જિદની ચાર દિવારીથી અલગ કરી દે પણ) કેવળ એક દીવાલથી સહેનોનો વિભાગ અલગ કરી દેવાયો છે તો એમાં જવું મસ્જિદથી બહાર જવું છે જ નથી, **એટલે સુધી કે એવી જગાએ મોઅતકિફે જવું જાઈઝ છે કે જાણે તે મસ્જિદનો એક ભાગ છે.**

**રદુલ મુહ્તારમાં બદાએઉસ્સનાએઅ્**ના હવાલાથી છે : જો એ'તેકાફ કરનાર મીનારા પર ચઢયો તો કશાય મતભેદ વિના તેનો એ'તેકાફ તૂટશે નહીં, કેમ કે મિનારો (એ'તેકાફ કરનાર) માટે મસ્જિદ (ના હુકમ)માં જ છે." *(ફતાવા રઝવિય્યહ્, ૩/૪૭૪)*

# દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ ખાતે.....
## ગોલ્ડન જ્યૂબિલી દસ્તારબંદીનો જશ્ન મનાવાયો

તા. ૧૦–૪–૨૦૧૯ બુધવાર રાત્રે ઈશા બાદ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ ખાતે ઈદારાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં દસ્તારબંદીના જલસામાં "ગોલ્ડન જ્યૂબિલી જશ્ન" હિંદુસ્તાનની મશહૂર ખાનકાહે બરકાતિયહ–મારહરા શરીફના સજ્જાદાનશીન હઝરત કિબ્લા અમીને મિલ્લત પ્રો. ડો. અમીન મિયાં સાહબ مدظلہ العالی ની સદારતમાં યોજાયો. અસરની નમાઝ બાદ ફારિગ થનાર આલિમાઓ માટે પર્દાની વ્યવસ્થા સાથે હઝરતની સરપરસ્તીમાં "ખત્મે બુખારી શરીફ"નો પ્રોગ્રામ "જામિઆ આઈશા સિદ્દીક઼ા અલબનાત"ના વિશાળ હોલમાં ઉલમા અવામની હાજરીમાં રાખવામાં આવ્યો જેમાં ક઼િર્અત તથા નઅત શરીફ બાદ આલે રસૂલ, ઔલાદે ગૌષે આ'ઝમ, ખતીબે બાકમાલ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ની શાનમાં શાનદાર બયાન કર્યું. બાદમાં ફાઝિલે નવજવાન હઝરત મૌલાના મુફ્તી સાબિર રંગૂની મિસ્બાહી (સદર મુફ્તી દારુલ ઈફ્તા દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા વ સદર દારુલ કઝા–ઈદારાએ શરઈય્યહ ભરૂચ–આમોદ)એ ઈલ્મી ગુફ્તગૂ તૌહીદ વિશે છેલ્લી હદીષ સંબંધે કરીને તેનો ખત્મ કરાવ્યો હતો. સલાતો સલામ દુઆ પર તેની પૂર્ણાહુતિ થઈ. જશ્નના ઈશા બાદના સેશનમાં દારુલ ઉલૂમની વિશાળ જલસાગાહમાં હજારો ભાઈઓ બહેનોની હાજરીમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "શાને ઈમામે આ'ઝમ" رضی اللہ عنہ પર શાનદાર બયાન કર્યું, પછી મૌલાના શમ્સુદ્દીન સાહબ (મકરાણા–રાજસ્થાન)એ ઈલ્મે દીન મેળવવા બાબતે અને આપવા બાબતે અવામ તથા ઉલમાને સજાગ થવા તાકીદ કરી હતી. અવામ ઉલમાની કદર કરે અને ઉલમા પોતાના મન્સબની જિમ્મેદારી ઈમાનદારીથી નિભાવી દીનો સુન્નિયતની લાગણી સાથે પઢાવે... વગેરે નસીહતો કરી હતી. ત્યારબાદ જનાબ ક઼ારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ કલામે રઝા "નેઅમતે બાંટતા" પઢીને હાજરીનનાં ઈમાન તાજા કરી દીધાં પછી દારુલ ઉલૂમ થામની પ્રશંસામાં નઝમ પઢી મજમાને ઝુમાવી દીધો હતો. ત્યારબાદ મર્હૂમ વલીભાઈ ગોરજી (બાની વ પૂર્વ નાઝિમે આ'લા)ની ખિદમતોની કદર કરતાં "મુફ્તીએ આ'ઝમે હિંદ–એવોર્ડ" તેમના ફરઝંદ હાલના નાઝિમે આ'લા હાજી દાઉદભાઈ ગોરજીને હઝરત અમીને મિલ્લતના મુબારક હાથે અર્પણ કર્યો હતો. એ જ પ્રમાણે મર્હૂમ હાજી સાહબના સાથી રહેલા જનાબ હાફિઝ અબ્દુલ્લાહ ઝંઘારવી (માજી મુદર્રિસ તથા હાલ નિગરાં)ને પણ સન્માનતાં હઝરતના હસ્તે "હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ" એવોર્ડ અર્પણ કરાયો. તેમજ જનાબ દાઉદભાઈ ગોરજીનું હઝરતના હસ્તે શાલ ઓઢાડી સન્માન કરાયું તથા હાફિઝ ઐયૂબ ચાંચવેલીનું પણ શાલ ઓઢાડી સન્માન કરાયું. બાદમાં સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે "ખોફે ખુદા અને ઉલમા" વિષયે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના નૂરાની જીવન પ્રસંગો વર્ણવી દિલને સ્પર્શતુ બયાન કર્યા બાદ "આ'લા હઝરત અને મારહરા શરીફ"ના નાતા પર રોશની નાખીને સાહિબે સજ્જાદા મારહરા હુઝૂર અમીને મિલ્લતનો તઆરૂફ કરાવ્યો હતો પછી હુઝૂર અમીને મિલ્લતે પણ નસીહતો તથા દુઆઓ કરી હતી. દારુલ ઉલૂમના અરાકીનને ગોલ્ડન જ્યૂબિલી પર મુબારકબાદ પેશ કરી હતી. અનેક લોકો ભાઈઓ બહેનો હઝરતના હાથ પર બયઅત પણ થયા હતા. છેવટે આ ખૂબ શાનદાર પ્રોગ્રામ સલાતો સલામ અને હઝરતની દુઆ પણ ખત્મ થયો હતો. *(રજૂકર્તા) તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

## ઈન્તેક઼ાલ પુરમલાલ

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) મુક઼ામે તા. ૨૭–૩–૨૦૧૯, ચાંદ ૧૯ રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૪૦ રવિવારના ના રોજ અમીનાબેન અહમદ ધીરજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) મુક઼ામે તા. ૪–૪–૨૦૧૯, ચાંદ ૨૭ રજબુલ મુરજ્જબ (શબે મેઅરાજની રાત્રે), હિ.સ. ૧૪૪૦ જુમેરાતના રોજ આઈશા ઐયૂબ અબ્દાલ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **ખોજબલ** : મુક઼ામે તા. ૭–૪–૨૦૧૯, ચાંદ ૨ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૦ રવિવારના રોજ હાફિઝ અ. રશીદ પટેલના વાલિદા રહીમા હાજી ઈસ્માઈલ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) મુક઼ામે તા. ૯–૪–૨૦૧૯, ચાંદ ૩ શાબાનુલ મુઅઝ્ઝમ, હિ.સ. ૧૪૪૦ મંગળવારના રોજ હાજી ઈબ્રાહીમ યૂસુફ છેલાઘરવાળા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તેમના પુત્ર માસુમ ઈબ્રાહીમ યૂસુફ છેલાઘરવાળા તરફથી ઈસાલે સવાબ અર્થે **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ને **રૂા. ૨૦૦૦/–** તથા હજીયાણી રાબીયા ઈબ્રાહીમ તરફથી **''ઈસ્લામિક વેલ્ફેર મિશન''**ને **રૂા. ૫૦૦૦/–** તેમજ ત્રણેવ સુન્ની મસ્જિદોમાં, દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી તથા કબ્રસ્તાન કમિટીને લિલ્લાહ ૫–૫ હજાર મળ્યા છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**હજ્જ પ્રોગ્રામ–૨૦૧૯**



**લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.**

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

| બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ A/c. No34620100000303 Razvi Kitab Ghar IFSC BARB0DAYADR | **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાનાં** ગત વર્ષ દરમિયાન વહેંચેલા અણમોલ પ્રકાશનો | Mo. 9427464411 (PhonePe/Paytm) |
|---|---|---|

| ક્રમ | કિતાબનું નામ | પેજીસ | પ્રત સંખ્યા | લેખક |
|---|---|---|---|---|
| ૦૧. | સીરતે રસૂલે અરબી ﷺ (ભાગ : ૧) | ૫૭૪ | ૩૦૦૦ | નૂર બખ્શ તવક્કુલી رحمۃ اللہ علیہ |
| ૦૨. | સીરતે રસૂલે અરબી ﷺ (ભાગ : ૨) | ૩૫૨ | ૩૦૦૦ | નૂર બખ્શ તવક્કુલી رحمۃ اللہ علیہ |
| ૦૩. | ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ | ૦૪૦ | ૩૦૦૦ | મૌલાના સુબ્હાનલ્લાહ કાદરી |
| ૦૪. | શરહે હદાઈકે બખ્શિશ (ભાગ : ૧) | ૪૪૦ | ૨૫૦૦ | મુફ્તી ગુલામહસન કાદરી |
| ૦૫. | પયગંબરે રહમત ﷺ તથા આપની તા'લીમાત | ૪૪૮ | ૨૫૦૦ | મૌલાના મુહમ્મદશાકિર નૂરી |
| ૦૬. | રાહતુલ કુલૂબ | ૧૫૬ | ૩૦૦૦ | મલ્ફૂઝાત હઝરત ખ્વાજા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ |
| ૦૭. | રાફઝી શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો | ૭૬ | ૩૦૦૦ | પટેલ શબ્બીર અલી રઝવી |
| | **અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા)નાં આગામી ઈલ્મી રૂહાની પ્રકાશનો** | | | |
| ૦૧. | જહન્નમના ખતરાઓ | ૧૪૪ | ૨૫૦૦ | અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ |
| ૦૨. | મિર્આતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (મિશ્કાત શરીફની શરહ) | ૫૬૮ | ૨૫૦૦ | મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ |
| ૦૩. | સીરતે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا | | ૩૦૦૦ | હાફિઝ મુહમ્મદસજ્જાદ રઝવી |
| ૦૪. | શરહે હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | | ૨૫૦૦ | મુફ્તી ગુલામહસન કાદરી |
| ૦૫. | સવાનેહે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ | | ૨૫૦૦ | સંપાદક : પટેલ શબ્બીર અલી |
| ૦૬. | મિર્આતુલ મનાજીહ (ભાગ : ૨) | | ૨૫૦૦ | મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ |

**અંજુમને રઝાએ મુસ્તફા** કે **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી વાર્ષિક **રૂા. ૬૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.

## :: બેંકથી મદદ માટે એકાઉન્ટ નંબરો ::

- ❑ **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000302)
- ❑ **ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000301)
- ❑ **પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરા** (BOB Dayadara Branch, A/c. No. 34620100000107)
- ❑ **મદ્રસા બરકાતે ખ્વાજા-આમોદ** (BOB Amod Branch, A/c. No. 16710100004533)

**નોંધ** : ડાયરેક્ટ બેંકના ખાતામાં જમા કરી અવશ્ય જાણ મેસેજ કે ફોનથી કરવી જેથી વિગતે રસીદ મોકલી શકાય.